આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૬૯ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

### વિરવલની અનસૂયા છાત્રાલયની દીકરીઓની અનોખી માનવસેવા

## 'સર, પૂરગ્રસ્તોને દાન માટે અમારી પાસે પૈસા તો નથી, પરંતુ...'



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૭ :** વલસાડ જિલ્લામાં આવેલા વિનાશક પૂરના કારણે હજારો પરિવારો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. આ વિકટ પરિસ્થિતિમાં અસરગ્રસ્તોને મદદરૂપ થવા અનેક સંસ્થાઓ આગળ આવી રહી છે, ત્યારે ધરમપુર પહેલ ચેરિટેબલ ટ્રસ્ટ અને અનસૂયા છાત્રાલય, વિરવલની આદિવાસી દીકરીઓએ માનવતાનું એક અનોખું અને પ્રેરણાદાયક ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ દીકરીઓએ રાહતકાર્યમાં પોતાનું યોગદાન આપવા માટે એક ટેમ્પો ભરેલા પૂર પીડિતોના કપડાં પોતાના હાથે ધોઈને અદભુત સેવા આપી છે.

આ સેવાયજ્ઞ પાછળનો દીકરીઓનો ભાવ અત્યંત સ્પર્શક અને હૃદયદ્રાવક હતો. છાત્રાલયની દીકરીઓએ તેમના શિક્ષક ઋષિત મસરાણીને ભાવુક સ્વરે કહ્યું હતું કે, 'સર, અમારી પાસે દાનમાં આપવા માટે પૈસા નથી, પરંતુ અમે પૂર પીડિતોના કપડાં ધોઈને તેમની સેવા કરવા માંગીએ છીએ.' દીકરીઓની આ નિઃસ્વાર્થ ભાવનાને સન્માન આપતાં તેમને આ સેવા કરવાની તક આપવામાં આવી હતી. દીકરીઓએ પણ કલાકો સુધી ભારે જહેમત ઉઠાવીને તમામ કપડાં સાફ કરી આપ્યા હતા.

પોતાની પાસે ભૌતિક સંપત્તિ ન હોવા છતાં, શારીરિક શ્રમ દ્વારા પૂરગ્રસ્તોની મદદ કરવાની આદિવાસી દીકરીઓની આ કરુણાભરી પહેલે સમાજને માનવતાની સાચી સેવાનો સુંદર સંદેશ આપ્યો છે. આ ઘટના એ વાતની સાબિતી આપે છે કે સેવા માટે માત્ર સંપત્તિની જ નહીં, પરંતુ સંવેદના અને નિઃસ્વાર્થ ભાવથી ભરેલા હૃદયની જરૂર હોય છે. સમાજમાં આ આદિવાસી દીકરીઓના આ ભગીરથ કાર્યની ચોમેર ભારે પ્રશંસા થઈ રહી છે.

## ટુકવાડા ડૂબ્યું કોના પાપે ?

મનોજ ભંડારી દ્વારા

ટુકવાડાગામમાં ત્રણ દિવસ પહેલાં પડેલા ભારે વરસાદ બાદ સર્જાયેલી પૂરની વિનાશક સ્થિતિએ વિકાસના નામે થયેલા બાંધકામો સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે કુદરતી પાણીના નિકાલના માર્ગો બંધ કરી દેવામાં આવતા આખું ગામ પૂરના પાણીમાં ગરકાવ થયું હતું.

વાપી મહાનગરપાલિકાના વુડા મા સમાવેશ કરાયેલા પારડી તાલુકાના નદીના કિનારે આવેલા ટુકવાડા ગામમાં આવેલી અવધ યુટોપિયા, હેલિકોનિયા સહિતની હાઈફાઈ સોસાયટીઓ તેમજ દેસાઈવાડ, ભંડારવાડ, ધામણીયું ફળિયું, નિશાળ ફળિયું, કુવી ફળિયું, માયાવંશી ફળિયું અને બાવરીમોરા સહિતના વિસ્તારોમાં મધરાતે કોલક નદીનું પાણી ધસી આવ્યું હતું. માત્ર બે-ત્રણ કલાકમાં જ સમગ્ર વિસ્તાર ખેદાનમેદાન થઈ ગયો હતો. અવધ યુટોપિયા સોસાયટીના અનેક બંગલાઓમાં એક માળ સુધી પાણી ભરાઈ ગયું હતું, જ્યારે અનેક મોંઘીદાટ કારો પાણીમાં તણાઈ ગઈ હતી. ગામના નીચાણવાળા વિસ્તારોમાં ૧૦થી ૧૨ ફૂટ સુધી પાણી ભરાતા લોકો જીવ બચાવવા માટે દોડધામ કરવા મજબૂર બન્યા હતા.

પૂરનું પાણી ઉતરી જતાં સમગ્ર વિસ્તારમાં કાદવ, કચરો અને વિનાશના દૃશ્યો જોવા મળ્યા હતા. ગ્રામજનોના જણાવ્યા મુજબ કરોડોના વિકાસના દાવા વચ્ચે વરસાદી પાણીના નિકાલની કોઈ અસરકારક વ્યવસ્થા જ ઉભી કરવામાં આવી નહોતી.

સ્થાનિક લોકોનો ગંભીર આક્ષેપ છે કે નવી હાઈફાઈ સોસાયટીઓના વિકાસ દરમિયાન આ સોસાયટી દ્વારા કેટલીક એટલે કે પાંચથી વધુ કુદરતી કાંસ, વરસાદી પાણીના નિકાલ માટેના માર્ગો તેમજ સિંચાઈ વિભાગની નહેરો ઉપર ગેરકાયદે પુરાણ કરવામાં આવ્યું હતું. જેના કારણે વરસાદી પાણી બહાર નીકળી શક્યું નહીં અને કોલક નદી અને આખા ગામને જળબંબાકાર સ્થિતિનો સામનો કરવો પડ્યો. જોકે, આ આક્ષેપોની સત્તાવાર પુષ્ટિ થઈ નથી અને તેની તપાસ થવી બાકી છે.

ગ્રામજનોમાં એવી પણ ચર્ચા છે કે ટુકવાડા અને સલવાવ ગામની આસપાસ બિલ્ડરો અને ભૂમાફિયાઓ દ્વારા કોલક નદી કિનારે આડેધડ પુરાણ કરી કુદરતી પર્યાવરણ સાથે ચેડાં કરવામાં આવ્યા છે. જો આક્ષેપો સાચા સાબિત થાય તો આ માત્ર કુદરતી આપત્તિ નહીં પરંતુ માનવસર્જિત હોનારત ગણાશે.

હવે ગ્રામજનો વલસાડ જિલ્લા કલેક્ટર, વહીવટી તંત્ર અને રાજ્ય સરકાર પાસેથી સમગ્ર ઘટનાની ઉચ્ચસ્તરીય તપાસ, ગેરકાયદે પુરાણ કરનાર તત્વોની ઓળખ અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી રહ્યા છે. લોકોનો સવાલ છે કે જો સમયસર કાર્યવાહી થઈ હોત તો શું ટુકવાડા ગામને આ વિનાશનો સામનો કરવો પડ્યો હોત? જોકે આ સોસાયટીમાં રહેતા માલેતુઝાર લોકો પોતાના બંગલામાં એક માળ સુધી પાણી આવી ગયા તેઓએ તેમના બંગલાના બીજા માળે પહોંચી રાત વિતાવી પરંતુ ટુંકવાડા ગામના અન્ય ફળિયામાં રહેતા ગરીબ અને મધ્યમ વર્ગના લોકો ના ઘરોમાં પાણી ઘૂસી જે નુકસાન થયું છે તે માટે કોણ જવાબદાર તેવા પ્રશ્ન ટૂકવાડાના લોકો કરી રહ્યા છે.

## વાપીમાં પૂરમાં ડૂબેલી કારોનો સર્વિસ સ્ટેશનોમાં ખડકલો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** ગુરુવારે રાતે આવેલા પૂરથી વાપી અને આસપાસના વિસ્તારોમાં પાર્ક કરેલી અનેક કારો પાણીમાં ડૂબી જતા મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. પૂરના પાણી ઓસર્યા બાદ હવે સર્વિસ સ્ટેશનો પર ડૂબેલી કારોનો ખડકલો જોવા મળી રહ્યો છે.

સંઘપ્રદેશ દમણ, સેલવાસ અને વાપી વિસ્તારને મળીને અંદાજે ૧૦૦૦થી વધુ ફોર વ્હીલર કારોને પૂરના કારણે નુકસાન પહોંચ્યું હોવાનો પ્રાથમિક અંદાજ છે. એન્જિનમાં પાણી ઘૂસી જવા, ઈલેક્ટ્રોનિક સિસ્ટમ ખોરવાઈ જવા અને આંતરિક ભાગોમાં કાદવ ભરાવાના કારણે મોટાભાગની કારો રિપેર માટે લાવવામાં આવી રહી છે. હાલ વાપીના વિવિધ સર્વિસ સ્ટેશન પર જ ૨૦૦ થી ૨૫૦ જેટલી ડૂબેલી કારો રિપેર માટે આવી ગઈ છે. મોટાભાગના ગેરેજ અને શોરૂમના વર્કશોપમાં પણ જગ્યા ખૂટી પડી છે.

કાર માલિકો પોતાની ગાડીઓને સલામત સ્થળે ખસેડવા માટે ટોવિંગની મદદ લઈ રહ્યા છે.

પૂરગ્રસ્ત કારોને લઈને હવે વીમા કંપનીઓમાં પણ ક્લેમનો ઢગલો થવા લાગ્યો છે. વીમા નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, ૫ વર્ષથી ઓછી જૂની કાર નીલ ડેપ કવર છે. તેમને IDV સુધીનું ૧૦૦ % વળતર મળશે. જ્યારે ૫ વર્ષથી વધુ જૂની કાર બેઝિક વીમો છે તેવા ગ્રાહકોને ઘસારો કપાશે. એટલે ૫૦ % જેટલું જ વળતર મળવાની શક્યતા. કારણ કે કંપની આઈડીવી માંથી ડે પ્રિકેશન કાપીને જ આપે જ્યારે ૫ વર્ષથી વધુ જૂની કારો છે તેઓને લીધેલ આઈડીબી ઘણા ગ્રાહકોને વીમાનું યોગ્ય વળતર ન મળે તો તેઓ ગ્રાહક સુરક્ષા કોર્ટમાં કેસ દાખલ કરી શકે છે તેવી કાનૂની સલાહ પણ નિષ્ણાતો આપી રહ્યા છે.

સર્વિસ સ્ટેશનના સંચાલકોનું કહેવું છે કે સ્પેરપાર્ટસની અછત અને કારીગરોના અભાવે રિપેરમાં ૧૫ થી ૨૦ દિવસનો સમય લાગી શકે છે.

સરકારે ઝડપથી વીમો મળે તે માટે જાહેરનામું બહાર પાડ્યું છે. સુરતના પૂર બાદ રાજ્ય સરકારે ઈન્સ્યુરન્સ કંપનીઓ અને સર્વેયર માટે ખાસ જાહેરનામું બહાર પાડ્યું હતું જેમાં કુદરતી આપત્તિની પૂર માં ડૂબતી નુકશાન પામેલ કાર કે અન્ય ઉત્પાદિત કંપનીઓ, દુકાનદારો વિગેરેના ક્લેમનો ઝડપથી નિકાલ લાવવા સૂચના આપેલી છે.

## ચણોદમાં માજી કોર્પો. સ્વ. મંજુ દાયમાની યાદમાં ૧૯મો રકતદાન શિબિર યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** વાપી નગરપાલિકાની માજી સભ્ય સ્વ. મંજુદાયમાની ૧૯મી પુણ્યતિથિએ તારીખ ૩૦-૭-૨૦૨૬ને ગુરૂવારના રોજ સવારે ૯:૦૦ થી ૫ : ૦૦ કલાક દરમિયાન વાપી ચણોદના રાજસ્થાન ભવન ખાતે રાજસ્થાન પ્રગતિ મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ વાપી દમણ સેલવાસ દ્વારા એક વિશાળ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજ્યના નાણાં અને શહેરી વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ, રાજસ્થાન ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ મુકેશભાઈ તેમજ માજી ધારાસભ્ય અભીનેશ મહર્ષિ અને વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્થાનિક કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

## પુનાટ આશ્રમમાં અનેક ગૌમાતાઓ તણાઈ જતાં શોકનું વાતાવરણ

### શ્રી અખંડાનંદ આશ્રમમાં પૂરની ભારે તબાહી, ગૌશાળાને મોટું નુકસાનઃ આરએસએસ અને વિશ્વ હિંદુ પરિષદે રાહત કાર્ય હાથ ધર્યું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૭ :** ઉમરગામ તાલુકાના પુનાટ સ્થિત શ્રી અખંડાનંદ આશ્રમ વચ્છરાજ ગીર ગૌશાળા ખાતે તાજેતરમાં પડેલા અતિભારે વરસાદને કારણે નદીમાં આવેલા પ્રચંડ પૂરના પ્રવાહે ભારે તારાજી સર્જી હતી. પૂરના જોરદાર પ્રવાહમાં ગૌશાળાની અનેક ગૌમાતાઓ તણાઈ જતાં આશ્રમ પરિવારમાં શોકની લાગણી વ્યાપી ગઈ હતી. જોકે આશ્રમમાં રહેતા નાના બાળકો તેમજ સ્થાયી સંતો-સાધ્વીઓનો ચમત્કારિક રીતે બચાવ થયો હતો. લગભગ ૩૬ કલાક સુધી આશ્રમ પાણી અને કાદવથી ઘેરાયેલો રહ્યો, જેના કારણે પૂજ્ય સંતો અને સાધ્વીઓને અત્યંત વિકટ પરિસ્થિતિમાં સમય પસાર કરવો પડ્યો હતો. સમગ્ર આશ્રમ પરિસરમાં ભારે પ્રમાણમાં કાદવ અને ગંદકી ફેલાઈ જતાં જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું હતું.

આ વિકટ સમયે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના સુરેશભાઈ પોતાના સ્વયંસેવકો સાથે સતત ત્રણ દિવસ સુધી આશ્રમમાં રહી રાહત અને સફાઈ કામગીરીમાં જોડાયા હતા અને આશ્રમને ફરી સામાન્ય સ્થિતિમાં લાવવા મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

આ ઉપરાંત વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળની ટીમ પણ આશ્રમ ખાતે પહોંચી હતી. પિયૂષભાઈ શાહ, અંકિતભાઈ શાહ, હિતેશભાઈ શાહ, રામભુવનભાઈ, ગિતેશભાઈ, ગૌતમભાઈ કિતાવત, રાજેશભાઈ નાવી અને પંડિતજીએ પૂજ્ય સંતો સાથે મુલાકાત કરી નુકસાનની વિગતવાર માહિતી મેળવી હતી. ત્યારબાદ વિશ્વ હિંદુ પરિષદના પ્રાંતમંત્રી રાજેશભાઈ રાણા સાથે સંતોની ટેલિફોનિક વાતચીત કરાવવામાં આવી હતી, જેમાં આશ્રમમાં સર્જાયેલી ભારે તબાહીની જાણકારી આપવામાં આવી હતી. પરિસ્થિતિની ગંભીરતા ધ્યાનમાં રાખી રાજેશભાઈ રાણાએ આશ્રમને સરકાર તરફથી મળવાપાત્ર સહાય અને રાહત ઝડપથી મળી રહે તે માટે જરૂરી સહયોગ આપવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.વિશ્વ હિંદુ પરિષદના કાર્યકરોએ આશ્રમમાં બિસ્કિટ અને પીવાના પાણીનું વિતરણ કર્યું હતું. સાથે જ કાર્યકરો તેમજ માતા-બહેનોએ સફાઈ અભિયાનમાં જોડાઈ આશ્રમને ફરી સ્વચ્છ બનાવવા માટે શ્રમદાન કર્યું હતું. આ મુશ્કેલ સમયમાં વિવિધ સેવાભાવી સંસ્થાઓ અને સ્વયંસેવકો દ્વારા કરવામાં આવેલી સેવા કામગીરીને સ્થાનિક લોકોએ બિરદાવી હતી.

### દમણમાં ડિજિટલ કન્ટેન્ટ સર્જકો સાથે બેઠક યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૭ :** માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા આયોજિત રાષ્ટ્રીય ડિજિટલ કન્ટેન્ટ ક્રિએટર સ્પર્ધાના ભાગ રૂપે સોમવારે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ડિજિટલ કન્ટેન્ટ ક્રિએટર્સ અને મીડિયા પ્રતિનિધિઓ સાથે એક બેઠક યોજાઈ હતી.

બેઠકમાં, ડેપ્યુટી કલેક્ટર પ્રિયાંશુ સિંહે સ્પર્ધા વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે સ્થાનિક સામગ્રી નિર્માતાઓ તેમના વીડિયો દ્વારા દમણની સંસ્કૃતિ, વારસો, પર્યટન, પરંપરાઓ અને વિશેષ સિદ્ધિઓને રાષ્ટ્ર અને વિશ્વ સમક્ષ રજૂ કરી શકે છે. આનાથી દમણને રાષ્ટ્રીય સ્તરે એક નવી ઓળખ મળશે.

તેમણે જણાવ્યું હતું કે દરેક જિલ્લામાંથી પસંદ કરાયેલા દસ સહભાગીઓને રૂા. ૫૦,૦૦૦ ના ઈનામો આપવામાં આવશે. વધુમાં, માહિતી અને પ્રસારણ મંત્રાલય શ્રેષ્ઠ જિલ્લા-સ્તરીય પ્રવેશને રૂા. ૨ લાખ અને કેન્દ્રશાસિત પ્રદેશ સ્તરે શ્રેષ્ઠ પ્રવેશને રૂા. ૫ લાખનું ઈનામ આપશે. મીટિંગમાં, ડિજિટલ કન્ટેન્ટ સર્જકોને સ્પર્ધાના નિયમો, નોંધણી પ્રક્રિયા અને વિડિઓ નિર્માણના ધોરણો વિશે માહિતી આપવામાં આવી હતી.

તેમને આ સ્પર્ધામાં ભાગ લેવા અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે દમણની સાંસ્કૃતિક અને પર્યટન ઓળખને પ્રોત્સાહન આપવા માટે પણ વિનંતી કરવામાં આવી હતી.

### ચલા રંગ કુટિરમાં ગુરુપૂર્ણિમા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** શ્રી રંગ કુટિર, ચલા-વાપી ખાતે બુધવાર તા. ૨૯-૦૭-૨૦૨૬ના રોજ ગુરુપૂર્ણિમાના પાવન પર્વ નિમિત્તે પાદુકા પૂજનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમ અંતર્ગત સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ વાગ્યા સુધી પાદુકા પૂજન કરવામાં આવશે. ત્યારબાદ બપોરે ૧૨:૦૦ થી ૨:૦૦ વાગ્યા સુધી સર્વ ભક્તો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. આયોજકો દ્વારા સર્વ ભક્તોને પધારવા માટે હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. કાર્યક્રમમાં સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ પાદુકા પૂજન, બપોરે ૧૨:૦૦ થી ૨:૦૦ મહાપ્રસાદનું આયોજન શ્રી રંગ પરિવાર, ચલા-વાપી દ્વારા કરવામાં આવ્યું છે.

**નેમિનાથ ટ્રેડર્સ**




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 / 9825390301

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

## નવનાથ ધામ, દેવસર, બીલીમોરા ખાતે પ.પૂ. છોટેદાદાના સાનિધ્યમાં ભવ્ય ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવાશે




ભારતીય સનાતન સંસ્કૃતિમાં ગુરુપૂર્ણિમા ગુરુ પ્રત્યેની શ્રદ્ધા, સમર્પણ અને આધ્યાત્મિક જાગૃતિનો મહાપર્વ છે. ગુરુ-શિષ્ય પરંપરાના આ દિવ્ય અવસરે નવનાથ ધામ, બીલીમોરા ખાતે ૨૯મી જુલાઈ, બુધવારના રોજ ભવ્ય ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવાશે. દર વર્ષે હજારો શ્રદ્ધાળુઓ આત્મિક આકર્ષણથી નવનાથ ધામ પધારી પૂજ્ય શ્રી છોટેદાદાના પાવન દર્શન, આશીર્વાદ અને સત્સંગનો લાભ લે છે. તેમના પ્રેરણાદાયી આધ્યાત્મિક પ્રવચનો જીવનમાં સદાચાર, સંસ્કાર અને આત્મકલ્યાણનો માર્ગ ઉજાગર કરે છે તથા માનવને મહામાનવ બનવાની પ્રેરણા આપે છે. શ્રી મત્સ્યેન્દ્રનાથ-શ્રી ગોરક્ષનાથ, શ્રી રામકૃષ્ણ પરમહંસ-શ્રી સ્વામી વિવેકાનંદ જેવી મહાન ગુરુ-શિષ્ય પરંપરાઓ ભારતીય આધ્યાત્મિક વારસાની અમૂલ્ય ધરોહર છે. આ જ પરંપરાના મૂલ્યોને જીવંત રાખતો ગુરુપૂર્ણિમાનો આ પાવન ઉત્સવ સૌ માટે આધ્યાત્મિક ઉર્જા અને દિવ્ય અનુભૂતિનો અવસર છે. મહોત્સવ દરમિયાન તમામ ભાવિકો માટે નવનાથ ધામના માઁ વિમલા અખૂટ અન્નક્ષેત્રમાં મહાભંડારાની સુવિધા ઉપલબ્ધ રહેશે. આપ અને આપના પરિવારને આ પવિત્ર અવસરે નવનાથ ધામ, બીલીમોરા પધારી ગુરુકૃપા, સત્સંગ અને દિવ્ય વાતાવરણનો લાભ લેવા ભાવભર્યું હાર્દિક આમંત્રણ છે.

**તા. ૨૯/૦૭/૨૦૨૬, બુધવાર**
**સ્થળ : શ્રી નવનાથ ધામ, બીલીમોરા, ગુજરાત**

**પ્રવચન : સવારે ૧૧:૩૦ કલાકેથી**
**મહાભંડારો : બપોરે ૦૧:૩૦ કલાકેથી**
**રાત્રે ૧૨ : ૦૦ કલાક સુધી અવિરત ચાલુ રહેશે**

પત્રકારત્વ એ માત્ર સમાચાર આપવાનું માધ્યમ
નથી પણ સમાજસેવાનું ઉત્તરદાયિત્વ પણ છે

# બીલીમોરાના વિસ્તારોમાં પીવાના પાણીના ટેન્કરો દોડાવ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા.૨૬ :** ઉપરવાસ સહિત ગણદેવી-બીલીમોરા વિસ્તારમાં પડાધર પડેલા ધોધમાર અને સાંબેલાધાર વરસાદને કારણે ગુરુવારે સમગ્ર વિસ્તાર જળબંબાકાર બન્યો હતો.

શહેરના મુખ્ય રાજમાર્ગો અને નીચાણવાળા વિસ્તારો પૂરના પાણીમાં ગરકાવ થઈ ગયા હતાં. ઘરો તેમજ વેપારીઓની દુકાનોમાં ગળાડૂબ પાણી ઘૂસી જતાં લોકોનો કિંમતી માલ-સામાન પલળીને ખાખ થઈ ગયો હતો. જળ-લયની આ સ્થિતિમાં લોકો માટે ભોજન અને ખાસ કરીને શુદ્ધ પીવાના પાણીની ભારે કટોકટી ઊભી થઈ હતી. આવી મુશ્કેલ પરિસ્થિતિમાં પત્રકારો માત્ર ઘટનાઓનું સર્વેક્ષણ કે અહેવાલ જ જનતા સુધી પહોંચાડતા નથી, પરંતુ મુશ્કેલીના સમયે લોકોની પડખે ઊભા રહી તેમના દિલમાં પણ સ્થાન મેળવે છે, એ વાત ગણદેવી તાલુકા પત્રકાર સંઘે સાર્થક કરી બતાવી છે.પૂરના પાણી ઓસરી ગયા બાદ ચારેય તરફ શુદ્ધ પીવાના પાણીની વિકટ સમસ્યા સર્જાઈ હતી. આ પરિસ્થિતિને ધ્યાને રાખી રવિવારે ગણદેવી તાલુકા પત્રકાર સંઘના પ્રમુખ ભાવિન પટેલ અને તેમની ટીમે એક ત્વરિત અને માનવીય નિર્ણય લીધો હતો.પત્રકાર સંઘ દ્વારા બીલીમોરા અને આસપાસના પૂરગ્રસ્ત વિસ્તારોમાં શુદ્ધ પીવાના પાણીના ટેન્કરો રવાના કરવામાં આવ્યા હતાં. સુચારુ આયોજનના ભાગરૂપે દરેક ટેન્કર સાથે પત્રકાર સંઘના બે-બે પ્રતિનિધિઓ જાતે સ્થળ પર હાજર રહ્યા હતાં અને શિસ્તબદ્ધ રીતે પાણીનું વિતરણ કરાવ્યું હતું.

પત્રકાર સંઘ દ્વારા ઉંડાચ, વાઘરેચ, ભાઠા અને તલીયારા જેવા ગ્રામ્ય વિસ્તારો તેમજ બીલીમોરાના ઓરિયામોરા અને દેસરા સહિતના અન્ય નીચાણવાળા પૂરગ્રસ્ત વિસ્તારોમાં પીવાના પાણીના ટેન્કરો અને ૨૦-૨૦ લિટરના મિનરલ વોટરના કેલબા પહોંચાડવામાં આવ્યા હતા. આ વિકટ અને સંકટના સમયે પત્રકારોએ જાતે જઈને ઘર-આંગણે શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડતાં સ્થાનિક રહીશોએ ભાવુક બની ગણદેવી તાલુકા પત્રકાર સંઘનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આ ભગીરથ સેવાકાર્યને સફળ બનાવવામાં બીલીમોરા બીલી નાકા સ્થિત ઍભ ગેસ એજન્સી, બીલીમોરા નગરપાલિકા અને મહાવીર વૃદ્ધાશ્રમ તરફથી સુંદર સહયોગ પ્રાપ્ત થતા ગણદેવી તાલુકા પત્રકાર સંઘે આ તમામ સંસ્થાઓનો દિલથી આભાર વ્યક્ત કર્યો હતો.

# નવસારીના પૂરગ્રસ્ત વિસ્તારોમાં ભારતીય સેનાએ ૬૩ લોકોને ઉગાર્યા





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા.૨૭ :** નવસારી જિલ્લામાં પૂરની વિકટ પરિસ્થિતિ વચ્ચે ભારતીય સેનાના જવાનો સ્થાનિક લોકો માટે સાચા અર્થમાં 'દેવદૂત' સાબિત થયા છે. જિલ્લાના રિંગ રોડ, ટાટા હાઈસ્કૂલ તેમજ આસપાસના જળબંબાકાર વિસ્તારોમાં પાણીના ભારે પ્રવાહ વચ્ચે ફસાયેલા આશરે ૬૩ જેટલા નાગરિકોને સેનાની ટીમે અત્યંત જોખમી સંજોગોમાં સફળતાપૂર્વક રેસ્ક્યૂ કરી સલામત સ્થળે ખસેડ્યા હતાં. જીવન બચાવવાની આ સરાહનીય કામગીરી સાથે જવાનોએ માનવતા દાખવી પૂરપીડિતો સુધી રાશન-ફૂડ પેકેટ્સ, પીવાનું શુદ્ધ પાણી અને જરૂરી ઈમરજન્સી દવાઓનું વિતરણ કરીને કપરા સમયે વ્યાપક રાહત પૂરી પાડી હતી.

મન્નત કા રાજા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા

# બીલીમોરામાં પુરગ્રસ્તો માટે બે દિવસમાં ૧૧૨૦૦ ફૂડ પેકેટોનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા.૨૭ :** દક્ષિણ ગુજરાત અને બીલીમોરા પંથકમાં સતત ભારે વરસાદને કારણે સર્જાયેલી જળબંબાકારની વિકટ પરિસ્થિતિમાં અનેક પરિવારો પૂરના પાણીમાં ફસાઈ જતાં ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. આવી કપરી સ્થિતિમાં 'મન્નત કા રાજા ચેરિટેબલ ટ્રસ્ટ' દ્વારા માનવસેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. ટ્રસ્ટના સેવાભાવી કાર્યકરોએ પોતાના જીવના જોખમે અનેક વિસ્તારોના જળમગ્ન માર્ગોમાંથી પસાર થઈને જરૂરિયાતમંદ લોકો સુધી સમયસર ભોજન પહોંચાડવા દિવસ-રાત એક કર્યા હતા. બીલીમોરાના પાણીથી ઘેરાયેલા પૂરગ્રસ્ત વિસ્તારોમાં ઘરોઘર જઈને કોઈ વ્યક્તિ ભૂખ્યો ન સૂવે તે માટે સ્વયંસેવકોએ રાહત સામગ્રી અને ભોજન પહોંચાડવાની કામગીરીને પ્રથમ પ્રાથમિકતા આપી સેવાયજ્ઞ આદર્યો હતો.

આ રાહત ઝુંબેશ અંતર્ગત ટ્રસ્ટ દ્વારા ગુરુવારે બપોરે ૧,૨૦૦ ખમણ-પાવના પેકેટો અને રાત્રે ૪,૦૦૦ મસાલા રાઈસના ફૂડ પેકેટોનું પૂરપીડિતોમાં વિતરણ કરવામાં આવ્યું હતું. પૂરના પાણી ઓસર્યા બાદ પણ મુશ્કેલીમાં મુકાયેલા લોકો માટે શુક્રવારે સેવા ચાલુ રાખી બપોરે વધુ ૬,૦૦૦ મસાલા રાઈસના ફૂડ પેકેટો પહોંચાડાયા હતા. આમ, માત્ર બે જ દિવસમાં ટ્રસ્ટ દ્વારા કુલ ૧૧,૨૦૦ ફૂડ પેકેટોનું વિતરણ કરી હજારો લોકોને આશરો અને રાહત પૂરી પાડવામાં આવી હતી. સેવા એ જ અમારો ધર્મ છે અને આપત્તિના સમયે સમાજની સાથે ઊભા રહેવું એ અમારી નૈતિક જવાબદારી છે તેવા સંકલ્પ સાથે કરાયેલી આ નિઃસ્વાર્થ સેવા બદલ સ્થાનિક નાગરિકોએ ટ્રસ્ટની કામગીરીને બિરદાવી હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

# બીલીમોરામાં હાશમી કમિટી દ્વારા પૂરપીડિત ૧૦૦ પરિવારોને કીટનું વિતરણ કરાયું




**બીલીમોરા, તા.૨૭ :** 'માનવધર્મ એ જ સદધર્મ' અને કોમી એકતાના પ્રતીક સમું સુંદર ઉદાહરણ બીલીમોરાના પૂરગ્રસ્ત વિસ્તારમાં જોવા મળ્યું હતું. ઉના સ્થિત સૈયદ હાજી મહંમદ શફી બાપુ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત હાશમી કમિટી, બીલીમોરા દ્વારા પૂરની વિકટ પરિસ્થિતિમાં ભાઈચારાની સુવાસ પ્રસરાવી રાહત કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. તાજેતરમાં આવેલા વિનાશક પૂરથી પ્રભાવિત વિસ્તારોમાં હાશમી કમિટીના સેવાભાવી સભ્યોએ ભેદભાવ વિના આગળ આવીને ૧૦૦ હિન્દુ અને મુસ્લિમ પરિવારોને રાશન તથા ઘરવખરીની જીવનજરૂરી કીટોનું વિતરણ કર્યું હતું.પૂરના પાણી ઘૂસી જવાથી સર્જાયેલી ખુવારી વચ્ચે આ મદદ પીડિત પરિવારો માટે મોટો આશરો બની રહી હતી.

આ સેવાકીય પ્રસંગે તાજ કોર્નરના હનીભાઈ મેમણ તથા ગનીભાઈ અગરબત્તીવાળા સહિત ટ્રસ્ટના હોદ્દેદારો, સભ્યઓ અને અગ્રણી મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સંકટની આ ઘડીમાં ધર્મ કે જાતિના વાડા ભૂલીને કરાયેલા આ ભગીરથ કાર્યને સ્થાનિક નાગરિકોએ ખૂબ બિરદાવ્યું હતું અને કોમી સૌહાર્દની આ પહેલની સર્વત્ર પ્રશંસા થઈ રહી છે.

# વાંસદાના જૂજ અને કેલીયા બંને ડેમ ઓવરફ્લો થયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાંસદા, તા.૨૭ :** વાંસદા સહિત ઉપરવાસમાં વરસી રહેલા અવિરત વરસાદના કારણે જૂજડેમ અને કેલિયા ડેમ ઓવરફ્લો થયા હતાં. જુજડેમ વાંસદા સહિત હજારો ખેડૂતોની જીવાદોરી સમાન છે જે ચોમાસાના આશીર્વાદથી છલકાતો માત્ર પાણીનો જળાશય નથી, પરંતુ વાંસદાની જીવાદોરી છે. આ જળસંપતિ ખેડૂતોના ખેતરો હરિયાળા, ગામોમાં સમૃદ્ધિ અને દરેકના ચહેરા પર આશા લઈને આવે છે. ડેમ ભરાય એટલે વાંસદાનું ભવિષ્ય હરિયાળું બને છે. જ્યારે કેલિયા ડેમનો લાભ વાંસદા સહિત ચીખલી તાલુકાને પણ થાય છે. વરસાદની સતત આગાહીના પગલે વહીવટી તંત્ર દ્વારા જુજ અને કીલિયા ડેમને અસરગ્રસ્ત નિચાણવાળા ગામોને નદી પટ વિસ્તારમાં બિનજરૂરી અવર-જવર નહીં કરવા સૂચન કરાયું હતું.

# બીલીમોરા પાલિકા ખાતે પૂર પરિસ્થિતિની સમીક્ષા બેઠક યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા.૨૭ :** નવસારી જિલ્લામાં ભારે વરસાદ અને તેના કારણે સર્જાયેલી પૂરની પરિસ્થિતિ બાદ રાહત તેમજ પુનઃસ્થાપન કામગીરીને વેગ આપવા માટે રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલની અધ્યક્ષતામાં બીલીમોરા નગરપાલિકા ખાતે એક ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી.

બેઠકમાં મંત્રીએ જિલ્લાના પૂરથી અસરગ્રસ્ત વિવિધ વિસ્તારોમાં થયેલા નુકસાનની વિગતવાર સમીક્ષા કરી હતી. પૂરગ્રસ્ત લોકોને ત્વરિત રાહત પહોંચાડવા માટે તંત્રને નીચે મુજબની મહત્વપૂર્ણ સૂચનાઓ આપવામાં આવી હતી. કેશડોલ સહાયનું વિતરણ વહેલી તકે પૂર્ણ કરવું અને પશુમરણના કેસોમાં સમયસર વળતર આપવું. અસરગ્રસ્ત મકાનોનો ચોક્કસ સર્વે કરી સહાય ચૂકવણીમાં કોઈ વિલંબ ન થાય તે સુનિ?િત કરવું. પૂર બાદ રોગચાળો ન ફેલાય તે માટે અસરગ્રસ્ત વિસ્તારોમાં સઘન સ્વચ્છતા અભિયાન ચલાવવું, તમામ નાગરિકો સુધી પીવાનું શુદ્ધ અને પર્યાપ્ત પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરવી. રાજ્ય સરકાર પૂરગ્રસ્ત પરિવારોની સાથે મજબૂતપણે ઊભી છે. સરકારી ધારાધોરણો મુજબ દરેક હકદાર લાભાર્થીને સમયસર સહાય મળી રહે તે માટે સરકારી તંત્રે સંવેદનશીલતા અને ઝડપથી કામગીરી કરવી જરૂરી છે. નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરુવાનીએ જિલ્લામાં ચાલી રહેલી પુનઃસ્થાપન કામગીરીની વિગતો આપતાં જણાવ્યું હતું કે, પ્રવર્તમાન નિયમો અનુસાર તમામ અસરગ્રસ્તો સુધી રાહત પહોંચાડવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. સર્વે આવાસ સહાય અને આરોગ્ય વિષયક સેવાઓ સતત મોનિટર કરવામાં આવી રહી છે.આ સમીક્ષા બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ તેમજ સ્થાનિક જનપ્રતિનિધિઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં.

# નવસારી જિલ્લામાં ભારે વરસાદ બાદ વીમા કંપનીઓને વીમાકલેમ ઝડપી નિકાલ કરવા અનુરોધ

**નવસારી, તા.૨૭ :** નવસારી જિલ્લામાં તાજેતરમાં થયેલા ભારે વરસાદને કારણે મોટર વાહનો, રહેણાંક/વાણિજ્યિક મિલકતો, સ્ટોક-ઈન-ટ્રેડ અને અન્ય વીમાકૃત સંપત્તિઓ સહિત વિવિધ મિલકતોને વ્યાપક નુકસાન થયું છે. અસરગ્રસ્ત નાગરિકોને સમયસર રાહત આપવા અને સામાન્ય સ્થિતિને વહેલી તકે પુનઃસ્થાપિત કરવા માટે વીમા દાવાઓનું તાત્કાલિક સર્વેક્ષણ અને પ્રક્રિયા પુર્ણ થાય તે માટે જિલ્લા કલેકટરે તમામ જનરલ ઈન્શ્યોરન્સ કંપનીઓને તાત્કાલિક અસર જરૂરી પગલાઓ લેવા અનુરોધ કર્યો છે. જેમાં પૂર દાવા માટે સમર્પિત હેલ્પડેસ્ક સ્થાપિત કરવા અને હેલ્પલાઈન નંબરો અને ઈમેઈલ આઈડી તથા જિલ્લા નોડલ અધિકારીને નિયુક્ત કરીને નામ, મોબાઈલ નંબર, ઈમેઈલ આઈડી, ઓફિસ સરનામા સાથેની વિગતો dashboardinsurancenavsari@gmail.com પર મોકલી આપવાની રહેશે. વધુ માહિતી માટે આરટીઓ અધિકારી આકાશ પટેલ મો. ૭૫૭૪૮૫૧૬૬૯ તથા એમ.ડી. ચૌધરી ૯૬૮૭૭૩૫૧૯૧ નો સંપર્ક કરવાનો રહેશે.

કામગીરી ઝડપી થાય તે માટે વીમા કંપનીઓએ પર્યાપ્ત લાઈસન્સ પ્રાપ્ત સર્વેયરો, દાવા અધિકારીઓ અને સહાયક કર્મચારીઓ ધરાવતી સમર્પિત પ્રતિભાવ ટીમોની રચના કરવા, જનરલ ઈન્શ્યોરન્સ કંપનીઓ વર્તમાન પરિસ્થિતિને આપત્તિ પ્રતિભાવની પરિસ્થિતિ તરીકે ગણીને જરૂરી પગલાઓ લેવાના રહેશે. દાવાઓના મૂલ્યાંકન અને પ્રક્રિયાને પ્રાથમિકતા આપીને જ્યાં શક્ય હોય ત્યાં, અસરગ્રસ્ત વિસ્તારો, અધિકૃત વર્કશોપ અને ગેરેજમાં મોબાઈલ સર્વે ટીમો તૈનાત કરવા જણાવ્યું છે. દાવાની ડિજિટલ નોંધણી અને દસ્તાવેજો ઓનલાઈન સબમિટ કરવાની સુવિધા આપવામાં આવે અને દાવાની નોંધણીની પ્રક્રિયાને સરળ બનાવીને વીમા કંપનીઓ શક્ય હોય ત્યાં દાવાની પ્રક્રિયા માટે ડિજિટલ પુરાવા/જીઓ ટેગવાળા ફોટો પુરાવા પણ સ્વીકાર કરવાનો અનુરોધ કર્યો છે. આ સંદર્ભે યોગ્ય કાળજી લેવા, વીમા સર્વેક્ષણ પ્રક્રિયા દાવાના ૭૨ કલાકથી વધુ વિલંબિત ન થાય તે માટે કાર્ય કરવાનો અનુરોધ કર્યો છે. આ દાવાઓની પ્રક્રિયા કરવા માટે FIR માટે જ્યાં પણ જરૂર પડશે, પોલીસ વિભાગ તરફથી સહાય પૂરી પાડવામાં આવશે. તમામ જનરલ ઈન્શ્યોરન્સ કંપનીઓને દૈનિક અહેવાલ DDMA, નવસારીને ઈમેઈલ દ્વારા dashboardinsurancenavsari@gmail.com પર મોકલવા જણાવાયુ છે.

# સાપુતારા ખાતે ૨૦૦ પદયાત્રીઓનું સ્વાગત કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સાપુતારા, તા.૨૭ :** ગુરુ પૂર્ણિમાનાં પાવન અવસરે ગુરુ-શિષ્ય પરંપરાના પવિત્ર ઉત્સવ નિમિત્તે મહારાષ્ટ્રનાં નિફાડથી આશરે ૨૦૦ જેટલા પદયાત્રીઓ ડાંગ જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ બિલમાળ અર્ધનારીશ્વર નાગેશ્વર ધામ ખાતે દર્શનાર્થે પહોંચશે.આ પદયાત્રીઓ આજે ડાંગ જિલ્લાનાં સાપુતારા ખાતે પહોંચતા સ્થાનિક આગેવાનો દ્વારા તેમનું ઉષ્માભર્યું અને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે કાળુભાઈ મીના દ્વારા તમામ યાત્રાળુઓ માટે ભંડારાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં યાત્રિકોએ પ્રસાદરૂપે ભોજનનો લાભ લીધો હતો.ડાંગ જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં આવેલુ બિલમાળ અર્ધનારેશ્વર નાગેશ્વર ધામ ભાવિક ભક્તોમાં વિશેષ આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર છે. દર વર્ષે ગુરુ પૂર્ણિમાના પાવન અવસરે અહીં હજારો શ્રદ્ધાળુઓ દર્શન અને પૂજનનો લાભ લેવા ઉમટી પડે છે.આ વર્ષે પણ ગુરુ પૂર્ણિમા નિમિત્તે મંદિર ટ્રસ્ટ દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમો, પૂજન-અર્ચન તેમજ ભક્તિમય આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહેવાની સંભાવના છે. ભોજન પ્રસાદ બાદ રમેશભાઈ બોરસ્તે તથા સેવાભાવી કાર્યકરો દ્વારા પદયાત્રીઓને શુભકામનાઓ સાથે તેમની આગામી યાત્રા માટે વિદાય આપવામાં આવી હતી.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૨૮-૦૭-૨૦૨૬, **વાર :** મંગળવાર **તિથિ :** અષાઢ, ૧૪, **સૂર્યોદય :** ૦૬ : ૧૦ **સૂર્યાસ્ત** ૦૭ :૨૦, **ચંદ્રોદય** - ૦૫:૬૦ **ચંદ્રાસ્ત** - ૦૪:૪૧ **ચંદ્ર રાશિ :** મકર, **નક્ષત્ર** - શ્રવણ

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજનો દિવસ તમારા માટે ઉર્જાવાન રહેશે. કાર્યસ્થળ પર તમારી મહેનત રંગ લાવશે અને ઉપરી અધિકારીઓ તમારા કામની -શંસા કરશે. પરિવાર સાથે સારો સમય વિતશે.
**વૃષભ(બ.વ.ઉ) :** આર્થિક મામલે સાવધાની રાખવી. કામમાં થોડો વિલંબ થઈ શકે છે. પરિવારમાં સુખ-શાંતિ રહેશે, પરંતુ સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ભાગદોડ વધી શકે છે.
**મિથુન(ક.છ.ઘ) :** ૯ મે નો દિવસ મિથુન રાશિના જાતકો માટે ખાસ રહેશે. આર્થિક સ્થિતિ સારી રહેશે અને અટકેલા કાર્યો પૂર્ણ થશે.
**કર્ક(ડ.હ) :** આ રાશિના જાતકોને સ્વાસ્થ્ય અંગે ચિંતા થઈ શકે છે. કાર્યસ્થળ પર વધુ જવાબદારીઓ આવી શકે છે, ગુસ્સા પર નિયંત્રણ રાખવું અને પરિવાર સાથે સમય વિતાવવાથી મન શાંત થશે.
**સિંહ(મ.ટ.) :** આજનો દિવસ સિંહ રાશિના જાતકો માટે સારો રહેશે. દરેક કાર્યમાં સફળતા મળશે. માન-સન્માન વધશે અને સોશિયલ મીડિયા/વેપાર ક્ષેત્રે નવી તકો મળી શકે છે. જીવનસાથી સાથે સંબંધ સુધરશે.
**કન્યા(પ.ઠ.ણ.) :** કામની જગ્યાએ નિર્ણયો સાચા સાબિત થશે. ઘરના વાતાવરણમાં સકારાત્મક ફેરફાર આવશે અને આર્થિક રીતે મજબૂત બનશો. લાંબી યાત્રા ટાળવી.
**તુલા (ર.ત.) :** નવી આર્થિક તકો મળશે. કોઈ -ભાવશાળી વ્યક્તિનું માર્ગદર્શન મળી શકે છે. ેમ સંબંધોમાં રોમાંસ વધશે, આળસ ટાળવી અને વાણીમાં મધુરતા રાખવી.
**વૃશ્ચિક(ન.ય.) :** આજે વાક્પટુતા અને હોશિયારીથી કામ પૂર્ણ થશે. પરિવારમાં કોઈ શુભ સમાચાર મળી શકે છે. ખર્ચ વધી શકે છે, તેથી બજેટ સાચવવું.
**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આ રાશિના જાતકો માટે દિવસ ઉતાર-ચઢાવ વાળો હોઈ શકે છે. કામ પર ધ્યાન કેન્દ્રિત કરવું, ેમ સંબંધોમાં ગુસ્સાને કારણે મુશ્કેલી આવી શકે છે. જીવનસાથી સાથે ેમથી વાત કરો.
**મકર(જ.ખ) :** વેપારમાં નવા ભાગીદારો મળી શકે છે. સ્વાસ્થ્યમાં સુધારો થશે.
**કુંભ(ગ.શ.સ.) :** આર્થિક લાભની તકો મજબૂત રહેશે. નવી જમીન કે મકાન ખરીદવાનો વિચાર કરી શકો છો.
**મીન(દ.ચ.ઝ.થ.) :** કામની -શંસા થશે અને કામકાજમાં -ગતિ થશે. સ્વાસ્થ્ય સારું રહેશે, પરંતુ ખાવા-પીવામાં ધ્યાન રાખવું.

## દમણ રેડિયો

102.3 FM
મંગળવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૩૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 6 | | | 8 | | 2 | | |
| | | | 9 | 1 | | | 8 | 3 |
| | | | | | 7 | | 9 | |
| 9 | | 8 | 4 | 6 | 3 | | | 5 |
| | | | | | | | | |
| 3 | | | 5 | 9 | 8 | 7 | | 4 |
| | 8 | | 1 | | | | | |
| 6 | 1 | | | 7 | 9 | | | |
| | | 2 | | 4 | | | 1 | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૩૬નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 1 | 3 | 4 | 5 | 2 | 6 | 7 | 9 |
| 9 | 7 | 2 | 3 | 1 | 6 | 4 | 8 | 5 |
| 4 | 6 | 5 | 9 | 8 | 7 | 3 | 1 | 2 |
| 6 | 2 | 8 | 1 | 7 | 9 | 5 | 4 | 3 |
| 7 | 9 | 1 | 5 | 3 | 4 | 2 | 6 | 8 |
| 3 | 5 | 4 | 2 | 6 | 8 | 7 | 9 | 1 |
| 1 | 4 | 7 | 8 | 2 | 3 | 9 | 5 | 6 |
| 2 | 8 | 9 | 6 | 4 | 5 | 1 | 3 | 7 |
| 5 | 3 | 6 | 7 | 9 | 1 | 8 | 2 | 4 |

## ઉમરગામમાં ધારાસભ્યએ સેવા કાર્યમાં સહયોગ આપનારનો આભાર માન્યો

### ૪૨ ઇંચથી વધુ વરસાદથી ૨૩ ગામો અને ઉમરગામ શહેર પ્રભાવિત : લાખથી વધુ લોકો અસરગ્રસ્ત, સેવાભાવીઓ અને ઉદ્યોગગૃહોએ પૂરગ્રસ્તોને આપી મોટી રાહત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૭ :** વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં સતત પડેલા અંદાજે ૪૨ ઈંચથી વધુ વરસાદને પગલે સમગ્ર તાલુકામાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી. તાલુકાના ૨૩થી વધુ ગામો તેમજ ઉમરગામ નગરપાલિકા વિસ્તાર પૂરથી ઘેરાઈ ગયો હતો. અનેક વિસ્તારોમાં અંદાજે ૨૨ ફૂટ સુધી પાણી ભરાતા એક લાખથી વધુ લોકો અસરગ્રસ્ત બન્યા હતા. હજારો ઘરોમાં પાણી ઘૂસી જતાં ઘરવખરી, ખેતી અને વેપાર-ધંધાને ભારે નુકસાન પહોંચ્યું હતું.

આ વિકટ પરિસ્થિતિમાં ઉમરગામમાં માનવતાનું અનોખું દૃશ્ય જોવા મળ્યું. જનપ્રતિનિધિઓ, વહીવટી તંત્ર, ઉદ્યોગગૃહો, સેવાભાવી સંસ્થાઓ અને દાતાઓ પૂરગ્રસ્તોની મદદ માટે ખડેપગે ઊભા રહ્યા હતા.

ધારાસભ્ય રમણભાઈ પાટકરના માર્ગદર્શન હેઠળ અંદાજે ૫૦૦થી વધુ અનાજ કિટ અને ૨૫૦થી વધુ ફૂડ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સરીગામ સ્થિત મેકલોડ કંપની દ્વારા આશરે ૨,૦૦૦ અનાજ કિટનું વિતરણ કરવામાં આવ્યું, જ્યારે અપાર કંપની દ્વારા પણ રાહત સામગ્રી પૂરી પાડવામાં આવી હતી. ડોમ્સ કંપનીએ ઉમરગામ નગરપાલિકા સાથે સંકલન કરીને રાહત કામગીરીમાં મહત્વપૂર્ણ સહયોગ આપ્યો હતો.

સેવાભાવી આગેવાન પંકજભાઈ બારભાયા વાળા દ્વારા પાંચ ગામોમાં સતત ત્રણ દિવસ સુધી ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉપરાંત અનેક સંસ્થાઓ અને દાતાશ્રીઓ દ્વારા અનાજ કિટ, ફૂડ કિટ, ધાબળા, દૂધ, ચા અને અન્ય જીવનજરૂરી ચીજવસ્તુઓનું સતત વિતરણ કરવામાં આવ્યું હતું.પૂર દરમિયાન લોકોને સુરક્ષિત સ્થળે પહોંચાડવા માટે ઉમરગામના તરવૈયા અપૂર્વ અને તેમની ટીમ, નગરપાલિકાના કર્મચારીઓ તેમજ સ્થાનિક યુવાનો દિવસ-રાત બચાવ કામગીરીમાં જોડાયા હતા. તેમની સમયસરની કામગીરીને કારણે અનેક લોકોના જીવ બચાવી શકાયા હતા.પૂરની આફતમાં કેટલાક પશુઓના પણ મોત થયા હતા, જે દુઃખદ ઘટના હતી. તેમ છતાં સમગ્ર તાલુકામાં ગામેગામથી સેવાભાવીઓ અને સામાજિક સંસ્થાઓએ મદદનો હાથ લંબાવી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

આ અભૂતપૂર્વ કુદરતી આફત દરમિયાન ગુજરાત સરકાર, મુખ્યમંત્રી, નાણા મંત્રી કનુભાઈ દેસાઈ, સાંસદ, ધારાસભ્ય રમણભાઈ પાટકર, જિલ્લા વહીવટી તંત્ર, તાલુકા પંચાયત, ઉમરગામ નગરપાલિકા, સરપંચો, ઉદ્યોગગૃહો, સેવાભાવી સંસ્થાઓ, સ્વયંસેવકો અને તમામ દાતાઓની કામગીરીને ઉમરગામની જનતા કૃતજ્ઞતાપૂર્વક બિરદાવી રહી છે. આ આફતે ભારે વિનાશ સર્જ્યો હોવા છતાં સમગ્ર તાલુકામાં એકતા, સેવા અને માનવતાની ભાવનાએ સમાજને નવી દિશા આપી છે.

## ધરમપુર પોલીસ દ્વારા ૭૦ રાશન કીટ અને ૫૫૦ ફૂડ પેકેટનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૭ :** ધરમપુર તાલુકામાં અતિભારે વરસાદને કારણે અનેક ગામો અને ફળિયાઓમાં લોકો મુશ્કેલીમાં મુકાયા હતાં. આવી પરિસ્થિતિમાં ધરમપુર પોલીસે અસરગ્રસ્ત પરિવારોને રાહત પહોંચાડવા માટે સક્રિય કામગીરી હાથ ધરી હતી. પીઆઈ નિખિલ ભોયાની આગેવાની હેઠળ પોલીસ ટીમ દ્વારા ૭૦ રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં આશરે ૧૫ દિવસ સુધી ચાલે તેટલી આવશ્યક સામગ્રીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત જરૂરિયાતમંદ પરિવારોને ૭૦ વાસણ કીટ અને ૫૫૦ ફૂડ પેકેટ પણ પહોંચાડવામાં આવ્યા હતા. રાહત કામગીરીમાં ધરમપુર તાલુકા પંચાયતના પ્રમુખ શકુંતલાબેન ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. પોલીસ સ્ટાફ ઉપરાંત હોમગાર્ડ (HG), ગ્રામ રક્ષક દળ (ગ્રજી) અને વ્ગ્રના જવાનો પણ કામગીરીમાં જોડાયા હતાં. પાનવા, મરઘમાળ, લાકડમાળ, નાની વહિયાળ સહિતના વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં પોલીસ ટીમોએ સ્થળ પર પહોંચી અસરગ્રસ્ત પરિવારોની વિગતો મેળવી હતી. સ્થાનિક વહીવટી તંત્ર સાથે સંકલન કરીને જરૂરિયાત મુજબ વધુ રાહત સામગ્રી પહોંચાડવા માટેની કામગીરી પણ ચાલુ રાખવામાં આવી છે. પી આઈ નિખિલ ભોયાએ જણાવ્યું હતું કે, વરસાદથી અસરગ્રસ્ત પરિવારોને સમયસર જરૂરી સહાય મળી રહે તે માટે પોલીસ ટીમ સતત કાર્યરત છે અને જરૂરિયાત મુજબ આગામી દિવસોમાં પણ રાહત કામગીરી ચાલુ રાખવામાં આવશે.

## વાપી સહજયોગ કેન્દ્ર દ્વારા ગુરુપૂજા અને પ્રભાત ફેરી યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૭ :** આદિશક્તિ શ્રી માતાજી નિર્મલા દેવીજીના દિવ્ય આશીર્વાદથી વાપીના ભાનુ હિલ્સ સ્થિત સહજયોગ કેન્દ્ર ખાતે આજે ગુરુ પૂજા તથા શ્રી ચરણો સાથે પ્રભાત ફેરીનું ભવ્ય અને ભાવપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું.

આ પવિત્ર કાર્યક્રમમાં વાપી, પારડી, ઉમરગામ અને સિલવાસા વિસ્તારના અંદાજે ૧૦૦ જેટલા સહજયોગી ભાઈઓ અને બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રભાત ફેરી દરમિયાન સહજયોગીઓએ માતાજીના ભજન-કીર્તન અને જયઘોષ સાથે સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. ત્યારબાદ યોજાયેલી ગુરુ પૂજામાં તમામ સહજયોગીઓએ પરમ પૂજનીય શ્રી માતાજીના શ્રી ચરણોમાં ભાવપૂર્વક વંદન કરી ચૈતન્યમય આશીર્વાદ પ્રાપ્ત કર્યા. કાર્યક્રમ દરમિયાન ધ્યાન, ભજન અને આધ્યાત્મિક પ્રવચન દ્વારા સૌએ આંતરિક શાંતિ અને આધ્યાત્મિક આનંદનો અનુભવ કર્યો.

કાર્યક્રમનું સફળ આયોજન સહજયોગ કેન્દ્ર, ભાનુ હિલ્સ, વાપીના સહજયોગીઓના સહયોગથી સંપન્ન થયું. ઉપસ્થિત તમામ સહજયોગીઓએ માતાજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતાં.

## વાપી પંથકમાં રાહત ટીમો દ્વારા નુકસાનનું સર્વે શરૂ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** બુધવાર રાતથી ગુરુવાર દિવસ દરમિયાન પડેલા મુશળધાર વરસાદ બાદ રાતા, પાંડોર, વાંકાછ, કોચરવા સહિતના પૂરગ્રસ્ત ગામોમાં તંત્ર દ્વારા નુકસાનનું સર્વે શરૂ કરવામાં આવ્યું છે. મહેસૂલ, તાલુકા પંચાયત અને સ્વયંસેવી સંસ્થાઓની ટીમો ગામે-ગામે જઈને ઘરો, પાક અને પશુધનને થયેલા નુકસાનની વિગતો નોંધી રહી છે.

સર્વે દરમિયાન ગ્રામજનોએ સરકાર પાસે તાત્કાલિક સહાય, અનાજ-કીટ અને કાચા-પાકા ઘરો બનાવવા માટે વળતરની માંગ કરી હતી. અસરગ્રસ્ત અસંખ્ય પરિવારો છેલ્લા બે દિવસથી વિવિધ સંસ્થાઓ દ્વારા પહોંચાડવામાં આવતા ફૂડ પેકેટ પર જ નિર્ભર છે.

પૂરમાં અનેક લોકોના પશુઓ મરણ પામ્યા છે જ્યારે કેટલાક પશુઓ ગુમ થયા છે. જેને પગલે પશુપાલન વિભાગ દ્વારા પણ અલગથી સર્વે હાથ ધરવામાં આવ્યો છે. અધિકારીઓએ જણાવ્યું કે સર્વે પૂર્ણ થયા બાદ જરૂરિયાતમંદોને તાત્કાલિક રાહત અને વળતર ચૂકવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે.

## પારડીના સ્મશાનભૂમિમાં પાણી ભરાતાં નુકશાન





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૭ :** પારડીના છેવાડે આવેલ સ્મશાનભૂમિના મકાનની અંદર ખારીનું પાણી ઘૂસી જતા સ્મશાન ભૂમિના મકાનને નુકસાન થયું હતુ. અને વિવિધ ચીજ વસ્તુઓ પણ તણાઈ ગઈ હતી. પાણી ભરાઈ જતા પોતાના સ્વજનોની અંતિમ વિધિ કરવા માટે આવેલા લોકોએ અંતિમ વિધિ કરવા વિના જ પરત ફરવા પડ્યા હતાં. સતત પડી રહેલા વરસાદના કારણે સમસાન ભૂમિના બાજુમાં આવેલ કોથર ખારી ગંગાજી નદીના પાણીનું સ્થર વધી ગયું હતુ. જેના કારણે અઠવાડિયાથી સ્મશાનભૂમિના મકાનને પાણી ભરાવાના લીધે નુકસાન થઈ રહ્યું છે અંતિમવિધિ પણ અટકી ગઈ છે સતત રહેલા વરસાદના કારણે ચીજ વસ્તુઓ તણાઈ ગઈ છે. સ્મશાન ભૂમિના સંચાલક સંજયભાઈ બારીયા અને એમની ટીમ ઝડપથી સુવિધા પ્રાપ્ત થાય એ દિશામાં સખત મહેનત કરી રહી છે.



નાનાપોઢાના પંડોર ગામે ૨૩ તારીખે કોલક નદીમાં આવેલા પૂરનું પાણી સ્કૂલમાં કમર સુધી ફરી વળતા, ભારે નુકશાન, ૨૫, કોમ્પ્યુટર, લેપટોપ, પ્રિન્ટર, ૨૫૦ કિલો મધ્યાહન ભોજનના ચોખા, ૩૦૦ કિલો ઘઉં, પુસ્તકો, જરૂરી રજીસ્ટર સહીતનું તબાહ, સ્કૂલ પરિસરમાં કાદવ કિચડ સર્જયું, શિક્ષકો દ્વારા સાફસફાઈ શરૂ કરાઈ, ડેપ્યુટી કલેકટર મામલતદારની ટીમે મુલાકાત લીધી.

## ઉમરગામમાં જરુરીયાતમંદોને રાશન કીટનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૨૭ :** નગરપાલિકા પ્રમુખ ખુશ્બુબેન જાદવના માર્ગદર્શન હેઠળ સેવાભાવી ટીમ અને અપાર કંપનીના સહયોગથી રાહત સામગ્રીનું વિતરણ, સહયોગીઓનો વ્યક્ત કર્યો આભાર વ્યક્ત કર્યો હતો.

ઉમરગામ નગરપાલિકા વિસ્તારમાં ભારે વરસાદ બાદ અસરગ્રસ્ત અને જરૂરિયાતમંદ પરિવારોને મદદરૂપ બનવાના હેતુથી નગરપાલિકાના વિવિધ વોર્ડમાં રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં નગરપાલિકા પ્રમુખ ખુશ્બુબેન જાદવ, કારોબારી અધ્યક્ષ ગૌરવ કોન્ટ્રાક્ટર, શહેર ભાજપ પ્રમુખ મયંક પ્રેસવાલા, મહામંત્રી વિશ્વકર્મા ટંડેલ, કોર્પોરેટરો તેમજ અપાર કંપનીના પ્રતિનિધિ બલવીરસિંહ પરમાર અને સેવાભાવી કર્મચારીઓની ટીમ સક્રિય રીતે જોડાઈ હતી.

રાહત વિતરણ દરમિયાન અનેક જરૂરિયાતમંદ પરિવારોને રાશન કીટ આપવામાં આવી હતી, જેના કારણે અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક રાહત મળી હતી.

સેવા કાર્યમાં સહયોગ આપવા બદલ નગરપાલિકા પ્રમુખ ખુશ્બુબેન જાદવે અપાર કંપની તથા સમગ્ર સહયોગી ટીમનો આભાર વ્યક્ત કરી જણાવ્યું હતું કે, સમાજના સહયોગથી આવા સેવાકીય કાર્યો સતત ચાલુ રાખવામાં આવશે.

#### પૂરગ્રસ્ત વિસ્તારોમાં જળજન્ય અને મચ્છરજન્ય રોગોથી બચાવ માટે

## સેલવાસમાં ડેન્ગ્યુ- મેલેરિયાને રોકવા વિશેષ અભિયાન હાથ ધરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૭ :** તાજેતરમાં પડેલા ભારે વરસાદ અને પૂર જેવી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને દાદરા અને નગર હવેલી તેમજ દમણ-દીવના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે પૂરગ્રસ્ત વિસ્તારોમાં જળજન્ય અને મચ્છરજન્ય રોગોના નિયંત્રણ માટે વિશેષ જન આરોગ્ય અભિયાન શરૂ કર્યું છે.

રોગચાળો ફેલાતો અટકાવવા માટે અસરગ્રસ્ત વિસ્તારોમાં ઓઆરએસ (ORS)ના પેકેટ, ક્લોરીનની ગોળીઓ અને ક્લોરીન દ્રાવણનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. સાથે જ સુરક્ષિત પીવાનું પાણી, વ્યક્તિગત સ્વચ્છતા અને ડેન્ગ્યુ, મેલેરિયા સહિતના મચ્છરજન્ય રોગોથી બચવાના ઉપાયો અંગે લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે.

જાહેર આરોગ્યને પ્રાથમિકતા આપીને અસરગ્રસ્ત વિસ્તારોમાં બ્લીચિંગ પાઉડરનો છંટકાવ, ઈન્ડોર રેસિડ્યુઅલ સ્પ્રે (IRS) અને મચ્છરના લાર્વા નિયંત્રણની કામગીરી સતત ચાલી રહી છે. ઉપરાંત મચ્છરના પ્રજનન સ્થળોને શોધી તેનો નાશ કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી છે.

## અંભેટી- રાતા ખાડીનો પુલ મરામત બાદ વાહનવ્યવહાર માટે ફરી ખુલ્લો મૂકાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** વાપી પંથકમાં ૨૩ જુલાઈના રોજ આવેલા વિનાશક પૂરના કારણે વલસાડ માર્ગ અને મકાન વિભાગ હેઠળના અનેક માર્ગો અને પુલોને ભારે નુકસાન પહોંચ્યું હતું. વાપી-કોપરલી-અંભેટી-સુખલા માર્ગ પર અંભેટી ગામ નજીક આવેલી રાતા ખાડીનો પુલ પણ પૂરના પ્રચંડ પ્રવાહથી ગંભીર રીતે ક્ષતિગ્રસ્ત બન્યો હતો, જેના કારણે વાહનવ્યવહાર ખોરવાયો હતો.

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓએ તાત્કાલિક સ્થળ પર પહોંચી નુકસાનનું નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ પુલના તૂટી ગયેલા ક્રેશ બેરિયરની મરામત, પુલની સપાટીનું સમારકામ તેમજ એપ્રોચ રોડ પર થયેલા ધોવાણને દૂર કરવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. ભારે મશીનરી અને પૂરતા મેનપાવરની મદદથી સતત કામગીરી ચલાવી ટૂંકા સમયમાં તમામ જરૂરી મરામત પૂર્ણ કરવામાં આવી હતી.

સુરક્ષા ધોરણોની ચકાસણી બાદ હવે અંભેટી રાતા ખાડીનો પુલ વાહનવ્યવહાર અને રાહદારીઓ માટે ફરીથી ખુલ્લો મુકવામાં આવ્યો છે. પુલ શરૂ થતાં વાપી, અંભેટી, સુખલા સહિતના વિસ્તારોના ગ્રામજનો, વેપારીઓ અને વાહનચાલકોને મોટી રાહત મળી છે. છેલ્લા કેટલાક દિવસોથી અવરજવરમાં પડી રહેલી મુશ્કેલીઓ દૂર થતાં સ્થાનિકોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે.

## વાપી,દમણ-સેલવાસ રાજસ્થાન પ્રગતિ મંડળની નવા હોદ્દેદારોએ શપથ લીધા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** રાજસ્થાન પ્રગતિ મંડળ વાપી-દમણ-સેલવાસની નવગઠિત કાર્યકારિણીનો શપથ ગ્રહણ અને પદભાર સમારોહ રવિવારે વાપીના રાજસ્થાન ભવન ખાતે ગરિમાપૂર્ણ માહોલમાં યોજાયો હતો. બે વર્ષનો કાર્યકાળ પૂર્ણ થયા બાદ નવી કાર્યકારિણીએ હોદ્દો સંભાળ્યો. સમારોહમાં સમાજના વરિષ્ઠજનો, વિવિધ સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં સમાજબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં શ્રવણ નૈનએ અધ્યક્ષ પદના શપથ લીધા. નવી કારોબારીમાં સુંદર જૈન અને દિનેશ દાયમાને ઉપાધ્યક્ષ, રાધાકૃષ્ણ સૈનીને મહામંત્રી, સુરેશ ત્રિવેદીને સહમંત્રી, ભાગીરથ ચૌધરીને કોષાધ્યક્ષ અને સંદીપ ભર્રાને સહ-કોષાધ્યક્ષની જવાબદારી સોંપવામાં આવી. અન્ય પદાધિકારીઓએ પણ સંગઠનના વિવિધ દાયિત્વોના શપથ લીધા.સમારોહના મુખ્ય અતિથિ સ્વામિનારાયણ ગુરુકુળ, સલવાવના કપિલ સ્વામીજીએ તમામ નવનિયુક્ત પદાધિકારીઓને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા. તેમણે પોતાના ઉદબોધનમાં સમાજ સેવા, સંગઠનની મજબૂતી અને પરસ્પર એકતાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાનો સંદેશ આપ્યો. વિશિષ્ટ અતિથિ તરીકે વાપીના ડેપ્યુટી મેયર મિતેશ દેસાઈ સહિત વિવિધ સામાજિક સંસ્થાઓના પદાધિકારીઓ અને ગણમાન્ય નાગરિકો ઉપસ્થિત રહ્યા. તમામ મહેમાનોએ નવી કાર્યકારિણીને શુભેચ્છા પાઠવી અને સમાજના વિકાસ માટે સાથે મળીને કામ કરવાનો અનુરોધ કર્યો.

આ અવસરે ફિલિપાઈન્સથી ખ્ગ્ગ્લ્નો અભ્યાસ પૂર્ણ કરીને પરત ફરેલી સમાજની પ્રતિભાશાળી દીકરી ડો. એકતા શ્રવણ નૈનનું વિશેષ સન્માન કરવામાં આવ્યું. સમગ્ર રાજસ્થાની સમાજના પ્રતિનિધિઓએ પુષ્પગુચ્છ અર્પણ કરીને નવનિર્વાચિત પદાધિકારીઓનું અભિવાદન કર્યું. કાર્યક્રમનું સફળ સંચાલન બી.કે. દાયમાએ કર્યું હતું.


## ઉમરગામમાં અસરગ્રસ્તોને સહાય માટે તાકીદ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૭ :** ઉમરગામ તાલુકામાં ધોધમાર વરસાદ બાદ સર્જાયેલી તારાજીના પગલે જિલ્લા કલેક્ટરે આજે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. અનેક પરિવારો ઘરવિહોણા બન્યા હોવા ઉપરાંત ઘરવખરી અને ધંધા-રોજગારને ભારે નુકસાન થતાં લોકોને વહેલી તકે સહાય પહોંચાડવા અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરે અસરગ્રસ્તોને તાત્કાલિક અનાજ કીટ ઉપલબ્ધ કરાવવા તેમજ જરૂરી રાહત કામગીરી ઝડપી બનાવવા તંત્રને નિર્દેશ આપ્યો હતો. ત્યારબાદ ઉમરગામ મામલતદાર કચેરી ખાતે જિલ્લા સ્તરના અધિકારીઓ સાથે બેઠક યોજી અસરગ્રસ્ત વિસ્તારોમાં પરિસ્થિતિ ઝડપથી સામાન્ય બને તે માટે જરૂરી આયોજન અંગે ચર્ચા કરવામાં આવી. આ પહેલાં ગતરોજ એડિશનલ કલેક્ટર ઝાલા સાહેબે પણ પોતાની ટીમ સાથે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈને સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. બીજી તરફ ધારાસભ્ય રમણભાઈ પાટકર અને વિવિધ સેવાકીય સંસ્થાઓ પણ સતત મેદાનમાં રહી અસરગ્રસ્ત પરિવારોને રાહત અને મદદ પહોંચાડી રહ્યા છે.

## ધરમપુર શ્રીમદ રાજચંદ્ર મિશન દ્વારા અસરગ્રસ્તો માટે સહાય પહોંચાડાઈ



**ધરમપુર, તા. ૨૭ :** અતિભારે વરસાદને પગલે અસરગ્રસ્ત બનેલા લોકોની મદદ માટે શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુર દ્વારા માનવતાભર્યું રાહત અને સહાય કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં જનજીવન પ્રભાવિત થતા શ્રીમદ રાજચંદ્ર મિશન તેમજ નગરપાલિકા દ્વારા સંયુક્ત પણે અસરગ્રસ્ત પરિવારો અને જરૂરિયાતમંદો સુધી ભોજન તથા જીવનજરૂરિયાતની સામગ્રી પહોંચાડવામાં આવી હતી. રાહતકાર્ય અંતર્ગત વલસાડ જિલ્લા તથા ધરમપુર પોલીસ દળના માધ્યમથી અસરગ્રસ્તો માટે ખીચડી, શાક અને રોટલી સહિતના ૧,૪૬૫ ગરમ ભોજન તથા ૨૦૦ ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ધરમપુર શહેરમાં પણ મિશન દ્વારા ખીચડી, શાક અને રોટલી સહિતના ૩૦૦ ગરમ ભોજનનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ બાળકો તથા વયસ્કો માટે ૧૭૦ કપડાંના સેટ પણ જરૂરિયાતમંદોને આપવામાં આવ્યા હતા. અતિભારે વરસાદની વિકટ પરિસ્થિતિમાં જરૂરિયાતમંદ લોકો સુધી સમયસર ભોજન અને આવશ્યક સામગ્રી પહોંચાડી શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુર દ્વારા માનવતાની અનોખી સેવા કરવામાં આવી હતી. આ સમગ્ર રાહત અને સહાયકાર્યમાં ધરમપુર નગરપાલિકા દ્વારા પણ સહયોગ આપવામાં આવ્યો હતો.

#### પત્રકાર પરિષદમાં જિલ્લા કલેકટરે રિપોર્ટકાર્ડ રજુ કર્યો

## તાજેતરના પૂરમાં જિલ્લા વહીવટીતંત્રએ શું કર્યુ ?

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૭ :** વલસાડ જિલ્લામાં તાજેતરમાં અતિભારે વરસાદના કારણે પુરની સ્થિતિ ઉદભવી હતી. વરસાદ ઓછો થતાં તંત્રએ રાહતનો દમ લીધો હતો. વહીવટી તંત્ર દ્વારા એકશન મોડમાં આવીને, પુરગ્રસ્તોને તાકીદે સહાય મળે તે માટેની કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું જિલ્લા કલેકટર નીતિન સાંગવાન દ્વારા જણાવાયું છે.

જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત અને જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં પુર દરમિયાન નુકસાની સંદર્ભે યોજાયેલી પત્રકાર પરિષદમાં કલેકટરે જણાવ્યું હતું કે, વરસાદ દરમિયાન જિલ્લામાં કુલ ૧૦ જેટલા માનવ મૃત્યુ નોંધાયા છે. અને રાહત અને બચાવ કામગીરી માટે એનડીઆરએફ, એસડીઆરએફ, આર્મીની કુલ ૧૦ ટુકડીઓ કાર્યરત હતી.


જયારે કુલ ૨૦૮૪૩ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. જયારે ૪૨૫ થી વધુ માર્ગો ભારે વરસાદના કારણે બંધ હતા, જે પૈકી ૩૧૫ થી વધુ રસ્તાઓ વાહનવ્યહાર માટે પુર્વરત કરવામાં આવ્યા છે. સાથે જિલ્લામાં થયેલા નુકસાન માટે ૧૫૦ જેટલી ટીમો દ્વારા સર્વે કામગીરી કરવામાં આવી રહી છે.

જિલ્લામાં પુરની પરિસ્થિતિમાં સેવાભાવી સંસ્થાઓ પણ આગળ આવી છે. જિલ્લામાં જરૂરિયાતમંદોને ૧૧ હજારથી વધુ ફુડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું છે. પોલીસ વિભાગ દ્વારા પણ માનવીય ધોરણે ૨૨૦૦ જેટલા ફુડપેકેટ વિતરણ કરવામાં આવ્યા છે. જયારે પોલીસ વિભાગે એક હજાર થી વધુ લોકોના રેસ્કયુ કરવામાં આવ્યા છે. દક્ષિણ ગુજરાત વીજ કંપની દ્વારા પુરગ્રસ્ત વિસ્તારોમાં પુનઃ વીજ પુરવઠો સ્થાપન માટે ૧૮૧ ટીમોના ૬૧૫ કર્મીઓ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમા ૧૦૨ પૈકી ૧૦૧ ફીડર, ૨૧૪ ગામો, ૫૨૮૨ ટ્રાન્સમીટર સેન્ટર અને ૨૨૪,૩૧૮ વીજ ગ્રાહકોનો વીજ પુરવઠો પુનઃ પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે.

અસરગ્રસ્તોને સહાય આપવા અંગે તેમણે જણાવ્યું હતું કે, અસરગ્રસ્તોને મહત્તમ સહાય તેમના બેંક ખાતામાં સીધા જ જમા કરવામાં આવશે. જેમની પાસે ડોકયુમેન્ટ નથી અથવા પુર દરમિયાન નુકસાન થયું હોય તેઓને તપાસ કરીને માનવતાના ધોરણે સહાય ચુકવવામાં આવશે.

# એશિયન ગેમ્સમાં ગુજરાતનાં ૯ ખેલાડીઓ ભારતનું પ્રતિનિધિત્વ કરશે


અનિકેત પટેલ


આર્યન નેહરા


ઝીલ દેસાઈ


ઈલાવેનિલ વાલારિવન


વૈદેહી ચૌધરી


દેવયાનીબા ઝાલા


હરમીત દેસાઈ


અંકિતા રૈના


માનુષ શાહ


માનવ ઠક્કર

ગુજરાતનો રમતગમતનો ગ્રાફ ખૂબ જ ઝડપથી ઉપર જઈ રહ્યો છે. વર્ષ ૨૦૧૪માં ૧૭મી એશિયન ગેમ્સમાં ગુજરાતમાંથી માત્ર ખેલાડીઓએ એશિયન ગેમ્સમાં દેશનું પ્રતિનિધિત્વ કર્યુ હતુ પણ આજે રાજ્યે પોતાનો જ રેકોર્ડ તોડી નાખ્યો છે. જાપાનના આઈચી-નાગોયા ખાતે ૧૯ સપ્ટેમ્બરથી ૪ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન યોજાનારી આગામી ૨૦મી એશિયન ગેમ્સ માટે ગુજરાતમાંથી ૯ સભ્યોની મજબૂત ટુકડી – અને એક હાઈ-વેલ્યુ રિઝર્વ ખેલાડી – પસંદગી પામ્યા છે. ગુજરાત માટે ખરેખર આ એક ગૌરવની ક્ષણ છે. રાજ્યની આ ટુકડીમાં શૂટર ઈલાવેનિલ વલારિવન, ટેબલ ટેનિસ ખેલાડીઓ હરમીત દેસાઈ, માનવ ઠક્કર અને માનુષ શાહ, સોફ્ટ ટેનિસ ખેલાડી અનિકેટ પટેલ, તરણવીર આર્યન નેહરા, ટેનિસ ખેલાડીઓ અંકિતા રૈના અને વૈદેહી ચૌધરી તેમજ સ્પ્રિન્ટર (દોડવીર) દેવયાની ઝાલાનો સમાવેશ થાય છે. ટેનિસ ખેલાડી જીલ દેસાઈની રિઝર્વ ખેલાડી તરીકે પસંદગી કરવામાં આવી છે.

**આ સફળતા પાછળનો ˝ગેમ પ્લાન˝**

રમતગમત ક્ષેત્રે આ તેજી રાતોરાત નથી આવી. તે લાંબાગાળાની વ્યૂહરચનાનું ઉત્કૃષ્ટ પરિણામ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન શક્તિદૂત યોજના જેવી યોજનાઓ અમલમાં મૂકી પાયાનું કામ કર્યું. સ્થાનિક સ્તરેથી રમત પ્રતિભાઓ ગુજરાતને મળી અને હવે તે આંતરરાષ્ટ્રિય સ્તરે ઝળકી રહી છે. આ વારસાને આગળ ધપાવતા, વર્તમાન સરકારે પણ આ વેગને જાળવી રાખ્યો છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત વિશ્વસ્તરીય રમતગમત સંસ્કૃતિના નિર્માણ પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.

હર્ષ સંઘવીએ જણાવ્યું કે, વર્ષ ૨૦૩૦માં ગુજરાત કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરશે. આ માટે વિશ્વસ્તરીય સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવા માટે યુદ્ધના ધોરણે તૈયારીઓ ચાલી રહી છે. છેલ્લા એક દાયકામાં ગુજરાતે ઓલિમ્પિક, કોમનવેલ્થ ગેમ્સ અને એશિયન ગેમ્સમાં પોતાનું પ્રતિનિધિત્વ સતત વધાર્યું છે. હવે સૌની નજર આગામી મહિનાઓમાં યોજાનારી એશિયન ગેમ્સમાં ભાગ લેનારા ગુજરાતનાં ખેલાડીઓ પર રહેશે.

## પૂર બાદ રોગચાળાથી કેમ બચશો?


- ડૉ. કાર્તિક ભદ્રા
બાળરોગ નિષ્ણાંત
કલરવ ચિલ્ડ્રન્સ હોસ્પિટલ, પારડી





સમગ્ર ગુજરાત, ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના અનેક વિસ્તારો તાજેતરમાં ભારે પૂરની વિકટ પરિસ્થિતિમાંથી બહાર આવ્યા છે. જોકે, ઘણી વખત પૂર કરતાં પણ વધુ ગંભીર પરિસ્થિતિ પૂર બાદ સર્જાતી હોય છે, કારણ કે તેની સાથે પાણીજન્ય, ખોરાકજન્ય, મચ્છરજન્ય તેમજ અન્ય ચેપી રોગોનું જોખમ નોંધપાત્ર રીતે વધી જાય છે. તેથી પડ્યા પર પાટું ન પડેઙ્ઘ તે માટે દરેક નાગરિકે કેટલીક સરળ પરંતુ અગત્યની સાવધાનીઓનું પાલન કરવું અત્યંત જરૂરી છે.

આ સંદર્ભમાં કિલ્લા પારડીના જાણીતા બાળરોગ નિષ્ણાંત ડૉ. કાર્તિક ભદ્રાએ જણાવ્યું હતું કે ભારે વરસાદ અને પૂરની પરિસ્થિતિ બાદ ચેપી રોગો ઝડપથી ફેલાવાની સંભાવના રહે છે. આવા સમયે માત્ર ઉકાળેલું અથવા ફિલ્ટર કરેલું પાણી જ પીવું, જમતા પહેલાં, રસોઈ બનાવતા પહેલાં તથા શૌચાલય પછી સાબુથી હાથ ધોવા અને તાજો તેમજ ગરમ ખોરાક જ લેવો જોઈએ. પૂરના પાણીના સંપર્કમાં આવેલો ખોરાક તેમજ બજારની લારી-ગલ્લા પર મળતા ખુલ્લા ખાદ્ય પદાર્થોનું સેવન ટાળવું જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે શક્ય હોય ત્યાં સુધી પૂરના પાણીમાં ચાલવાનું ટાળવું જોઈએ. જો જવું જરૂરી હોય તો બૂટ અને હાથમોજાં પહેરવા તથા શરીર પર ઘા હોય તો તેને ઢાંકી રાખવા. ઘરની આસપાસ પાણી ભરાઈ ન રહે તેની કાળજી રાખવી, મચ્છરદાની તથા મચ્છર ભગાડવાના ઉપાયો (રિપેલેન્ટ)નો ઉપયોગ કરવો અને આસપાસ સંપૂર્ણ સ્વચ્છતા જાળવવી અત્યંત જરૂરી છે.

ડૉ. ભદ્રાએ ખાસ કરીને બાળકોના સ્વાસ્થ્ય પ્રત્યે સાવચેત રહેવા અનુરોધ કરતાં જણાવ્યું હતું કે બાળકોને પૂરના પાણીમાં રમવા ન દેવા, તેમને સ્વચ્છ પીવાનું પાણી અને તાજો ખોરાક આપવો તથા તેમનું રસીકરણ સમયસર પૂર્ણ કરાવવું જોઈએ. જો તાવ, ઝાડા, ઊલટી, કમળો, ત્વચા પર ચેપ અથવા શ્વાસ લેવામાં તકલીફ જેવા લક્ષણો જોવા મળે તો સ્વઉપચાર કરવાને બદલે વિલંબ કર્યા વગર નજીકના ડૉક્ટરનો સંપર્ક કરવો જોઈએ. ડૉ. ભદ્રાના જણાવ્યા મુજબ, પૂર બાદ કોલેરા, ટાઈફોઈડ, હેપેટાઈટિસ A અને ૨, લેપ્ટોસ્પાયરોસિસ, ગેસ્ટ્રોએન્ટરાઈટિસ, ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકનગુનિયા તથા ત્વચાના ચેપ જેવા રોગોનું જોખમ વધી જાય છે. સમયસર સાવચેતી રાખવાથી આવા મોટાભાગના રોગોથી સરળતાથી બચી શકાય છે. અંતમાં તેમણે નાગરિકોને સંદેશ આપતાં જણાવ્યું કે, તમારી સાવચેતી એ જ તમારી સુરક્ષા.

## ચોમાસામાં શું કાળજી રાખશો ?


- ડૉ. સીમા તરલ ગાલા
ભૂતપૂર્વ કોર્પોરેટર,
વાપી નગરપાલિકા
સામાજિક કાર્યકર

● ઓછામાં ઓછા આગામી ૩ અઠવાડિયા સુધી ઉકાળેલું અથવા શુદ્ધ કરેલું પાણી જ પીવો, કારણ કે વરસાદ બાદ પીવાનું પાણી દૂષિત થવાની શક્યતા રહે છે.

● લેપ્ટોસ્પાયરોસિસ (Leptospirosis)નો ભય હોવાથી પાણી ભરાયેલા વિસ્તારોમાં જવું પડે તો જૂતાં પહેરીને જ જવું. ઘરે આવ્યા બાદ હૂંફાળા પાણીમાં મીઠું નાખી ૧૦-૧૫ મિનિટ સુધી પગ બોળી રાખો અને પગ સારી રીતે સાફ કરો.

● સામાન્ય તાવ પણ આવે તો તરત ડૉક્ટરની સલાહ લો. માત્ર Dolo ૬૫૦ લઈ રાહ ન જુઓ. લેપ્ટોસ્પાયરોસિસ સહિતના ચેપમાં સમયસર સારવાર ખૂબ જ જરૂરી છે.

● બહારનું ખાવાનું ટાળો. કમળો (Jaundice), કોલેરા (Cholera) અને અન્ય પાણીજન્ય રોગોનું જોખમ વધી શકે છે. તાજું, ઘરનું બનાવેલું ભોજન શ્રેષ્ઠ છે.

● વારંવાર સાબુથી હાથ ધોવો, ખાસ કરીને જમતા પહેલાં અને બહારથી ઘરે આવ્યા પછી.

● ઘરની આસપાસ પાણી ભરાઈ રહેવા ન દો, જેથી મચ્છરજન્ય રોગોનું જોખમ પણ ઘટે. સાવચેતી જ શ્રેષ્ઠ સુરક્ષા છે. આ સંદેશ વધુમાં વધુ લોકો સુધી પહોંચાડો.

## ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત




# ગીત ચોરીનો આરોપ, અમાલ મલિકે તનિષ્ક બાગચી પર નિશાન સાધ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨૭:** હિન્દી અને બીજી ભાષાઓની ભારતીય ફિલ્મોમાં સ્ટોરીલાઈન અને ગીત-સંગીતની ઉઠાંતરી થવી એ કંઇ નવી વાત નથી. તાજેતરમાં આવી એક ઉઠાંતરીની વાત પ્રકાશમાં આવી છે. સંગીતકાર અમાલ મલિકે સોશિયલ મીડિયા પર સાથી સંગીતકાર તનિષ્ક બાગચી પર ગંભીર આરોપ લગાવ્યા છે કે તનિષ્ક બીજાના ગીતોનો શ્રેય ચોરી કરે છે અને સૂરોની નકલ કરે છે. તેમણે તનિષ્કને ચેતવણી આપી છે, ફિલ્મ “સૈયારા” માં ગીતનો મૂળ શ્રેય અન્ય લોકોને ન મળવાનો મુદ્દો ઊઠાવ્યો છે.રોયલ્ટીના મુદ્દા પર આજકાલ સંગીત ઉદ્યોગમાં ઘણો તણાવ છે. દરમિયાન, પ્રખ્યાત સંગીતકાર અમાલ મલિકે એક મુખ્ય નિવેદન આપીને હંગામો મચાવ્યો છે. તેમનું સીધું નામ લીધા વિના, તેમણે તેમના સાથી સંગીતકાર



તનિષ્ક બાગચી પર ગંભીર આરોપ લગાવ્યા છે. અમાલનો દાવો છે કે તનિષ્ક ખોટી પ્રશંસા માટે પૈસા ચૂકવે છે, બીજાનાં ગીતોનો શ્રેય લે છે અને મૂળ સૂરોની નકલ કરે છે.અમાલ મલિકે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક લાંબો મેસેજ લખ્યો, જેમાં તનિષ્કને “મિસ્ટર રિમિક્સ એન્ડ ડિસ્ટ્રોયર ઓફ ઓરિજિનલ્સ” ગણાવ્યો. અમાલે દાવો કર્યો કે તનિષ્ક મીડિયામાં સમાચાર પ્રકાશિત કરવા માટે જૂના ફોટોગ્રાફસનો ઉપયોગ કરે છે. તેમણે લખ્યું કે તનિષ્કને પોતાનું નામ લેવાનો પણ અધિકાર નથી. અમાલે એમ પણ કહ્યું કે તનિષ્ક દર વર્ષે તેની સામે તેનો ભાઈ હોવાનો ડોળ કરે છે, જ્યારે તેની પીઠ પાછળ તે એક અલગ રમત રમે છે.અમાલ મલિકે ફિલ્મ સૈયારાના ટાઇટલ ટ્રેક અંગે પણ એક મોટો ખુલાસો કર્યો. તેમણે કહ્યું કે ગીતનો મૂળ શ્રેય ફહીમ અબ્દુલ્લા અને અર્સલાન નિઝામીને મળવો જોઈતો હતો, પરંતુ તનિષ્કે તેમના અધિકારો છીનવી લીધા. અમાલ કહે છે કે બંને કલાકારો આદરથી ચૂપ છે, જેથી સત્ય બહાર ન આવે. વધુમાં, અમાલે એવો પણ આરોપ લગાવ્યો કે તનિષ્કે ફિલ્મોમાં કામ મેળવવા માટે તેમના બ્રેકઅપ અને પીડાનો ફાયદો ઉઠાવ્યો છે.અમાલે આરોપ લગાવ્યો કે તનિષ્કનાં ઘણાં નવાં ગીતો વાસ્તવમાં પાકિસ્તાની ગીતો અને લોક ધૂનોની નકલો છે.

# ‘આદિપુરુષ’ મારી કારકિર્દીની સૌથી મોટી ભુલ હતી : મનોજ મુન્તશિર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨૭ :** વર્ષ ૨૦૨૩માં રિલીઝ થયેલી ‘આદિપુરુષ’ ફિલ્મને લઈને લાંબા સમય બાદ તેના સંવાદલેખક મનોજ મુન્તશિરે જાહેરમાં પોતાની ભુલ કબુલી છે. ફિલ્મના સંવાદો અને તેની તરફેણ કરવા બદલ પસ્તાવો વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે ‘આદિપુરુષ’ તેમની કારકિર્દીની સૌથી મોટી ભુલ હતી અને તેના માટે તેઓ સમગ્ર દેશ પાસે માફી માંગે છે.એક પોડકાસ્ટમાં વાતચીત દરમિયાન મનોજ મુન્તશિરે જણાવ્યું કે ફિલ્મ રિલીઝ પહેલાં જ તેના વિરોધની શરૂઆત થઈ ગઈ હતી અને સોશિયલ મીડિયા પર સતત ટ્રોલિંગ થઈ રહ્યું હતું. તે સમયે તેમની પત્નીએ તેમને ફિલ્મનો જાહેરમાં બચાવ ન કરવાની સલાહ આપી હતી, પરંતુ તેમણે તે સલાહને અવગણી હતી.તેમણે કહ્યું, “શરૂઆતમાં મેં આ ટીકાને



ગંભીરતાથી લીધી નહોતી. પરંતુ બે દિવસમાં મને સમજાઈ ગયું કે ‘આદિપુરુષ’ મારા જીવનની સૌથી મોટી ભુલ હતી અને તેનો બચાવ કરવો તો એથી પણ મોટી ભુલ હતી. ફિલ્મને લઈને જે કંઈ બન્યું, તેના માટે મને ખૂબ શરમ આવે છે અને હું દેશના દરેક વ્યક્તિ પાસે માફી માંગું છું.” મનોજ મુન્તશિરે સ્વીકાર્યું કે તેઓ ભગવાન શ્રીરામ અને ભગવાન હનુમાન જેવા પવિત્ર પાત્રો સાથે ન્યાય કરી શક્યા નહીં. તેમણે કહ્યું કે ફિલ્મ અંગે તેમના કેટલાક નિવેદનોને સંદર્ભથી અલગ રીતે રજૂ કરવામાં આવ્યા હતા, પરંતુ આજે જ્યારે તેઓ ફિલ્મના સંવાદો તરફ પાછા વળીને જુએ છે ત્યારે તેમને પોતાની જ લેખનશૈલી પર શરમ આવે છે.તેમણે કહ્યું, “આજે જ્યારે હું એ સંવાદો જોઉં છું ત્યારે મને શરમ આવે છે કે મેં આવા સંવાદો લખ્યા. તે સમયે હું શું વિચારી રહ્યો હતો તેની મને પણ ખબર નથી.”દિગ્દર્શક ઓમ રાઉતની ‘આદિપુરુષ’ હિન્દુ મહાકાવ્ય ‘રામાયણ’થી પ્રેરિત હતી. ફિલ્મમાં પ્રભાસ ભગવાન શ્રીરામ -રાઘવ, કૃતિ સેનન માતા સીતા -જાનકી, સૈફ અલી ખાન રાવણ - લંકેશ, સની સિંહ લક્ષ્મણ - શેષ અને દેવદત્તા નાગે હનુમાન - બજરંગની ભૂમિકામાં જોવા મળ્યા હતા.લગભગ ૬૦૦ કરોડના ખર્ચે બનેલી આ ફિલ્મ ભારતીય સિનેમાની સૌથી મોંઘી ફિલ્મોમાંની એક હતી.

### ૨૩ સુપરહીરો સાથે બાથ ભીડશે ‘વિલન’

# ૪૫૦૦ કરોડના બજેટમાં બની રહેલી ફિલ્મનું નવું પોસ્ટર રીલિઝ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨૭ :** માર્વેલ સ્ટુડિયોએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર મોસ્ટ અવેટેડ ફિલ્મ ‘એવેન્જર્સઃ ડૂમ્સડે’ નું નવું પોસ્ટર રિલીઝ કરી દીધું છે. પોસ્ટરમાં ડાર્ક બેકગ્રાઉન્ડ સાથે ડોક્ટર ડૂમનો શક્તિશાળી અને રહસ્યમય અંદાજ સ્પષ્ટ જોવા મળી રહ્યો છે. પોસ્ટરની સાથે માત્ર બે જ શબ્દો લખવામાં આવ્યા છે - ‘ડૂમ્સડે ઈઝ કમિંગ’. આ ફિલ્મ ૧૮ ડિસેમ્બર ૨૦૨૬ ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. ‘એવેન્જર્સઃ ડૂમ્સડે’ લગભગ ૪૫૦૦ કરોડ રૂપિયાના તોતિંગ બજેટમાં બની રહી છે, જેના કારણે તેને હોલિવૂડની સૌથી મોંઘી ફિલ્મ ગણાવવામાં આવી રહી છે. આ ફિલ્મનું નિર્દેશન રુસો બ્રધર્સ કરી રહ્યા છે અને ફેવરિટ એક્ટર રોબર્ટ ડાઉની જુનિયર ડોક્ટર ડૂમના પાત્રમાં વાપસી કરી રહ્યો છે. ‘એવેન્જર્સઃ ડૂમ્સડે’ માં રોબર્ટ ડાઉની જુનિયર આ પાત્રને એક નવું જ રૂપ આપી રહ્યો છે. આયર્ન મેન તરીકે વર્ષો સુધી ફેન્સના દિલો પર રાજ કર્યા બાદ હવે તે ‘ડોક્ટર ડૂમ‘ બનીને સ્ક્રે (માર્વેલ સિનેમેટિક યુનિવર્સ) માં વાપસી કરી રહ્યો છે. પોસ્ટરમાં તેનો આ નવો અંદાજ ફેન્સને રોમાંચિત કરી રહ્યો છે. આ ફિલ્મમાં થોર, કેપ્ટન અમેરિકા, ફેન્ટાસ્ટિક ફોર, એક્સ-મેન અને અન્ય ઘણા સુપરહીરો ડોક્ટર ડૂમ સામે એકજૂટ થશે. ૪૫૦૦ કરોડના બજેટ અને આટલી મોટી સ્ટારકાસ્ટ સાથે ‘એવેન્જર્સઃ ડૂમ્સડે’ બોક્સ ઓફિસ પર નવો ઈતિહાસ રચવા જઈ રહી છે. ફેન્સ હવે ૧૮ ડિસેમ્બર ૨૦૨૬ ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, જ્યારે ડોક્ટર ડૂમ સિનેમાઘરોમાં કહેર વર્તાવશે.

# કહાની-થ્રીમાં વિદ્યા બાલનની જગ્યાએ યામી ગૌતમ ગોઠવાઈ ગઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨૭ :** ‘કહાની’ ફિલ્મ વિદ્યા બાલનની કેરિયરમાં માઈલસ્ટોન ગણાય છે. જોકે, હવે તેણે આ ફ્રેન્ચાઈસીગુમાવી છે. ‘કહાની થ્રી’માં તેની જગ્યાએ યામી ગૌતમ ગોટવાઈ ગઈ છે.ચર્ચા મુજબ યામી ‘કહાની ૩’માં મુખ્ય ભૂમિકા નિભાવશે જ્યારે સુજોય ઘોષ દિગ્દર્શક તરીકે વાપસી કરશે. વિદ્યા બાલન અભિનિત અગાઉની ફિલ્મોથી વિપરીત ત્રીજા સંસ્કરણમાં સંપૂર્ણ રીતે નવી વાર્તા હશે. પ્રોજેક્ટ હાલ તો પ્રી-પ્રોડક્શન તબક્કામાં છે અને સર્જકો શૂટિંગના સમયપત્રક નક્કી કરી રહ્યા છે.ચર્ચા મુજબ ફિલ્મ અગાઉના સંસ્કરણોને લોકપ્રિય બનાવનાર રહસ્યમય વાતાવરણ જાળવી રાખીને ફ્રેન્ચાઈસીને વિસ્તારવામાં આવશે. યામીનાં પાત્રમાં નવા ટ્વિસ્ટ હશે જે અગાઉની વાર્તા સાથે સીધુ અનુસંધાન રાખ્યા વિના દર્શકોને નવો જ અનુભવ આપશે. પ્રોડક્શન ટીમ હાલ શૂટ શરૂ કરવા અગાઉ સમયપત્રક નક્કી કરી રહી છે.

## “વસુધૈવ કુટુંબકમ્”ના દિવ્ય વિચાર થકી વનવાસી સમાજમાં અભૂતપૂર્વ ભાવક્રાંતિ



# પૂ. દાદાજી અને દીદીજીની પ્રેરણાથી અંતરિયાળ ગામોમાં પ્રગટી આત્મગૌરવની જ્યોત



### ભક્તિફેરી, ત્રિકાળ સંધ્યા અને “વૃક્ષમંદિર”ના પ્રયોગોથી વનવાસી બાંધવોમાં નવજીવનનો સંચાર: નિરપેક્ષ ભગવદ્ સંબંધથી છેવાડાના વિસ્તારો બન્યા આત્મીય દૈવી પરિવાર

“વસુધૈવ કુટુંબકમ્”- આખી પૃથ્વી એક કુટુંબ છે - એવી આર્ષ અને આર્ય સંકલ્પના ભારતે વિશ્વને આપી છે. આ દિવ્ય વિચારને જીવનમાં સાકાર કરવા પરમ પૂજનીય પાંડુરંગ શાસ્ત્રી આઠવલે-દાદાજીએ-લોહીનું પાણી કરી કરેલા અવિરત કર્મયોગથી ઋષિપ્રણિત, વેદમાન્ય અને ઈશ્વરાધિષ્ઠિત વિશાળ સ્વાધ્યાય પરિવાર ઊભો કર્યો. આજે તેમના સુપુત્રી પૂજનીય જયશ્રી તળવળકર-દીદીના પ્રેરક અને ઉત્સાહવર્ધક માર્ગદર્શન હેઠળ આ વૈશ્વિક પરિવાર વિચારક્રાંતિની મશાલ લઈને વિશ્વભરમાં આગળ વધી રહ્યો છે.

પરમ પૂજનીય દાદાજી સાગરખેડુ, વનવાસી, ક્ષત્રિય અને સમાજના વિવિધ વર્ગોના ઘર સુધી સ્વયં પહોંચ્યા. તેમણે ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઝારખંડ અને છત્તીસગઢના અંતરિયાળ વનપ્રદેશોમાં વસતા વનવાસી બાંધવો સુધી નિરપેક્ષ ભગવદ્ સંબંધનો વિચાર પહોંચાડ્યો. શ્રીમદ્ ભગવદ્ ગીતાના ‘મમૈવાંશો જીવલોકે’ના મહામંત્ર દ્વારા તેમણે આત્મગૌરવ અને પરસન્માનની જ્યોત પ્રગટાવી. ગુજરાતમાં છોટાઉદેપુર, ડાંગ-આહવા, વલસાડ, નર્મદા, દાહોદ, અરવલ્લી અને સાબરકાંઠાના વનવાસી વિસ્તારોમાં આ વિચાર ઊંડે સુધી પ્રસરી ગયો.

ભગવાન શ્રીરામચંદ્રના કર્મયોગનો કલશ એટલે ચૌદ વર્ષના વનવાસનો મધ્યાહ્નસૂર્ય. પ્રભુ શ્રીરામે વનમાં રહી શબરીમાતાના પ્રેમપૂર્વક અર્પિત બોર ભાવવિભોર થઈ સ્વીકાર્યાં. શ્રીરામ અને શબરીમાતાના આ પાવન મિલનમાં સમાનતા, આત્મીયતા અને નિર્મળ ભક્તિનો દિવ્ય સંદેશ સમાયેલો છે. સમયના વહેણ સાથે વનવાસી બાંધવો અને સમાજના અન્ય વર્ગો વચ્ચે વધેલા અંતરને ફરી દૈવી ભાવસંબંધથી જોડવાની આવશ્યકતા ઊભી થઈ.

આવી પરિસ્થિતિમાં પરમ પૂજનીય દાદાજીએ વનવાસી બાંધવોને “જેવા હતા અને જ્યાં હતા” તેવા જ પ્રેમપૂર્વક સ્વીકાર્યા. “તેરી મેરી ક્યા હૈ સગાઈ, હમ દોનો હૈ ભાઈ ભાઈ” ની દિવ્ય અનુભૂતિ કરાવી તેમણે સમજાવ્યું કે, આપણા સૌની વચ્ચે એક જ ભગવાનનો અતૂટ સંબંધ છે. આ ભગવદ્ સંબંધની અનુભૂતિએ વનવાસી જીવનમાં આત્મગૌરવ અને પરસન્માનની જ્યોત પ્રગટાવી.

સ્વાધ્યાયીઓ વર્ષોથી નિરપેક્ષ ભાવ અને દૈવી ભાઈચારાની ભાવનાથી ભારતનાં અંતરિયાળ ગામોમાં ફરી રહ્યા છે. તેમણે સંબંધ માટે જ સંબંધ સ્થાપિત કર્યો અને પ્રત્યેક વનવાસી બાંધવના હૃદયમાં બિરાજમાન ભગવાનનાં દર્શન કર્યાં.

સને ૧૯૮૩માં પરમ પૂજનીય દાદાજીએ વનવાસી પ્રદેશોમાં ‘લોકયજ્ઞ’ કર્યા. આ લોકયજ્ઞોએ પરંપરાગત યજ્ઞની ભાવનાને વિશાળ સામાજિક અને આધ્યાત્મિક પરિમાણ આપ્યું. તે વનવાસી બાંધવોના હૃદયમાં રહેલા ભગવાનની ઓળખ કરાવતા જ્ઞાનયજ્ઞ હતા. સ્વાધ્યાયીઓ એક નિશ્ચિત સ્થળે ભેગા થઈ ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ-ચારેય દિશામાં નીકળતા અને સાત દિવસ સુધી ગામે-ગામ, ઘરે-ઘરે પ્રભુ-વિચાર પહોંચાડતા.

પરમ પૂજનીય દાદાજી સ્વાધ્યાયીઓને કહેતા: “આપણે ભગવાન પ્રત્યે કૃતજ્ઞ છીએ અને તેમને નમસ્કાર કરીએ છીએ, પણ એટલું જ પૂરતું નથી. ભગવાને ગીતામાં સર્વવ્યાપકતાની વાત કરી છે. એ જ ભગવાન આ વનવાસી બાંધવોમાં પણ બિરાજમાન છે. તેથી આપણે તેમની પાસે જવું જોઈએ અને ઈશ્વર પ્રત્યેની કૃતજ્ઞતા સમજાવવી જોઈએ.”

આ પ્રેરણામાંથી વનવાસી પ્રદેશોમાં ભક્તિફેરીનો પ્રારંભ થયો, જે આજે પણ અવિરત છે. અનેક સ્વાધ્યાયી ભાઈઓ-બહેનો દર મહિને પોતાના ચોવીસ કલાક ભગવાનના કામ માટે અર્પણ કરી આ વિસ્તારોમાં જાય છે. આ ભક્તિફેરી દ્વારા હૃદયથી હૃદય જોડાય છે અને દૈવી સંબંધ વધુ ગાઢ બને છે.

૧૨ જુલાઈ, ૨૦૧૭ના રોજ વડોદરા કેન્દ્રના પ્રત્યેક વનવાસી ઘર સુધી ત્રિકાળ સંધ્યા પહોંચાડવાની મનોકામના વ્યક્ત થઈ. ૨૦૧૭થી ૨૦૧૯ દરમિયાન સ્વાધ્યાયીઓ દર શનિવાર-રવિવારે ગામોમાં જઈ ઈશ્વરીય સાનિધ્ય, આત્મીય સંબંધ અને ભક્તિની સમજણ ગાઢ કરતાં રહ્યા. પ્રત્યેક વ્યક્તિ પોતાના મુખે ત્રિકાળ સંધ્યા કરી શકે તે માટે જરૂરી સ્થળોએ સાક્ષરતાનું કાર્ય પણ હાથ ધર્યું.

આ ભગીરથ પ્રયત્નના પરિણામે ૨૦૧૯માં વડોદરા, નવસારી અને હિંમતનગર ખાતે વિશાળ “વનવાસી સમૃતિ” મિલનો યોજાયા, જ્યાં વનવાસી જનસમુદાયે હૃદયપૂર્વક ત્રિકાળ સંધ્યાનું પઠન કર્યું. ‘હલ્દી-કુમકુમ’ કાર્યક્રમ દ્વારા બહેનોને તેમનું સાચું સૌભાગ્ય-હૃદયમાં રહેલા ભગવાનરૂપ ‘ધણી’-સમજાયું.

પરમ પૂજનીય દાદાજીની સર્વાંગી દૃષ્ટિ વનવાસી બાંધવોના મનની સાથે તેમના તન અને સ્વાસ્થ્યને પણ આવરી લેતી હતી. બાળકો અને પરિવારોને પૂરતું પોષણ મળે તે ભાવથી તેમણે પૌષ્ટિક સુખડી પ્રસાદરૂપે મોકલાવી અને કામે જતાં પહેલાં આ પ્રસાદ ગ્રહણ કરવાની પ્રેમપૂર્વક ભલામણ કરી.

ઘરઆંગણે ઔષધિઓ ઉગાડી સ્વાસ્થ્યનું સંવર્ધન થાય તે માટે ‘પતંજલિ ચિકિત્સાલય’નો પ્રયોગ આપવામાં આવ્યો. ગામના યુવાનો દર અઠવાડિયે ભેગા થઈ ભારતીય સંસ્કૃતિ, જીવનમૂલ્યો અને પોતાની જવાબદારી અંગે વિચાર કરે તે માટે ‘યુવા કેન્દ્ર’નો પ્રયોગ આપ્યો. યુવાનોને પોતાના ગામમાં રહીને આજીવિકાલક્ષી કૌશલ્ય સાથે ભારતીય સંસ્કૃતિનું જ્ઞાન મળે તે માટે ‘માનવ પ્રતિષ્ઠાન’નો પ્રયોગ ઊભો થયો, જ્યાં વિવિધ રાજ્યોના વનવાસી યુવાનો એક વર્ષનું પ્રશિક્ષણ મેળવે છે.

આ પરિવર્તનનો અનુભવ કરતી એક વનવાસી બહેન ગદ્ગદિત સ્વરે કહે છે: “અમારા સાદા ઘરમાં, અમારી મેલી ઘેલી ગોદડી પર બેસવા સ્વાધ્યાયીઓ પ્રેમથી આવ્યા-એ જ અમારા માટે મોટી નવાઈ અને આનંદની વાત હતી! પૂજનીય દીદીની પ્રેરણાથી તેઓ અમારા સુધી પહોંચ્યા. પૂજનીય દાદાનો પ્રેમાળ હાથ અમારા શિર પર ફર્યો અને ત્રિકાળ સંધ્યા મળતાં અમારો સાચો ‘ધણી’ અમને પાછો મળ્યો. જગતના નાથના સાનિધ્યની અમને ઓળખ થઈ.”

પરમ પૂજનીય દાદાજીએ આપેલા વિચારોને વનવાસી સમાજે ભાવપૂર્વક જીવનમાં ઉતાર્યા છે. આજે છોટાઉદેપુર જિલ્લાના વીસ-વીસ ગામો મળીને એક આત્મીય પરિવાર બન્યા છે અને કૃતિભક્તિનો અદ્ભૂત પ્રયોગ ‘વૃક્ષમંદિર’ ચલાવે છે.

વૃક્ષમંદિર માત્ર વૃક્ષો ઉછેરવાનો પ્રયોગ નથી; પોતાના હૃદયમાં રહેલા ભગવાનને વૃક્ષ, ધરતી, જળ અને સમગ્ર સૃષ્ટિમાં નિહાળવાની કૃતિભક્તિ છે. પ્રકૃતિ પ્રત્યેની કૃતજ્ઞતા અહીં સામૂહિક જવાબદારી, ઉપાસના અને દૈવી આનંદમાં રૂપાંતરિત થાય છે.

આજે વનવાસી સમાજ આત્મગૌરવ, ઈશ્વરનિષ્ઠા, આત્મીયતા અને કૃતિભક્તિના આધારે એક દૈવી પરિવારરૂપે આગળ વધી રહ્યો છે. આવી ભાવક્રાંતિ દ્વારા જીવનમાં ભક્તિ, એકતા અને સૃષ્ટિપ્રેમનું નવજીવન પ્રગટાવનાર પરમ પૂજનીય દાદાજી અને પૂજનીય દીદીના ચરણોમાં કોટિ-કોટિ વંદન!

VAPI PAGE - 5

# વલસાડ તાલુકા વિશેષ

Tuesday 28, July 2026

આપનું અખબાર : આપનો અવાજ
DGT

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ (૦૨૬૩૨) ૨૪૪૩૧૦

● વલસાડ ●અતુલ ●ગુંદલાવ ● ડુંગરી

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com

## છીપવાડમાં દીવાલ ધારાશાયી થતાં કાર અને મોપેડ કચડાયા





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૭ :** દક્ષિણ ગુજરાતમાં વરસી રહેલા ભારે વરસાદ વચ્ચે વલસાડ શહેરમાં આભ ફાટવા જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. મુસળધાર વરસાદના કારણે શહેરના મોટાભાગના નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે, જેના કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે અને મોટાપાયે ખાનાખરાબી જોવા મળી રહી છે.

ભારે વરસાદના કારણે વલસાડ શહેરના છીપવાડમાં આવેલા કબ્રસ્તાનની જર્જરિત દીવાલ અચાનક ધારાશાહી થઈ ગઈ હતી. દીવાલ તૂટી પડતાં જ બાજુમાં પાર્ક કરેલી કાર અને મોપેડ મોપેડ કાટમાળ નીચે દબાઈ ગયું હતું. કારમાં તેમજ મોપેડ ભારે નુકસાની થઈ હતી. જેના કારણે વાહનમાલિકને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. સદનસીબે ઘટના સમયે આસપાસ કોઈ વ્યક્તિ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. વરસાદી પાણી ઘરો અને દુકાનોમાં ઘૂસી જતાં વેપારીઓ તેમજ સ્થાનિક રહીશોને મોટું આર્થિક નુકસાન પહોંચ્યું છે.

## પાથરી દત્ત મંદિરમાં ૨૯મીએ ગુરુપુર્ણિમા ઉજવાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૭ :** વલસાડ તાલુકાના પાથરી ગામે ચાલતા પ. પૂ. અનસુયા માતાજી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી દત્તપીઠ પાથરીમાં આગામી ૨૯ જુલાઈના રોજ ગુરુપૂર્ણિમા નિમિત્તે ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે.

વલસાડ તાલુકાના પાથરી ગામે આવેલા પ. પૂ. અનસૂયા માતાજી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી દત્તપીઠ - સંસ્થાન, પાથરી માં આગામી અષાઢ સુદ પુનમ, બુધવાર તા. ૨૯-૦૭-૨૦૨૬ના દિવસે ગુરુપૂર્ણિમા ઉત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવશે.

અખિલ બ્રહ્માંડના નાયક ભગવાન દત્તાત્રેયના આ પવિત્ર મંદિરે તમામ ધર્મપ્રેમી ભક્તો, શ્રદ્ધાળુઓને સપરિવાર, મિત્રો અને સ્નેહીઓ સાથે પધારવા માટે ટ્રસ્ટી મંડળ અને શુભેચ્છકો દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ગુરુ પૂર્ણિમા નિમિત્તે પાઠુકા પૂજન - ભજન - ધૂન - સત્સંગ સવારે ૮:૦૦થી ૧૨:૦૦ કલાકે, શ્રી આરતી સવારે ૧૨:૦૦ કલાકે મહાપ્રસાદ બપોરે ૧૨:૩૦થી ૩:૦૦ કલાકે આ ઉપરાંત, ભક્તો માટે દર્શનનો સમય સવારે ૫:૦૦થી રાત્રે ૯:૦૦ કલાક સુધીનો રહેશે.

## વલસાડ પંથકમાં વિવિધ સેવાકીય સંસ્થાઓ દ્વારા પૂરગ્રસ્તો વ્હારે આવી

### રોલા ગ્રામ વિકાસ ટ્રસ્ટ દ્વારા ફૂડપેકેટ્સ, ચટાઈ, ધાબળા વિતરણ કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૭ :** તાજેતરમાં પડેલા ભારે વરસાદ અને અતિવૃષ્ટિની વિકટ પરિસ્થિતિ વચ્ચે વલસાડ તાલુકામાં માનવસેવાનું એક ઉત્તમ અને પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડવામાં આવી રહ્યું છે. વલસાડ તાલુકાના રોલા ગામમાં કાર્યરત રોલા ગ્રામ વિકાસ ટ્રસ્ટના પ્રમુખ ચિંતનભાઈ પટેલ તેમજ તેમની ટીમ દ્વારા આપત્તિમાં સપડાયેલા પરિવારજનો માટે નિઃસ્વાર્થ ભાવે હાથ ધરાયેલું સેવાકાર્ય અત્યંત પ્રશંસનીય બની રહ્યું છે. ટ્રસ્ટ દ્વારા કાંઠા વિસ્તાર તેમજ વલસાડ શહેર અને આસપાસના પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં જરૂરિયાતમંદ લોકો સુધી સમયસર મદદ પહોંચાડવામાં આવી રહી છે. અસરગ્રસ્ત પરિવારો માટે તાત્કાલિક ભોજન અને ફૂડ પેકેટ્સથી લઈને સુવા માટે ચટાઈ, ધાબળા અને અન્ય તમામ જરૂરી જીવનોપયોગી ચીજવસ્તુઓનું સતત વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ માનવસેવાના ભગીરથ કાર્ય વચ્ચે વલસાડના સંસદસભ્ય ધવલભાઈ પટેલે રોલા ગ્રામ વિકાસ ટ્રસ્ટના સ્થળ પર પહોંચી ચાલતી સમગ્ર કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. ટ્રસ્ટ દ્વારા આજે અંદાજે ૧,૫૦૦ જેટલી અનાજની કિટ્સ તૈયાર કરવાની કામગીરી ચાલી રહી હતી, જેની મુલાકાત લઈ સાંસદે ખુશી વ્યક્ત કરી હતી.

### હનુમાનભાગડામાં કપડાંનું વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**વલસાડ, તા. ૨૭ :** વલસાડ જિલ્લામાં ભારે વરસાદથી સર્જાયેલી તારાજી થી અનેક લોકો બેઘર બન્યા છે. રેલના પાણીમાં ઘર વખરી સામાન, અનાજ કપડા સહિત તમામ ચીજ વસ્તુઓ બગડી ગઈ કે રેલ ના પાણીમાં તણાઈ ગયા છે. ઉંટડી ગામના સેવાભાવી યુવક અને તેમના પરિવાર દ્વારા ૨૦૦ અનાજ કીટ તથા કાપડ વિતરણ કરવામાં આવ્યા હતા. માનવસેવાએ જ પ્રભુસેવાના ઉદ્દેશ્ય સાથે વલસાડ તાલુકાના ઉંટડી ગામના ભામાશા અને ઉદારદિલ યુવક તેજસભાઈ ડી. પટેલ દ્વારા એક સરાહનીય સેવાકાર્ય કરવામાં આવ્યું છે. તેઓ દ્વારા નજીકના હનુમાન ભાગડા ગામના જરૂરિયાતમંદ ૨૦૦ જેટલા પરિવારોને અનાજની કિટો તથા કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તબક્કે તેજસભાઈ પટેલે આ માનવતાવાદી કાર્યમાં નિઃસ્વાર્થ ભાવે મદદરૂપ થનાર તમામ પરિવારજનો, મિત્રો અને શુભેચ્છકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમના આ સેવાકાર્યની સમગ્ર વલસાડ પંથકમાં ભારે પ્રશંસા થઈ રહી છે.

### આબ્રામા વાવ ફ.માં રોયલ ક્રુઝર ગૃપ દ્વારા રાહત કિટનું વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)





**વલસાડ, તા. ૨૭ :** તાજેતરમાં પડેલા ભારે વરસાદ અને પૂર જેવી પરિસ્થિતિથી પ્રભાવિત આબ્રામા વાવ ફળિયા વિસ્તારમાં આજે રોયલ ક્રુઝર ગ્રુપ દ્વારા માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું. ગ્રુપના સભ્યો દ્વારા આશરે ૧૫૦ જેટલી અનાજ કિટોનું વિતરણ કરીને જરૂરિયાતમંદ પરિવારોને જીવનજરૂરી ચીજવસ્તુઓ પહોંચાડવામાં આવી હતી.

આ સેવાકીય કાર્યમાં ભક્તિબેન લીમ્બાચિયા, જગદીશભાઈ આહીર, ચેતનભાઈ પટેલ, હેમલ પટેલ, ડૉ. નિરવ ગજરે, હાર્દિક સોલંકી, -તિક ભારતીયા અને પ્રેમ મલાણી સહિત ગ્રુપના સભ્યોએ સક્રિય ભાગ લઈને માનવસેવાનું ઉત્તમ કાર્ય કર્યુ હતું. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, પૂરગ્રસ્ત પરિવારોને હાલમાં પણ અનાજ, કપડાં તેમજ અન્ય આવશ્યક ચીજવસ્તુઓની તાત્કાલિક જરૂરિયાત છે. રોયલ ક્રુઝર ગ્રુપે સમાજના સેવાભાવી લોકો, સંસ્થાઓ અને દાતાઓને આગળ આવીને પૂરપીડિત પરિવારોને શક્ય તેટલી મદદ કરવા અપીલ કરી છે.

### વલસાડમાં સંજય સ્ટીલ અને ઓમકારેશ્વર મહાદેવ મંદિર પરિવાર દ્વારા રાહત સામગ્રીનું વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)





**વલસાડ, તા. ૨૭ :** તાજેતરમાં ઓરંગા નદીમાં આવેલા પૂરને કારણે વલસાડ શહેર અને આસપાસના નીચાણવાળા વિસ્તારોમાં ભારે હોનારત સર્જાઈ છે.

પૂરના પાણી ઓસર્યા બાદ પણ લોકોની હાલાકી અકબંધ છે. ત્યારે માનવતાના ધોરણે મદદ કરવા માટે વલસાડનું સંજય સ્ટીલ અને ઓમકારેશ્વર મહાદેવ મંદિર આગળ આવ્યું છે. ઓરંગા નદીના પૂરથી પ્રભાવિત એવા હનુમાન ભાગડા, વલસાડ, પારડી, વાડી ફળિયા અને કાશ્મીર નગર જેવા વિસ્તારોમાં સંજય સ્ટીલના આયુ સંજય શાહ તેમજ તેમની સમગ્ર ટીમ દ્વારા જરૂરિયાતમંદ પરિવાર સુધી સીધી મદદ પહોંચાડવામાં આવી હતી.

આ રાહત વિતરણ કાર્યક્રમમાં આયુ સંજય શાહની સાથે આયુ સંજય શાહ તેમના સહયોગીઓ અને સેવાભાવી કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા અને વ્યવસ્થિત રીતે તમામ પીડિતો સુધી સહાય પહોંચાડી હતી. રહીશો એ સંજય સ્ટીલ અને તેમનો પરિવારની આ સરાહનીય કાર્યની પ્રશંસા કરી હતી.

### જય અંબે જવેલર્સ દ્વારા કપડાં-ચાદરનું વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)





**વલસાડ, તા. ૨૭ :** તાજેતરમાં વલસાડ શહેરમાં પડેલા ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ઘરોમાં પાણી ભરાઈ જવાને કારણે અનેક પરિવારોને મોટા પાયે આર્થિક અને ભૌતિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. આ આપદાના સમયે વલસાડ ની જાણીતી 'જય અંબે જ્વેલર્સ' અને તેમની ટીમના દ્વારા વલસાડ, પારડી તેમજ વાડીફળીયા વિસ્તારના જરૂરિયાતમંદ અને નુકસાનગ્રસ્ત પરિવારોને કપડા - ચાદરોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય અભિયાન હેઠળ અંદાજે ૯૫ જેટલી કપડા ચાદરનું વિતરણ કરી લોકોને મદદરૂપ બનવાનો પ્રયાસ કરાયો હતો. મદદ મેળવનાર સ્થાનિક પરિવારોએ જય અંબે જ્વેલર્સ અને તમામ સહયોગીઓનો આભાર માન્યો હતો.

## વલસાડના કાંઠાના ગામોમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું

**ધારાસભ્યએ મુલાકાત લઈ અન્નકુટની સહાય કરી**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૭ :** વલસાડના ધારાસભ્ય એ વલસાડ શહેર તેમજ વલસાડના કાંઠા વિસ્તારના દાંડી, કાકવાડી, દાંતી, ભાગડાખુર્દ, વલસાડ પારડી, તારીયાવાડ, કશ્મીરનગર અને છીપવાડ જેવા વિસ્તારોની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન વિવિધ ગ્રામીણ વિસ્તારોમાં જરૂરિયાતમંદ પરિવારોને અનાજ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલે વલસાડ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં જનસેવા તથા વિકાસ કાર્યોનો દૌરો કર્યો હતો. તેમણે કાંઠા વિસ્તાર માં આવેલા દાંડી, કાકવાડી, દાંતી, ભાગડાખુર્દ, વલસાડ પારડી, તારીયાવાડ, કશ્મીરનગર અને છીપવાડ જેવા વિસ્તારોની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન વિવિધ ગ્રામીણ વિસ્તારોમાં જરૂરિયાતમંદ પરિવારોને અનાજ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

તદુપરાંત વિસ્તારમાં આરોગ્ય અને સફાઈ પ્રત્યે જાગરૂકતા લાવવાના ભાગરૂપે સ્વચ્છતા અભિયાન હેઠળ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ દૌરા દરમિયાન ભાનુશાલી મિત્ર મંડળ દ્વારા આયોજિત સેવા કાર્યક્રમમાં હાજરી આપીને અસરગ્રસ્ત અને નાના વેપારીઓને સહાય તથા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. લોકસેવાના આ તમામ કાર્યક્રમોમાં સ્થાનિક આગેવાનો, વેપારી મંડળના સભ્યો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.

## વેજલપોરમાં ગરીબ પરિવારોની આજીવન કમાણી પાણીમાં હોમાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**વલસાડ, તા. ૨૭ :** તાજેતરમાં વલસાડ જિલ્લામાં આવેલા વિનાશક પૂરના પાણી ઓસર્યા બાદ હવે પૂર બાદની વિકટ પરિસ્થિતિના દ્રશ્યો સામે આવી રહ્યા છે. વલસાડ તાલુકાના વેજલપોર વિસ્તારમાં પૂરના પાણી તો ઉતરી ગયા છે, પરંતુ સ્થાનિક રહીશો માટે મુશ્કેલીઓનો અંત આવ્યો નથી.

સમગ્ર વિસ્તારમાં ઘરોની અંદર કીચડનું સામ્રાજ્ય પથરાયેલું છે અને રસ્તાઓ પર પૂરથી નુકસાન પામેલો સામાન વેખરાયેલો જોવા મળી રહ્યો છે. સ્થાનિક રહીશો હાલ પોતાની પલળી ગયેલી ઘરવખરી, કપડાં, બાળકોની ચોપડીઓ અને મહત્વના કાગળો રસ્તા પર સૂકવવા મજબૂર બન્યા છે. વેજલપુર ગામે રહેતી સ્થાનિક પીડિત મહિલા અંસાબેન ઝીણા ભાઈ એ જણાવ્યું કે, રાત્રિના સમયે અચાનક પૂરના પાણી ઘૂસી જતાં કોઈને સામાન ખસેડવાની કે સુરક્ષિત કરવાની તક જ મળી ન હતી. અમે મજૂરી કરીને ઘરમાં એક-એક વસ્તુ ભેગી કરી હતી, પરંતુ અચાનક પાણી આવી જતાં સોનું-ચાંદી, રાંધણગેસનો સિલિન્ડર, બાળકોના જન્મના દાખલા, પાનકાર્ડ અને શાળાના કાગળો બધું જ પૂરના પાણીમાં હોમાઈ ગયું છે.

પૂરના કારણે ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને ભારે આર્થિક અને માનસિક આઘાત લાગ્યો છે. બાળકોના શૈક્ષણિક સર્ટિફિકેટ્સ, મહત્વના સરકારી આઈડી કાર્ડ્સ આધારકાર્ડ, પાનકાર્ડ, પલળીને તદ્દન નકામા થઈ ગયા છે. આ ઉપરાંત, સોફાસેટ, કબાટ, બેડ, અનાજનો જથ્થો સંપૂર્ણપણે નાશ પામ્યો છે. કેટલાય કાચા ઘરોની દીવાલો તૂટી પડી છે અને કીચડના કારણે ઘરોમાં રહેવા યોગ્ય સ્થિતિ રહી નથી.

આ મુશ્કેલ સમયમાં પૂર દરમિયાન સ્થાનિક સ્વયંસેવકો અને સરપંચ દ્વારા ચા-નાસ્તો અને જમવાની પ્રાથમિક વ્યવસ્થા કરવામાં આવી હતી. જોકે, પીડિતોની મુખ્ય માંગ છે કે સરકારી અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર આવીને થયેલા નુકસાનનો પંચનામો અને સર્વે કરે, જેથી તેમને આર્થિક તથા ઘરવખરી માટે યોગ્ય સરકારી સહાય ઝડપથી મંજૂર થઈ શકે.

## વલસાડ- ખેરગામને જોડતો કૈલાસરોડ બ્રીજ કાલથી શરુ થવાની શક્યતા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૭ :** વલસાડ ખેરગામ રોડ પર ઔરંગા નદીનો પુલ આવેલો છે. આ રોડ પરથી વલસાડ ખેરગામ વિસ્તારના ૨૫થી વધુ ગામોના રહીશો નોકરીયાતો, શાળા કોલેજના વિદ્યાર્થીઓ અવર જવર કરે છે. વલસાડ ગામ રોડ પર આવેલ ઔરંગા નદીનો બ્રિજ પાંચ દાયકાથી જૂનો છે. તેમ છતાં આ બ્રિજ લોકો માટે અત્યંત ઉપયોગી છે. આ ઔરંગાનો બ્રિજ પરથી અસંખ્ય વાર નાની મોટી રેલના ધસમસ્તા પાણી સામે ટક્કર આપી છે . તેમ છતાં આજે પણ આ ઔરંગા નદીનો બ્રિજ અડીખમ છે. ત્યારે ચાર દિવસ અગાઉ વલસાડ જિલ્લા તેમજ ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના પગલે વલસાડની ઓરંગા નદીમાં પુર આવ્યા હતાં. વલસાડની ઔરંગા નદીના પુલ પરથી આશરે ૨૫ ફૂટ ઉપરથી પાણી વહેતા નદી પરના પુલનો ડામર રસ્તો ઉખડી ગયો જયારે બે જગ્યાએ મોટું ડેમેજ થવાના કારણે રસ્તો બંધ કરવામાં આવ્યો હતો. ઔરંગા નદીનો બ્રિજ બંધ કરતા વલસાડ ગામના ૨૫ થી વધુ ગામોના લોકોનો વ્યવહાર ખોળવાયો છે. ત્યારે વાહન ચાલકોને ગુંદલાવ ધરમપુર ચોકડી થઈ વલસાડ એટલે કે પાંચ કિલોમીટરનો વધારાનો ચકરાવો કરી જવાની ફરજ પડી રહી છે. વરસાદ નું જોર ઘટતા વલસાડ માર્ગ મકાન વિભાગ દ્વારા વલસાડના ઔરંગા નદી પરનો બ્રિજ પર યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે. નદીના બ્રિજની મુલાકાત વલસાડ જિલ્લા કલેકટર એ પણ કરી છે. આ બ્રીજના મરામત માટે મશીનરી કામગીરી કરવામાં આવી રહી છે જેથી કાલથી રસ્તો ખુલ્લો કરવામાં આવશેનું કાર્યપાલક ઈજનેર જતીન પટેલે જણાવ્યું છે.

## વલસાડ-ખેરગામના શ્રી માહ્યાવંશી સહાય ટ્રસ્ટ દ્વારા અનાજ કીટનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૭ :** શ્રી માહ્યાવંશી સહાય ટ્રસ્ટ - વલસાડ અને ખેરગામ તાલુકા દ્વારા ૫ ગામોમાં સમાજ ગામોમાં સમાજના લોકોને મદદરૂપ બન્યા ચાર દિવસ અગાઉ વલસાડમાં પડેલા ભારે વરસાદથી હરિયા, હનુમાન ભાગડા, વલસાડ પારડી, લીલાપોર અને વાડી વલસાડ પારડીના માહ્યાવંશી સમાજના મહત્તમ ઘરોમાં પૂરના પાણી ઘૂસી જતાં ભારે નુકશાન થયું હતું. શ્રી માહ્યાવંશી સહાય ટ્રસ્ટ વલસાડ અને ખેરગામ તાલુકો ચાર દિવસ અગાઉ વલસાડમાં પડેલા ભારે વરસાદથી હરિયા, હનુમાન ભાગડા, વલસાડ, પારડી, લીલાપોર અને વાડી વલસાડ પારડી ના માહ્યાવંશી સમાજના મહત્તમ ઘરોમાં પૂરના પાણી ઘૂસી જતા ભારે નુકશાન થયું હતું. શ્રી માહ્યાવંશી સહાય ટ્રસ્ટ -વલસાડ અને ખેરગામ તાલુકો ટ્રસ્ટના ટ્રસ્ટીઓ પ્રમુખ ધનેશભાઈ અને એમની યુવા ટ્રસ્ટીઓમાં જીગર લીલાકર, સુમિત સુરતી, હિરેન સોઈવાલા, મિતેશ રાઠોડ, કૃણાલ વાઘિયા, ઉપપ્રમુખ ભૂપેશ હરીયાવાલા, રાકેશ ખેરગામકર, રાહુલ કલવાડીયા, યુવા પ્રતિનિધિ જીગુભાઈ અટગામ, પ્રિન્સ કાસલા, મેહુલ મોરેકર,અનિલભાઈ સુરતી તેમજ અમિત પટેલ લીલાપોર અને સમાજના સક્રિય સેવક મહેન્દ્ર ઘહેજવાલા વિગેરે ૬૦ નંગ જેટલી સંપૂર્ણ કીટ તૈયાર કરી સવાર થી સાંજ સુધી પોતાના વાહનોમાં વિતરણ કરી ને સમાજ સેવાની એક ઉત્કૃષ્ટ કાર્ય કર્યું છે.

**સરપંચ ભોલાભાઈ પટેલની આગેવાનીમાં**

## પારડી સાંઢપોરમાં યુદ્ધના ધોરણે સફાઈ અને રાહત કામગીરી શરૂ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૭ :** પૂરના કારણે ઔરંગા નદી કિનારે આવેલા પારડી સાંઢપોર ગામ, કૈલાશ રોડ પર આવેલી સોસાયટીઓ, દુકાનો, મકાનો, ઓફિસો, ગોડાઉનો અને એસ.બી.આઈ. બેંક સહિત અનેક વિસ્તારો અને રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ જતાં મોટા પાયે તારાજી સર્જાઈ હતી. ઘરોમાં પાણી ભરાઈ જવાથી ગાદલા-ગોદડાં, અનાજ, કપડાં અને ઘરવખરીનો સામાન સંપૂર્ણપણે બગડી જતાં લોકોએ નકામો સામાન રસ્તાની આજુબાજુ તેમજ સોસાયટીઓ બહાર ફેંકવાની ફરજ પડી હતી. પારડી સાંઢપોર ગ્રામ પંચાયતના સરપંચ ધર્મેશભાઈ ઉર્ફે ભોલાભાઈ પટેલ વહેલી સવારથી જ ગ્રામ પંચાયત કચેરીએ પહોંચી જઈ ખડે પગે રાહત કામગીરીમાં જોડાઈ ગયા છે. તેમની આગેવાની હેઠળ તાત્કાલિક ઉજેસીબી અને ૧૮ ટ્રેક્ટરો કામે લગાડીને સમગ્ર વિસ્તારમાં યુદ્ધના ધોરણે સાફ-સફાઈ હાથ ધરવામાં આવી છે.

ગ્રામજનોના સ્વાસ્થ્યની જાળવણી માટે મેડિકલ ટીમો પણ ઘરે-ઘરે ફરી રહી છે. બીજી તરફ, પૂરથી થયેલા નુકસાન બદલ ગ્રામજનોને સરકાર તરફથી તાત્કાલિક સહાય મળી રહે તે માટે સરપંચ ભોલાભાઈ પટેલ દ્વારા ગ્રામ પંચાયત તલાટી, હેડ ક્લાર્ક તેમજ અન્ય કર્મચારીઓને નુકસાનીના સર્વે અને કામગીરીમાં જોતરી દેવામાં આવ્યા છે.

## અટારની પીકેડી વિદ્યાલયમાં ૧૦૦ વૃક્ષોનું રોપણ કરાયું



**વલસાડ, તા. ૨૭ :** પર્યાવરણ જતન અને હરિયાળી ક્રાંતિના સંદેશ સાથે અટાર સ્થિત પી. કે. ડી. દેસાઈ વિદ્યાલય 'એક પેડ મા કે નામ' કાર્યક્રમની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ ખાસ ઝુંબેશ હેઠળ શાળા પરિસરમાં ૧૦૦ જેટલા વિવિધ છોડવાઓનું રોપણ કરવામાં આવ્યું હતું.

આ સરાહનીય કાર્યક્રમ માટે એ.આર.ડી.એફ. (ARDF) - અતુલ તરફથી શાળાને ૧૦૦ જેટલા છોડ સહયોગ રૂપે ભેટ આપવામાં આવ્યા હતાં. શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ પ્રેમ અને ઉત્સાહપૂર્વક આ છોડ વાવીને તેમના ઉછેર અને જતનની જવાબદારી સ્વીકારી હતી. કાર્યક્રમની સફળતા બાદ શાળા પરિવાર અને ટ્રસ્ટ દ્વારા એ.આર.ડી.એફ. અતુલના આ ઉદાત્ત અને પર્યાવરણલક્ષી સહયોગ બદલ તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Tuesday 28, July 2026


## ટ્રમ્પનો ટેરિફ પડકાર : દવા કંપનીઓ સાબદી બને

અમેરિકાના રષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને વધુ એક વખત ટેરિફ લાદવાનો જવર લાગુ પડયો છે, ત્યાંની સર્વોચ્ચ આદલતે ટ્રમ્પના અગાઉના પગલાંને રદ કર્યા બાદ વધુ એક વખત ટેરિફ લાદવાનાં પગલાં લેવાઈ રહ્યાં છે. ગયા ગુરુવારે ટ્રમ્પે ભારત સહિત ૧૬ દેશમાંથી થતી આયાત પર ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી. ભારત પર ૧૦ ટકા અને અન્ય દેશો પર ૧૨.૫ ટકાની આ ટેરિફથી સ્વાભાવિક રીતે આ દેશોની અમેરિકા સાથેની નિકાસ પર અવળી અસર પડી શકે તેમ છે.જો કે, ટેરિફ અંગેના એક અન્ય ગંભીર નિર્ણયમાં અમેરિકાએ ભારત સહિતના દેશોમાંથી આયાત થતી જેનેરિક દવાઓ પર ઓગસ્ટ ૨૦૨૮થી અમલમાં આવે તે રીતે વધારાની ૨૧૦૦ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. આ ૧૦૦ ટકા ટેરિફ બીજા વર્ષે ૨૦૦ ટકા થઈ જશે એવો નિર્ણય ટ્રમ્પ સરકારે જાહેર કર્યો છે. અમેરિકા જેનેરિક દવાઓની બહુ મોટાપાયે આયાત કરે છે અને ભારતનો તેમાં મોટો હિસ્સો હોવાથી ટેરિફના આ નવાં પગલાંથી ભારતીય દવા ઉત્પાદક કંપનીઓને મોટો ફટકો પડશે.આમ તો આ અગાઉ ટ્રમ્પે ભારત સહિતના દેશો પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો હતો, પરંતુ અમેરિકાની સર્વોચ્ચ અદાલતે તેને રદ જાહેર કરી હતી. હવે ટ્રમ્પ ટેરિફના તેમના ઈરાદાને કોઈ પણ હિસાબે જીવતો રાખવા માગતા હોય તેમ ફરીવાર ટેરિફના નિર્ણય લઈ રહ્યા છે. જો કે, આ પગલાંની સામે અમેરિકાની સર્વોચ્ચ અદાલત ફરીવાર આકરાં પગલાં લે છે કે કેમ, એ તો આવનારો સમય જ કહેશે. ૨૦૨૮થી જેનેરિક દવાઓની આયાત પર ભારે ટેરિફ લાદવાના પગલાંથી દેખીતી રીતે ભારતની નિકાસ પર મોટી અસર પડી શકે તેમ છે. ભારતના દવા ઉત્પાદકો દુનિયાના સંખ્યાબંધ દેશોમાં જેનેરિક દવાઓ પૂરી પાડે છે, પણ આમાં મોટો હિસ્સો અમેરિકાનો છે. ભારત વર્ષે દિવસે ૨૫.૮ અબજ ડોલરની જેનેરિક દવાઓ નિકાસ કરે છે જેમાંથી અમેરિકાને નિકાસનો હિસ્સો ૩૮ ટકા જેટલો છે. અમેરિકાએ ગયા વર્ષે ભારતથી ૯.૭ અબજ ડોલરની દવાઓ આયાત કરી હતી. આનાથી સ્પષ્ટ છે કે, ૨૦૨૮થી ભારતની નિકાસ પર ભારે અસર ઊભી થાય તેમ છે. ૨૦૨૮થી અમલમાં આવનારી અમેરિકાની ટેરિફના પડકારને પહોંચી વળવા ભારત પાસે પૂરતો સમય છે. ભારતે યુરોપ, લેટિન અમેરિકા, આફ્રિકા અને અન્ય એશિયન દેશોમાં દવાની નિકાસને વધારવા પર ધ્યાન કેન્દ્રીત કરવાની ખાસ જરૂરત રહેશે. બાકી ટ્રમ્પની -કૃતિને જોતાં ૨૦૨૮માં દવાઓની આયાત પરની ટેરિફના મામલે હજી ઘણા બધા ફેરફાર આવે એવી પૂરી શક્યતાને કોઈ નકારી શકે તેમ નથી. અમેરિકાના પડકારની સામે ભારતની કંપનીઓ આ બે વર્ષના ગાળામાં નિકાસને વધારવા અન્ય દેશોની બજારો પર ધ્યાન કેન્દ્રીત કરીને વિકલ્પ તૈયાર કરી શકે, તો ટ્રમ્પની ટેરિફ ખરા અર્થમાં ભારતીય નિકાસ માટે

# આજે એન્ટી પેપર લીક બિલ પર ફેંસલો

## સોમવારે લોકસભામાં સ્પીકર ઓમ બિરલાની પહેલ બાદ તમામ મુખ્ય રાજકીય પક્ષોએ મહત્વપૂર્ણ બિલ પર ચર્ચા શરૂ કરવા સહમતિ વ્યક્ત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭ :** લોકસભામાં સરકાર અને વિપક્ષ વચ્ચે ચાલી રહેલો ગતિરોધ આખરે સમાપ્ત થયો છે. પેપર લીક સંબંધિત બિલ પર આવતીકાલે (૨૮ જુલાઈ) સદનમાં ચર્ચા થશે. લોકસભા સ્પીકર ઓમ બિરલાની પહેલ બાદ તમામ મુખ્ય રાજકીય પક્ષોએ મંગળવારથી આ મહત્વપૂર્ણ બિલ પર ચર્ચા શરૂ કરવા સહમતિ વ્યક્ત કરી છે.

સદનની કાર્યવાહી દરમિયાન અધ્યક્ષ ઓમ બિરલાએ તમામ પક્ષોને અપીલ કરી હતી કે, આ વિષય દેશના કરોડો વિદ્યાર્થીઓ, યુવાનો અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની પારદર્શિતા સાથે જોડાયેલો છે. આવી સ્થિતિમાં આના પર વ્યાપક અને સાર્થક ચર્ચા થવી જરૂરી છે.

સ્પીકરની આ સકારાત્મક પહેલ બાદ લોકસભા અધ્યક્ષે ખુદ વિવિધ રાજકીય પક્ષોના ફ્લોર લીડર્સ સાથે વાતચીત કરી. જેના પરિણામે સત્તાપક્ષ અને વિપક્ષ બંનેએ સહમતિ સાધીને મંગળવારે બિલ પર વિસ્તૃત ચર્ચા કરાવવાનો નિર્ણય લીધો છે. આનાથી સદનમાં સહમતિ અને સંવાદની ભાવનાને પણ બળ મળ્યું છે.

આ બિલ જાહેર પરીક્ષાઓમાં પેપર લીક, નકલ, સંગઠિત પરીક્ષા માફિયા અને અન્ય અયોગ્ય સાધનો પર અસરકારક રોક લગાવવાના હેતુથી લાવવામાં આવ્યું છે. મંગળવારે થવા જઈ રહેલી ચર્ચા દરમિયાન વિવિધ પક્ષો બિલની જોગવાઈઓ પર પોતાના સૂચનો અને સુધારા પણ રજૂ કરી શકે છે. ચર્ચા બાદ સરકાર આ સૂચનોનો જવાબ આપશે અને ત્યારબાદ વિધેયકને સદનની મંજૂરી માટે રજૂ કરવામાં આવશે.

સંસદીય પરંપરાઓ હેઠળ અધ્યક્ષ ઓમ બિરલાની પહેલે ફરી એકવાર એ સંદેશ આપ્યો છે કે મહત્વપૂર્ણ રાષ્ટ્રીય મુદ્દાઓ પર સંવાદ, સહમતિ અને વિસ્તૃત ચર્ચા જ લોકશાહીની સૌથી મોટી તાકાત છે. તેમના પ્રયાસોથી તમામ પક્ષોનું ચર્ચા માટે તૈયાર થવું એ સંસદીય ગરિમા અને લોકતાંત્રિક મૂલ્યોનું સકારાત્મક ઉદાહરણ માનવામાં આવી રહ્યું છે.



નીટ પેપર લીક સામે અનેક અઠવાડિયા સુધી ચાલેલા દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો બાદ કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે સોમવારે (૨૭ જુલાઈ) લોકસભામાં પેપર લીક વિરોધી બિલ રજૂ કર્યું હતું. આના પર સત્તાપક્ષના સભ્યોએ ટેબલ થપથપાવીને પોતાનું સમર્થન આપ્યું હતું. લોકસભા સ્પીકરે બિલ પર સુધારા રજૂ કરવા માટે બપોરે ૧:૦૦ વાગ્યા સુધીનો સમય નક્કી કર્યો હતો, પરંતુ વિપક્ષના હંગામાને કારણે આજે આના પર ચર્ચા ન થઈ શકી.

## સંસદ માર્ચમાં વિદ્યાર્થી પર પેલેટ ગન ચલાવનારા RAF જવાનની ઓળખ થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭ :** નીટ પેપર લીક વિરોધ પ્રદર્શન અને સંસદ માર્ચ દરમિયાન પ્રદર્શનકારીઓ પર પેલેટ ગનના ઉપયોગના મામલે સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) ની તપાસમાં મોટો ખુલાસો થયો છે. તપાસ ટીમ દ્વારા તે રેપિડ એક્શન ફોર્સ (RAF) ના જવાનની ઓળખ કરી લેવામાં આવી છે, જેણે પ્રદર્શન દરમિયાન પેલેટ ગનથી ફાયરિંગ કર્યું હતું.

CRPF ના સૂત્રોના જણાવ્યા અનુસાર, તપાસમાં સામે આવ્યું છે કે સંબંધિત જવાન દ્વારા કુલ ૭ રાઉન્ડ ફાયર કરવામાં આવ્યા હતા. આમાંથી ૫ રાઉન્ડ પ્રદર્શનકારીઓને વાગ્યા હતા, જ્યારે ૨ રાઉન્ડ જમીન પર વાગ્યા હતા.

આ તમામ ફાયરિંગ કનૉટ પ્લેસ વિસ્તારમાં થયું હતું. હવે તપાસ ટીમ એ પણ શોધી રહી છે કે કઈ પરિસ્થિતિઓમાં પેલેટ ગનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને ફાયરિંગ કયા-કયા સ્થળોએ થયું હતું. આ મામલે તપાસ રિપોર્ટ આગામી ૧ અઠવાડિયામાં આવવાની સંભાવના છે. જેના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ૨૦ જુલાઈએ સંસદ માર્ચ દરમિયાન હિંસા ફાટી નીકળ્યા બાદ પોલીસે લાઠીચાર્જ અને ટીયર ગેસના શેલ છોડ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા પેલેટ ગનનો ઉપયોગ કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. જેને દિલ્હી પોલીસે અગાઉ નકાર્યો હતો. જો કે, સફદરજંગ હોસ્પિટલે એક ઘાયલના શરીરમાં પેલેટની ઈજાઓની પુષ્ટિ કરી હતી. આ ઘટના બાદ RAFની મહાનિરીક્ષક સીમા ધૂંડિયાની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં દિલ્હીમાં આગામી આદેશ સુધી પ્રોજેક્ટાઈલ એક્શન ગન, એન્ટી રાયટ ગન અને ઈલેક્ટ્રિક શૉક હથિયારોના ઉપયોગ પર રોક લગાવવાના નિર્દેશો આપવામાં આવ્યા છે.

## CJP નેતાઓની ફાઈવ સ્ટાર હોટેલ પાર્ટીનો વીડિયો વાયરલ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭ :** કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ કોકરોચ જનતા પાર્ટી (CJP)ના નેતાઓ હોટેલની ઉજવણીમાં નાચતા હોય તેવા અનેક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. જેના પર સુપ્રીમ કોર્ટના સિનિયર વકીલ મહેશ જેઠમલાણીએ સવાલ કરતા પૂછ્યું કે, 'CJPને ભંડોળ ક્યાંથી મળી રહ્યું છે?' વાયરલ વીડિયોમાં CJPના પ્રવક્તા સૌરવ દાસ અને આશુતોષ રાંકા અન્ય લોકો સાથે ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા પછી બોલિવૂડ ગીતો પર નાચતા જોવા મળ્યા હતા. એક વાયરલ ક્લિપ પર પ્રતિક્રિયા આપતા, મહેશ

**સુપ્રીમ કોર્ટના સિનિયર વકીલ મહેશ જેઠમલાણીએ સવાલ કરતા પૂછ્યું કે, CJPને ભંડોળ ક્યાંથી મળી રહ્યું છે?**

જેઠમલાણીએ ટીકા કરી અને CJP આંદોલન પાછળની ફંડિંગ પર સવાલો ઉઠાવ્યા. તેમણે X પર એક પોસ્ટમાં લખ્યું કે, "ખરેખર? CJPના નેતાઓ હોટેલમાં જીતની પાર્ટી આપી રહ્યા છે! દિલ્હીમાં ઘણાં દિવસોની હિંસા પછી, આ નામના યુવા કાર્યકરો ગીતો વગાડીને નાચી રહ્યા છે. આ આંદોલન દરમિયાન મુસાફરી, ભોજન, રહેઠાણ, સાધનો અને લોજિસ્ટિક્સના રૂપિયા (ભંડોળ) કોણે આપ્યા? દિલ્હીને જોખમમાં મૂકનારા લોકોને ફંડિંગ કોણે પૂરી પાડી?"

નોંધનીય છે કે, ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપ્યા પછી અને કેન્દ્ર સરકારે NEET પેપર લીકના મુદ્દા પર CJPની મુખ્ય માંગણીઓ સ્વીકાર્યા પછી CJPએ તેનું ૩૬-દિવસનું આંદોલન પાછું ખેંચી લીધું હતું. ત્યારે, ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપ્યાના થોડા સમય પછી આ ઉજવણી થઈ હતી. આ દરમિયાન કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે એવો પણ દાવો કર્યો હતો કે આ કાર્યક્રમ ફાઈવ સ્ટાર હોટેલમાં યોજાયો હતો.

## ધર્મેન્દ્ર પ્રધાન બાદ હવે રાજ્યોમાં શિક્ષણ મંત્રીઓ સામે વિરોધ શરૂ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭ :** કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાં બાદ હવે દેશભરના વિવિધ રાજ્યોમાં પણ પેપર લીક અને સરકારી ભરતીમાં ગેરરીતિઓને લઈને રાજકારણ ગરમાયું છે. વિવિધ વિધાર્થી સંગઠનો અને વિપક્ષી દળોએ હવે ઝારખંડ, પંજાબ, કેરળ, કર્ણાટક, આંધ્ર પ્રદેશ અને તેલંગાણાના શિક્ષણ મંત્રીઓ પાસે રાજીનામાંની માગ ઝડપી બનાવી છે.

પંજાબમાં બે મોટી સરકારી ભરતીઓને લઈને ભગવંત માન સરકાર વિપક્ષના નિશાના પર આવી ગઈ છે. બાબા ફરીદ યુનિવર્સિટી દ્વારા આયોજિત ફાર્મસી ઓફિસર પરીક્ષા દરમિયાન પોલીસ અને ફ્લાઈંગ સ્કવોડે ફરીદકોટ, ફિરોઝપુર અને કોટ કપૂરાના કેન્દ્રો પર દરોડા પાડીને ૩૫ લોકોની અટકાયત કરી હતી. પરીક્ષા દરમિયાન ઉમેદવારો પાસેથી બ્લૂટૂથ ડિવાઈસ, બટન કેમેરા અને વાયરલેસ સાધનો મળી આવ્યા હતા, જેના દ્વારા હરિયાણા અને રાજસ્થાનના કંટ્રોલ રૂમમાંથી ઉત્તરો બોલવામાં આવી રહ્યા હતા.

બીજી તરફ, કૃષિ વિકાસ અધિકારી (ADO) ભરતી પરીક્ષામાં પણ પેપર લીક કરવાનો અને ગ્રેસ માર્ક્સ આપીને મામલો દબાવવાનો આરોપ મૂકીને વિપક્ષે રાજ્યના શિક્ષણ અને આરોગ્ય મંત્રીના રાજીનામાંની માગ કરી છે. આંધ્ર પ્રદેશમાં મેગા DSC-2025 શિક્ષક ભરતી પરીક્ષાને લઈને વિપક્ષી પાર્ટી YSRCPએ મોટો મોરચો ખોલ્યો છે. પાર્ટીએ શિક્ષણ મંત્રી નારા લોકેશના રાજીનામાંની માગ સાથે સમગ્ર મામલાની કોર્ટની દેખરેખ હેઠળ સીબીઆઈ (CBI) તપાસ કરવાની માગ કરી છે. તેલંગાણામાં ભારતીય જનતા પાર્ટીએ મુખ્યમંત્રી રેવંત રેડ્ડી પાસે શિક્ષણ મંત્રી પદેથી રાજીનામું આપવાની માગ કરી છે.

### રામ મંદિર ચઢાવો ચોરી કેસ

## સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર નવી SITની રચના

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭ :** અયોધ્યા રામ જન્મભૂમિ મંદિર ટ્રસ્ટના ચઢાવામાં થયેલી ચોરી અને નાણાકીય અનિયમિતતાના કેસમાં પારદર્શી અને બિનપક્ષપાતી તપાસ માટે સુપ્રીમ કોર્ટે નવી સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ (SIT)ની રચના કરી છે. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (CJI) સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વી મોહનાની બેંચ સમક્ષ ઉત્તર પ્રદેશ સરકારે પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. રાજ્ય સરકાર તરફથી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ અદાલતને જણાવ્યું કે, સુપ્રીમ કોર્ટના અગાઉના નિર્દેશોનું પાલન કરીને તપાસ માટે ત્રણ વરિષ્ઠ IPS અધિકારીઓની નવી SITની કમાન સોંપવામાં આવી છે.

## હવે E-20 પેટ્રોલના વિરોધમાં ચાર ઓગસ્ટે સંસદ ઘેરવાની તૈયારી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭ :** દિલ્હીમાં જંતર-મંતર પર ૩૬ દિવસના લાંબા વિદ્યાર્થી અને જેન-ઝી આંદોલન પછી હવે વધુ એક આંદોલનની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. પેપર લીક પછી હવે કોકરોચ જનતા પાર્ટીથી પ્રેરિત થઈને 'E20 જનતા પાર્ટી' નામના એક નવા જૂથ અને ઓલ ઈન્ડિયા ટુરિસ્ટ પરમિટ ટેક્સી ડ્રાઈવરો અને ટ્રાન્સપોર્ટરોના સંગઠને ૧૦૦ ટકા શુદ્ધ પેટ્રોલની માગ સાથે ચાર ઓગસ્ટે સંસદ ઘેરવાની જાહેરાત કરી છે.કેન્દ્ર સરકારે હવે દેશમાં E20 પેટ્રોલ એટલે કે ૨૦ટકા ઈથેનોલ મિશ્રિત પેટ્રોલને સ્ટાર્ડર્ડ પેટ્રોલ બનાવી દીધું હોવાથી લોકો પાસે ૧૦૦ ટકા શુદ્ધ પેટ્રોલનો કોઈ વિકલ્પ રહ્યો નથી, જેના કારણે સામાન્ય લોકોના ટુ-વ્હિલર અને ફોર વ્હિલરને ભારે નુકસાન થઈ રહ્યું છે. ઓલ ઈન્ડિયા ટુરિસ્ટ પરમિટ (એઆઈટીપી) ટેક્સી ડ્રાઈવરો અને ટ્રાન્સપોર્ટરોના સંગઠને E-20 પેટ્રોલની નીતિઓ, વાહનોના માઈલેજમાં થઈ રહેલો ઘટાડો અને આકરા નિયમોના વિરોધમાં ચાર ઓગસ્ટે સંસદ માર્ચની જાહેરાત કરી છે.બીજીબાજુ કોકરોચ જનતા પાર્ટીથી પ્રેરિત ઈ-૨૦ જનતા પાર્ટી પણ ૨૦ ટકા ઈથેનોલ મિશ્રિત પેટ્રોલનો સોશિયલ મીડિયા પર વિરોધ કરી રહી છે. તેમની માગ સીધી છે. સરકારે E20 ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ લોકો માટે ફરજિયાત કર્યુ છે તેના બદલે જનતાને ૧૦૦ ટકા શુદ્ધ પેટ્રોલનો વિકલ્પ આપવા માગ કરી છે. સીજેપીની જેમ E20 જનતા પાર્ટી પણ નાગરિકોના નેતૃત્વવાળું ગ્રાહક અધિકાર આંદોલન છે. આ પક્ષની માગ છે કે ટુ-વ્હિલર અને કારો પર પ્રયોગો કરવાના બદલે ૧૦૦ ટકા શુદ્ધ પેટ્રોલ આપવું જોઈએ. E-20 જનતા પાર્ટીના એક્સ પર અંદાજે ૧૩,૦૦૦થી વધુ અને ઈન્સ્ટાગ્રામ પર અંદાજ ૮,૮૦૦થી વધુ ફોલોઅર્સ જોડાઈ ગયા છે.

## રાહુલ ગાંધીને LoP પદેથી હટાવવાની માંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭ :** જંતર-મંતર ખાતે વિદ્યાર્થીઓ પર થયેલી પોલીસ કાર્યવાહીના મુદ્દે વિપક્ષી સાંસદોએ સોમવારે સંસદના મકર દ્વાર પર વિરોધ પ્રદર્શન કર્યું હતું. ગૃહ મંત્રી અમિત શાહ પાસે જવાબદારી નક્કી કરવાની માગ કરી રહેલા વિપક્ષ પર પલટવાર કરતા ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ લોકસભામાં વિપક્ષના નેતા (LoP) રાહુલ ગાંધીના વિદેશ પ્રવાસોની પારદર્શિતા પર સવાલો ઉઠાવતા આ સમગ્ર મામલે વિશેષ તપાસ ટીમ (SIT)ની રચના કરવાની માગ કરી હતી.

નિશિકાંત દુબેએ આરોપ લગાવ્યો હતો કે રાહુલ ગાંધીના પ્રવાસો દરમિયાન જયોર્જ સોરોસના માણસોની હાજરી અને વર્ષ ૨૦૦૮માં કોંગ્રેસ તેમજ ચીન વચ્ચે થયેલી બાબતો આજે પણ રહસ્ય છે, જે પારદર્શિતાના અભાવને દર્શાવે છે. વધુમાં કહ્યું હતું કે જ્યારે વિપક્ષના નેતા વિદેશ પ્રવાસે જાય છે ત્યારે તેમણે દેશના પ્રતિનિધિ તરીકે ભારતની નીતિઓ રજૂ કરવાની હોય છે. પરંતુ રાહુલ ગાંધી જ્યારે પણ વિદેશ ગયા છે ત્યારે તેમણે ભારત, સરકાર અને બંધારણ વિરૂદ્ધ જ નિવેદનો આપ્યા છે.

## પ્રદર્શનના ઉકેલ માટે એક સમાન રાષ્ટ્રીય પ્રોટોકોલની જરૂર : સુપ્રીમ કોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭ :** "શાંતિપૂર્ણ અને કાયદેસર પ્રદર્શન બંધારણ દ્વારા સંરક્ષિત અધિકાર છે. ફક્ત આંદોલન થઈ રહ્યું હોય, તો આ કારણ આપીને પોલીસના દમનને યોગ્ય ઠેરવી શકાય નહીં."

સોમવારે (૨૭ જુલાઈ) જંતર-મંતર પર પ્રદર્શનકારીઓ વિરુદ્ધ પોલીસની કાર્યવાહી સાથે જોડાયેલી અરજીઓ પર સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી કરી છે.

મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે કહ્યું કે, જો પોલીસ તરફથી ક્યાંય પણ અત્યંત બળ પ્રયોગ કરાયો હોય, તો તેની સ્વતંત્ર તપાસ થવી જોઈએ. આ ફક્ત દિલ્હીનો મામલો નથી, પરંતુ સમગ્ર દેશમાં પ્રદર્શનના ઉકેલ માટે એક સમાન રાષ્ટ્રીય પ્રોટોકોલની જરૂર છે.

કોર્ટે કહ્યું કે, લોકશાહીમાં અનુશાસન આવશ્યક છે અને ફક્ત આંદોલન થવાનો મતલબ એ નથી કે પોલીસ લાઠીચાર્જ શરૂ કરી દે. જોકે, અદાલતે એ પણ સ્પષ્ટ કર્યું કે પ્રદર્શન દરમિયાન પોલીસકર્મીઓ સહિત દરેક વ્યક્તિનું જીવન અને સુરક્ષા સમાન રીતે મહત્વની છે. સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો કે, આ મુદ્દા સાથે જોડાયેલી તમામ પેન્ડિંગ અરજીઓને એકસાથે સૂચિબદ્ધ કરવામાં આવે અને કેસની આગામી સુનાવણી આવતી કાલે એટલે કે ૨૮ જુલાઈએ થશે.

નોંધનીય છે કે, પરીક્ષા વ્યવસ્થામાં સુધારા, NEET પેપર લીક મામલે જવાબદારી નક્કી કરવા અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગને લઈને કોકરોચ જનતા પાર્ટી (CJP) ના નેતૃત્વમાં જંતર-મંતર પર ૨૦ જૂને વિદ્યાર્થીઓનો વિરોધ પ્રદર્શન શરૂ થયો હતો. ત્યારબાદ ૨૮ જૂને સોનમ વાંગચુક વિદ્યાર્થીઓના સમર્થનમાં ઉતર્યા અને જંતર-મંતર પર છ કાર્યકર્તાઓ સાથે ભૂખ હડતાળ પર બેસી ગયા. જે પછી CJPના આંદોલને રાષ્ટ્રીય સ્તરે જોર પકડ્યું હતું.

### નંદન નિલેકણી ટાસ્ક ફોર્સ મુદ્દે પવન ખેડાનો તીખો પ્રહાર!

## કોંગ્રેસ વગર મોદી શ્વાસ પણ નથી લઈ શકતા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭ :** નીટ-યુજી પેપર લીક વિવાદ બાદ કેન્દ્ર સરકાર દ્વારા નંદન નીલેકાણીની અધ્યક્ષતામાં રચવામાં આવેલી હાઈ-પાવર્ડ એક્ઝામ ટાસ્ક ફોર્સને લઈને રાજકીય પ્રતિક્રિયાઓનો દોર શરૂ થઈ ગયો છે.

સંસદ ભવન બહાર વાત કરતા કોંગ્રેસ સાંસદ પવન ખેડાએ ભાજપ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે શાસક પક્ષ કોંગ્રેસના નેતાઓ અને તેની લીગસી પર નિર્ભર છે. તેમણે કટાક્ષ કરતા કહ્યું કે આ લોકો કોંગ્રેસ વગર જીવી શકતા નથી અને વડાપ્રધાન મોદીનો દિવસ નેહરૂથી શરૂ થઈને નંદન નીલેકાણી પર પૂરો થાય છે.

કોંગ્રેસ સાંસદ ફુલો દેવી નેતામે આ ટાસ્ક ફોર્સની રચનાને આવકારતા કહ્યું કે વારંવાર સામે આવતી પેપર લીકની ઘટનાઓને રોકવા માટે આવા સુધારા અત્યંત આવશ્યક હતા. જેથી વિદ્યાર્થીઓનો અવાજ સાંભળીને શિક્ષણ પ્રણાલીમાં સુધારો થઈ શકે.




## એડવાન્સ્ડ રીસપ્રટેકે IPO મારફતે ફંડ ઉભું કરવા સેબીમાં DRHP ફાઈલ કર્યા

**સુરત,** ગુજરાત-સ્થિત ઔદ્યોગિક ઓટોમેશન સૉલ્યુશન પ્રોવાઈડર એડવાન્સ્ડ સિસ-ટેક લિમિટેડએ IPO મારફતે ફંડ ઊભું કરવા મૂડીબજાર નિયમનકારક સેબીમાં પ્રાથમિક પેપર ભર્યા છે. કંપનીએ DRHP ફાઈલ કર્યું, જેમાં જણાવ્યા મુજબ, સૂચિત તબ્બમાં રૂ. ૯૮ કરોડ સુધીના ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ અને હાલના શેરધારકો દ્વારા ૨૬ લાખ ઈક્વિટી શેર સુધીના ઑફર-ફૉર-સેલ (OFS) શામેલ છે. કંપની એના ઈક્વિટી શેરનું લિસ્ટિંગ ગ્લ્ચઅને NSE પર કરવાની યોજના ધરાવે છે.કંપનીએ પોતાની વિસ્તરણ યોજનાને ફંડ પૂરું પાડવા અને કાર્યકારી મૂડીની જરૂરિયાતો પૂરી કરવા ફ્રેશ ઈશ્યૂમાંથી ચોખ્ખી આવકનો ઉપયોગ કરવાની યોજના બનાવી છે.

## મીરાબાઈ ચાનુએ કોમનવેલ્થ ગેમ્સમાં સતત ત્રીજી વખત ગોલ્ડ મેડલ જીત્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગ્લાસગો, તા.૨૭ :** ભારતની સ્ટાર વેઈટલિફ્ટર અને ઓલિમ્પિક મેડલ વિજેતા મીરાબાઈ ચાનુએ ફરી એકવાર સમગ્ર દેશનું દિલ જીતી લીધું છે. મીરાબાઈએ ૨૦૨૬ કોમનવેલ્થ ગેમ્સમાં મહિલા ૪૮ કિગ્રા વર્ગમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેમના શક્તિશાળી પ્રદર્શનને કારણે ભારતે ગોલ્ડ મેડલ મેળવ્યો છે. આ જીત સાથે મીરાબાઈ ચાનુએ સતત ત્રણ સિઝનમાં ગોલ્ડ મેડલ જીતીને ગોલ્ડન હેટ્રિક પૂર્ણ કરી છે.



મીરાબાઈ ચાનુએ મહિલાઓના ૪૮ કિગ્રા વર્ગમાં ૮૫ કિગ્રા વજન ઉપાડીને રેકોર્ડ બુકમાં પોતાનું નામ નોંધાવ્યું. તેમણે ત્રીજા પ્રયાસમાં ખૂબ જ સરળતાથી ૮૫ કિગ્રા વજન ઉપાડીને નવો કોમનવેલ્થ રેકોર્ડ બનાવ્યો. તેમણે પહેલા ૮૨ કિગ્રા વજન ઉપાડીને કોમનવેલ્થ ગેમ્સ (CWG) રેકોર્ડ બનાવ્યો અને પછી ૮૫ કિગ્રા વજન ઉપાડીને નવો કોમનવેલ્થ રેકોર્ડ સ્થાપિત કર્યો.

કોમનવેલ્થ ગેમ્સ (CWG)ના ઈતિહાસમાં કોઈપણ ખેલાડી દ્વારા ઉપાડવામાં આવેલું આ સૌથી વધારે વજન છે. આ સિદ્ધિ ફક્ત કોમનવેલ્થ ગેમ્સ પૂરતી મર્યાદિત નથી, તે કોઈપણ મોટી વૈશ્વિક સ્પર્ધા (જેમ કે વર્લ્ડ ચેમ્પિયનશિપ, ઓલિમ્પિક્સ, વગેરે)માં કોઈપણ કોમનવેલ્થ દેશના ખેલાડી દ્વારા સ્થાપિત કરાયેલ સૌથી મહાન રેકોર્ડ તરીકે ઉભરી છે. મીરાબાઈ ચાનુ તેમના પહેલા પ્રયાસમાં નિષ્ફળ ગઈ હતી. બારબેલ ઉપર ઉંચા કર્યા પછી તે ઉભી થઈ શકી નહોતી. બે વખતની કોમનવેલ્થ ગેમ્સ ચેમ્પિયન શરૂઆતમાં વજન પર નિયંત્રણ ધરાવતી દેખાતી હતી, પરંતુ અંતે તેમને પોતાનું સંતુલન ગુમાવ્યું અને તેને છોડવાની ફરજ પડી. જો કે, બાદમાં ૮૫ કિગ્રા વજન ઉપાડીને રેકોર્ડ બુકમાં પોતાનું નામ નોંધાવ્યું.

## વધુ એક NEET સ્ટુડન્ટે આત્મહત્યા કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭ :** એક તરફ જ્યાં નવી દિલ્હીના જંતર-મંતર પર NEET પેપર લીકને લઈને ચાલી રહેલું કોકરોચ જનતા પાર્ટીનું આંદોલન પૂરું થઈ ગયું છે, તો બીજી તરફ આનાથી જોડાયેલા આત્મહત્યાના કિસ્સાઓ અટકવાનું નામ નથી લઈ રહ્યા. હવે મહારાષ્ટ્રના અહિલ્યાનગર જિલ્લામાંથી આવા જ એક સમાચાર સામે આવ્યા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે અહીં કરજત તાલુકાના એક ગામમાં ૧૯ વર્ષની વિદ્યાર્થીની અંકિતા સાંગલેએ NEET પરીક્ષામાં ઓછા માર્ક્સ આવ્યા બાદ તણાવમાં આવીને આત્મહત્યા કરી લીધી છે. નીટ પરીક્ષામાં થયેલા પેપર લીક, રી-એક્ઝામ અને પરિણામોની અનિશ્ચિતતા વચ્ચે ઘણા વિદ્યાર્થીઓ ભારે માનસિક દબાણમાંથી પસાર થઈ રહ્યા હતા. આ પહેલા પણ દેશના અલગ-અલગ ખૂણેથી ઓછામાં ઓછા ૨૦ વિદ્યાર્થીઓએ પેપર લીકને જવાબદાર ઠેરવતા આત્મહત્યા કરી લીધી હતી.

## રાજ્યમાં ‘સાયબર ફાઈનાન્સિયલ ફ્રોડ e-Zero FIR સેવાનો પ્રારંભ

**સાયબર ફ્રોડનો ભોગ બનેલા નાગરિકે હવે પોલિસ સ્ટેશન સુધી જવું નહીં પડે, ઘરબેઠા જ નોંધાશે e-Zero FIR**

**અમારા પ્રતિનિધિ તરફથી, અમદાવાદ, તા.૨૭ :** સાયબર ફ્રોડનો ભોગ બનેલા રાજ્યના નાગરિકોને ઝડપી, સરળ અને અસરકારક ન્યાય ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશ્યથી ગુજરાત સરકારે વધુ એક મહત્વપૂર્ણ ડિજિટલ પહેલ શરૂ કરી છે.ગાંધીનગર ખાતેથી ગૃહ વિભાગના અગ્ર સચિવ સંજીવ કુમાર, રાજ્યના પોલીસ વડા જી.એસ.મલિક, સાયબર ક્રાઈમ સેલના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ પ્રત્યક્ષ રીતે ઉપસ્થિતિમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે ‘સાયબર ફાઈનાન્સિયલ ફ્રોડ e-Zero FIRÓ સેવાનું વિધિવત લોન્ચિંગ કરવામાં આવ્યું છે. જેમાં, ત્જ્પ્ના ઘ્ભ્ રાજેશ કુમાર, રાજ્યના તમામ પોલીસ કમિશનરો, તમામ રેન્જ વડા, પોલીસ અધિક્ષકો અને સાયબર ક્રાઈમ પોલીસ ઈન્સ્પેક્ટરો સહિતના અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓ GSWAN ટેકનોલોજીના માધ્યમથી વર્ચ્યુઅલ રીતે જોડાયા હતા. આ નવી વ્યવસ્થાથી હવે સાયબર છેતરપિંડીનો ભોગ બનેલા નાગરિકોને પ્રાથમિક ફરિયાદ નોંધાવવા માટે પોલીસ સ્ટેશન સુધી જવાની જરૂર રહેશે નહીં. ૧૯૩૦ હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવતાની સાથે જ સંબંધિત કેસની e-Zero FIR આપોઆપ તૈયાર થઈ સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપવામાં આવશે, જેથી કાર્યવાહી વધુ ઝડપથી શરૂ થઈ શકશે.

આ તબક્કે, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ટેકનોલોજીના ઉપયોગ દ્વારા નાગરિકોને ઝડપી અને પારદર્શક પોલીસ સેવા ઉપલબ્ધ કરાવવા માટે સતત પ્રયાસશીલ છે. Óe-Zero FIRÓ વ્યવસ્થાથી સાયબર ફ્રોડના પીડિતોને ઘરબેઠાં જ ફરિયાદ નોંધાવવાની સુવિધા મળશે અને સમયસર કાર્યવાહી થવાથી છેતરાયેલી રકમ બચાવવાની શક્યતા પણ વધશે. આ નવી વ્યવસ્થાના અસરકારક અમલીકરણ માટે રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે તમામ ફિલ્ડ યુનિટોને ગંભીરતા અને સંવેદનશીલતા સાથે કામગીરી કરવાની તથા અરજદારોને ઝડપી ન્યાય સુનિ?િત કરવાની સૂચનાઓ આપી છે. અમદાવાદના એક રહેવાસી ડિજિટલ અરેસ્ટના નામે સાયબર છેતરપિંડીનો ભોગ બન્યા હતા. આ મામલે તેમણે રાજ્યની પ્રથમ e-FIR નોંધાવી છે, જેના આધારે સાયબર ક્રાઈમ વિભાગે ત્વરિત કાર્યવાહી કરીને રૂ. ૧૫.૭૬ લાખથી વધુની રકમ બચાવવામાં સફળતા મેળવી હતી.

## ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસને બૂસ્ટર ડોઝ : રૂા.૨,૯૯૯ કરોડથી વધુના રોકાણ ધરાવતો પ્રોજેક્ટને મંજૂરી

**અમારા પ્રતિનિધિ તરફથી, અમદાવાદ, તા.૨૭ :** ઉદ્યોગ રાજ્યમંત્રી ડૉ. જયરામ ગામીત, અધિક મુખ્ય સચિવો જયંતી રવી, ટી.નટરાજન, મમતા વર્મા સહિતના ઉચ્ચ IAS અધિકારીઓ અને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ સંદીપ એન્જિનીયરની ઉપસ્થિતિમાં નાયબ મુખ્યમંત્રી અને ઉદ્યોગ મંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચસ્તરીય કમિટીઓની શ્રેણીબદ્ધ બેઠકો દરમિયાન મેન્યુફેક્ચરિંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અને રોજગારી નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરતા વિવિધ પ્રોત્સાહક યોજનાઓ હેઠળ રૂા.૨,૯૯૯ કરોડથી વધુના રોકાણ ધરાવતા



ઔદ્યોગિક પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. ગુજરાતને, વિશ્વના સૌથી આકર્ષક રોકાણ સ્થાનોમાંથી એક બનાવવાના વિઝન સાથે ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ હેઠળ ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રિઝ યોજના શરૂ કરવામાં આવી હતી.

આ યોજના રાજ્યમાં સ્થાપિત થતા પાત્રતા ધરાવતા ઉદ્યોગોને નેટ એસ.જી.એસ.ટી. (Net SGST) રિફંડ-સહાય આપે છે. આ નીતિએ અત્યાર સુધીમાં ગુજરાતમાં રુ. ૧૪૮,૩૩૬.૩૫ કરોડના રોકાણને આકર્ષિત કર્યું છે અને ૧,૬૫,૦૫૩ સીધી રોજગારીનું સર્જન કર્યું છે. આ રોકાણોએ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો-MSMEsના વિકાસને પણ ઝડપી બનાવ્યો છે. જેનાથી રાજ્યમાં ઉદ્યોગ-અનુકૂળ ઈકોસિસ્ટમ તૈયાર થઈ છે.

આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય મોટા પાયે રોકાણ આકર્ષીને અને નવા ઔદ્યોગિક પ્રોજેક્ટ્સને પ્રોત્સાહિત કરીને ગુજરાતને એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ, ટેક્નોલોજી અને ઈનોવેશન ક્ષેત્રે અગ્રેસર બનાવવાનો છે. ૨૭મી, જુલાઈએ મોટા ઉદ્યોગોનેઁ ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ આપવા માટેની સમિતિની બેઠક મળી હતી. જેમાં, આ કમિટીએ રૂા.૧,૯૭૭.૦૪ કરોડના કુલ મૂડીરોકાણ ધરાવતી ૩૨ અરજીઓને મંજૂરી આપી હતી. જેનાથી અંદાજે ૪,૭૩૯ સીધી રોજગારી ઊભી થવાની ધારણા છે.

## ધરમપુરના ગામડાઓના રસ્તા મરામતનું કામ ઝડપથી શરૂ





**ધરમપુર, તા.૨૭ :** ધરમપુર તાલુકામાં તાજેતરમાં પડેલા મૂશળધાર વરસાદના કારણે અનેક વિસ્તારોમાં જનજીવનને અસર પહોંચી હતી. ભારે વરસાદને પગલે વિવિધ માર્ગો પર લેન્ડ સ્લાઈડિંગની ઘટનાઓ બની હતી, જ્યારે કેટલાક સ્થળોએ રસ્તા પર ઝાડ પડી જતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો. ઉપરાંત મેજર પુલ તથા માઈનોર પુલના એપ્રોચ રોડને પણ નોંધપાત્ર નુકસાન થતાં ગ્રામ્ય વિસ્તારોમાં અવરજવર મુશ્કેલ બની હતી.

વરસાદી આપત્તિ બાદ પંચાયત માર્ગ અને મકાન પેટા વિભાગ-ધરમપુર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. નુકસાનગ્રસ્ત માર્ગો અને પુલોના એપ્રોચ રોડની સ્થિતિનું નિરીક્ષણ કરી જરૂરી સ્થળોએ તાત્કાલિક મરામત કામગીરી શરૂ કરવામાં આવી હતી.

પંચાયત માર્ગ અને મકાન પેટા વિભાગ-ધરમપુર તેમજ સંબંધિત વિભાગોના સંકલનથી રસ્તાઓ પર પડેલા ઝાડો દૂર કરવા, લેન્ડ સ્લાઈડિંગના કારણે થયેલા નુકસાનની મરામત કરવા તેમજ વરસાદી પાણીના નિકાલ માટે જરૂરી કામગીરી હાથ ધરવામાં આવી હતી. વિવિધ સ્થળોએ મશીનરીની મદદથી યુદ્ધના ધોરણે કામગીરી કરી માર્ગોને ઝડપથી ફરીથી વાહનવ્યવહાર અને સામાન્ય અવરજવર માટે ખુલ્લા કરવામાં આવ્યા છે.

## રાજ્યમાં ૩૦ જુલાઈથી ભારે વરસાદની આગાહી

અમારા -તિનિધિ તરફથી

અમદાવાદ, તા. ૨૭ઁ છેલ્લા બે દિવસથી રાજ્યમાં વરસાદે પોરો ખાધો છે. પરંતુ હાલમાં અપર એર સક્યુલેશન, બે મોન્સૂન ટ્રફ, સાયકોલનિક સર્ક્યુલેશન, ડીપ ડિ્‌શન સહિત પાંચ સિસ્ટમ સક્રિય થતા ૩૦ તારીખથી ફરી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હાલમાં અમદાવાદ સહિત અનેક જિલ્લાઓમાં વરસાદી માહોલ વચ્ચે બાવળાના ગ્રામ્ય વિસ્તારોમાં હજુ પણ પૂર જેવી સ્થિતિ યથાવત છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં નવી વરસાદી સિસ્ટમ સક્રિય થવાને કારણે ફરી એક વખત રાજ્યમાં ભારે વરસાદનો નવો રાઉન્ડ જોવા મળી શકે છે. રાજ્યમાં અત્યાર સુધીમાં અમદાવાદમાં ૪૫ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૭૭.૪૨ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૪૫.૨૨ ટકા, સૌરાષ્ટ્રમાં ૪૩.૫૦ ટકા, ઉત્તર ગુજરાતમાં ૩૯.૫૩ ટકા અને કચ્છમાં સૌથી ઓછો ૧૮.૮૯ ટકા વરસાદ નોંધાયો છે. અમદાવાદ શહેરમાં પણ વહેલી સવારથી વરસાદી માહોલ જોવા મળ્યો હતો. શહેરના લગભગ તમામ વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. આજે સાંજે છ વાગ્યા સુધીમાં કુલ ૧૪૧ તાલુકાઓમાં વરસાદ પડ્યો હતો. જેમાં ૧૫ તાલુકાઓમાં ૧થી ૨ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. જેમાં દાહોદના લીમખેડામા ૨ ઈંચ, ખેડાના મહેમદાબાદમાં ૧.૬૬, બનાસકાંઠના અમીરગઢમાં ૧.૬૮, બનાસકાંઠાના પાલનપુરમાં ૧.૫ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો.

**૧૩ ડેમ ૧૦૦ ટકા ભરાયા : ૨૧ ડેમ હાઈ એલર્ટ પર**

## રાજ્યના ૨૦૭ જળાશયોમાં ૫૪ ટકાથી વધારે પાણી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**ગાંધીનગર, તા.૨૭ :** ગુજરાતમાં ચાલુ મોસમ દરમિયાન થઈ રહેલા સાર્વત્રિક વરસાદ-મેઘમહેરને પરિણામે રાજ્યના મુખ્ય જળાશયોમાં પાણીની આવકમાં સતત વધારો થઈ રહ્યો છે. જળસંપત્તિ વિભાગના તા. ૨૭ જુલાઈ-૨૦૨૬ સવારે ૦૮ કલાકના અહેવાલ મુજબ રાજ્યના કુલ ૨૦૭ જળાશયોમાં ૫૪ ટકાથી વધુ જળસંગ્રહ નોંધાયો છે. રાજ્યના ૧૩ ડેમ ૧૦૦ ટકા ભરાયા છે જ્યારે ૨૧ ડેમ માટે હાઈ એલર્ટ પર જાહેર કરવામાં આવી છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમમાં હાલમાં ૨,૩૧,૩૪૨ MCFT પાણીનો જથ્થો ઉપલબ્ધ છે, જે તેની કુલ સંગ્રહ ક્ષમતાના ૬૯.૨૫ ટકા જેટલો થાય છે. ડેમમાં હાલ ૩,૨૩૨ ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે. આ વર્ષે ૫૪ ટકાની સામે ગત વર્ષે આજના દિવસે રાજ્યના કુલ ૨૦૭ જળાશયોમાં ૬૧ ટકાથી વધુ પાણીનો જથ્થો સંગ્રાયેલો હતો. જ્યારે નર્મદા ડેમ સિવાયના રાજ્યના ૨૦૬ મુખ્ય જળસંગ્રહ સ્થાનોમાં કુલ ૨,૫૩,૩૩૬ MCFT જળસંગ્રહ નોંધાયો છે, જે કુલ સંગ્રહ ક્ષમતાના ૪૫.૪૧ ટકા છે. રાજ્યમાં ૧૩ જળાશયો ૧૦૦ એટલે કે સંપૂર્ણ ભરાયેલા છે. આ ઉપરાંત ૨૬ જળાશય ૯૦થી ૧૦૦ટકા, ૨૮ જળાશયો ૫૦ થી ૭૦ ટકા, ૫૫ જળાશય ૨૫ થી ૫૦ તેમજ ૮૪ જળાશયો ૨૫ ટકા થી ઓછા ભરાયા છે. આ ઉપરાંત તંત્ર દ્વારા ૦૫ જળાશયો એલર્ટ પર જ્યારે ૧૩ જળાશયો માટે વોર્નિંગ જાહેર કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતના દમણગંગા ડેમમાં સૌથી વધુ ૨૭,૪૧૨ ક્યુસેક પાણીની આવક સામે ૩૭ હજારથી વધુ ક્યુસેક પાણીની જાવક નોંધાઈ છે જ્યારે ઉકાઈ જળાશયમાં ૧૧,૬૮૯ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે.

## રાજ્યમાં મોસમનો કુલ ૫૪.૨૮% વરસાદ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**ગાંધીનગર, તા.૨૭ :** ગુજરાતના અનેક જિલ્લાઓમાં સતત વરસાદ પડી રહ્યો છે. ઘણી જગ્યાએ પાણી ભરાયા છે. ભારે વરસાદને કારણે જનજીવન પર અસર પડી છે. અનેક જગ્યાએ રસ્તાઓ પણ બંધ થયા છે. આ સિવાય તંત્રએ નીચાણવાળા વિસ્તારોમાં હજારો લોકોનું સ્થાળાંતર કર્યું છે. ગુજરાતમાં વર્તમાન ચોમાસાની વાત કરવામાં આવે તો અત્યાર સુધી ૪૯૩.૩૧ મિમી વરસાદ પડ્યો છે.

રાજ્ય સરકારે આપેલી માહિતી પ્રમાણે રાજ્યમાં સિઝનનો કુલ ૫૪.૨૮ ટકા (૪૯૩.૩૧ મિમી) વરસાદ નોંધાયો છે. ઝોન વાઈઝ જોવામાં આવે તો દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૭૭.૯૨ ટકા વરસાદ પડ્યો છે. જ્યારે દક્ષિણ-મધ્ય ગુજરાતમાં ૪૫.૫૮ ટકા, સૌરાષ્ટ્રમાં ૪૩.૭૫ ટકા અને ઉત્તર ગુજરાતમાં ૪૧.૨૫ ટકા વરસાદ પડ્યો છે. રાજ્યમાં સૌથી ઓછો વરસાદ કચ્છમાં પડ્યો છે. કચ્છમાં અત્યાર સુધી માત્ર ૧૯.૦૫ ટકા વરસાદ પડ્યો છે. ગુજરાતમાં સતત પડી રહેલા ભારે વરસાદને કારણે લોકોએ પોતાના જીવ પણ ગુમાવ્યા છે. રાજ્યમાં ૨૨ જુલાઈથી શરૂ થયેલા ભારે વરસાદને કારણે ૪૬ લોકોના મોત થયા છે. આ પહેલાં સુરતમાં ખાડીપૂર સમયે ૪૬ ૨૫ લોકોના મોત થયા હતા. અત્યાર સુધી ગુજરાતમાં વરસાદને કારણે કુલ ૭૧ માનવ મૃત્યુ થયા છે.

ગુજરાતમાં વરસાદની સાથે જળાશયોમાં નવા પાણીની આતક થઈ રહી છે. ગુજરાતમાં ૨૦૬ જળાશયો કુલ ક્ષમતાના ૪૫.૪૧ ટકા ભરાયા છે. ૧૩ ડેમ એવા છે જે ૧૦૦ ટકા સંપૂર્ણ ભરાયા છે. ૭૦થી ૧૦૦ ટકા ભરાયેલા ડેમોની સંખ્યા ૨૬ છે. રાજ્યમાં ૨૧ ડેમ હાઈ એલર્ટ પર છે. જ્યારે ૫ ડેમ એલર્ટ અને ૧૩ ડેમ વોર્નિંગ પર છે. રાજ્ય સરકારના આંકડા પ્રમાણે ચોમાસા દરમિયાન કુલ ૫૩૧૧૭ લોકોનું સલામત સ્થળે સ્થાળાંતર કરવામાં આવ્યું છે. વલસાડમાં સૌથી વધુ ૨૧૦૨૮ લોકોનું સ્થાળાંતર કરવામાં આવ્યું છે.

## વલસાડના પત્રકારના પત્ની જલ્પા મહેતાનું નિધન



**વલસાડ, તા. ૨૭ :** વલસાડના વરિષ્ઠ પત્રકાર ચેતન ભુપેન્દ્રભાઈ મહેતાના ધર્મપત્ની અને સાપ્તાહિક અખબારના સહતંત્રી જલ્પાબેન મહેતા (ઉ.વ. ૫૧)ને તા. ૨૩ જુલાઈના રોજ બ્રેઈન સ્ટ્રોક આવતા વલસાડની અમિત હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેઓ મૃત્યુ પામ્યા હતાં.

સ્વ. જલ્પાબેને વર્ષ ૨૦૨૦થી પત્રકાર તરીકે વલસાડ જિલ્લામાં પોતાની કારર્કિદીની શરૂઆત કરી હતી. હાલમાં તેઓ વલસાડથી પ્રસિધ્ધિ થતા રાષ્ટ્રીય જનપ્રતિનિધિ સાપ્તાહિક અખબારના સહતંત્રી તરીકે સેવા આપી રહ્યા હતા. તિથલ ખાતે તેમની સ્મશાન યાત્રામાં મોટી સંખ્યામાં પત્રકારો, તંત્રીઓ, રાજકીય આગેવાનો તેમજ અગ્રણીઓ જોડાયા હતા. તા. ૩૦ જુલાઈને ગુરૂવારે સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી મોરારજી દેસાઈ ઓડિટોરીયમમાં પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

## પંડોરમાં પુરમાં મૃત પામેલ બે વ્યક્તિના પરિવારને રૂા.૪ લાખની સહાય અપાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ચીવલ, તા.૨૭ :** તાજેતરમાં અતિશય ભારે વરસાદના કારણે કપરાડા તાલુકાના પંડોર ગામમાં બનેલી દુ:ખદ ઘટનામાં સ્વ. રમણભાઈ બર્જુલભાઈ પટેલ તથા સ્વ. દેવીબેન સુરેશભાઈ હળપતિનું અવસાન થતાં કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી પંડોર ગામે પહોંચીને પીડિત પરિવારજનોને રૂબરૂ મળ્યા હતાં અને દુ:ખની આ કપરા સમયમાં સાંત્વના પાઠવી હતી. આ પ્રસંગે નાનાપોંઢા તાલુકા પંચાયત પ્રમુખ મનીશાબેન પટેલ, તાલુકા પંચાયત સદસ્ય વિજયભાઈ તેમજ વલસાડ જિલ્લા ભાજપના ઉપપ્રમુખ સુરેશભાઈ પટેલએ પરિવારજનોને સાત્વના આપી તમામ સહાયની ખાતરી આપતા રાજ્ય સરકારની આપત્તિ રાહત યોજના હેઠળ બંને મૃતકોના પરિવારજનોને રૂપિયા ૪ લાખની આર્થિક સહાય અર્પણ કરવામાં આવી હતી. ધારાસભ્ય



જીતુભાઈ ચૌધરીએ સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી કે પીડિત પરિવારોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ ઝડપથી મળે તેમજ જરૂરી દસ્તાવેજી કાર્યવાહી તાત્કાલિક પૂર્ણ કરવામાં આવે. સાથે જ ભારે વરસાદથી અસરગ્રસ્ત અન્ય પરિવારોના નુકસાનનો પણ ઝડપથી સર્વે કરી યોગ્ય સહાય અને વળતર આપવામાં આવે તે માટે ભાર મૂક્યો હતો.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM ABDUR RAHMAN IRSHAD AHMAD TO NEW NAME ABDUR RAHMAN IRSHAD AHMAD SHAIKH AS PER DOCUMENTS

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM AGVAN FARHINBEN RAHIMBHAI TO NEW NAME FARHIN MUBBASIR SOLANKI AS PER DOCUMENTS

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM MAHMUDMIYA IBRAHIM SHAIKH TO NEW NAME MEHMUD IBRAHIM SHAIKH AS PER DOCUMENTS

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM SOLANKI MUBBASIR YUNUSBHAI TO NEW NAME MUBBASIR YUNUS SOLANKI AS PER DOCUMENTS

**No. MAM/SIL/RTS/RBD-DNH/97/Birth/2026/3695 Dated 13/7/2026**

**APPLICANT- Arti Devi,**
**Presently residing at- Haribhai's Chawl, room no.10,**
**Bavisa Faliya, Masat, DNH.**
**Mo 9574251195**

**V/S**

**OPPONENTS- The Registrar of Births & Deaths, Silvassa Municipal Council.**

**NOTICE**

The public to take note that the above, named applicant Arti Devi's daughter, namely Kumkum Shaha, who was born on 10/08/2015 at Shri Vinoba Bhave Civil Hospital, Silvassa, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Silvassa Municipal Council. Hence, the applicant has moved on application to pass an order to register birth of Kumkum Shaha. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

**Sd/-**
**RTS-I**


દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com



ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ
લોફર શુઝ
સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ
પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ
ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂા.300/-
દિવાળી ધમાકા
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂા.300/-
Rs.300/-
Rs.300/-
Rs.300/-
Rs.300/-
દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો
ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેકશન
કાપડીયા કોમ્પેલક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403
સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ

દરેક બ્રાન્ડેડ કંપનીના
શુટીંગ, શર્ટીંગ તથા
લેટેસ્ટ ડીઝાઇનમાં
ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા
સીલાઈ સાથે રૂા.5000/-
The Complete Man Raymond
dinesh SUITING
Siyaram's SHOP
DONEAR SUITINGS & SHIRTINGS
DIGJAM
NIRVĀN SHIRTINGS
ICON ashima LUXURY FABRICS
Kriplon
LORD'S
MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200






Tuesday 28, July 2026

# દમણગંગા ટાઈમ્સ


## ડુંગરીમાં ટ્રેન અડફેટે અજાણ્યાનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૨૭ :** ડુંગરી રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૨ ની ઉત્તરે આવેલી અપ રેલવે લાઈન (કિલોમીટર નંબર ૨૦૭/૭-૯) પર સોમવારે ટ્રેન નંબર ૧૨૯૬૨ ઈન્દોર એક્સપ્રેસની અડફેટે આવી જતાં આશરે ૪૦ થી ૪૫ વર્ષના એક અજાણ્યા પુરુષનું ઘટનાસ્થળે જ અકસ્માતે કચડાઈ જવાથી કરૂણ મોત નીપજ્યું છે. આ બનાવ અંગે વલસાડ રેલવે પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોત નંબર ૪૮/૨૦૨૬ હેઠળ ગુનો નોંધી બીલીમોરા રેલવે પોલીસ સ્ટેશનના એએસઆઈ મહેશકુમાર ખાંડેરાવ દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે

## દાદરા ચેકપોસ્ટ પાસે યુવકનો મોબાઈલ આંચકી બે ફરાર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** દાદરા ચેકપોસ્ટ પાસે મોપેડ પર આવેલા બે અજાણ્યા શખ્સોએ યુવક પાસેથી રૂ.૩૦,૦૦૦/-ની કિંમતનો મોબાઈલ આંચકીને ફરાર થઈ જવાની ઘટના બની છે. આ અંગે ડુંગરા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદ મુજબ, નીપુકુમાર રામ વ.ર. ૨૧, રહે. દાનહ હાલ એક ચાલીમાં મૂળ રહે બિહાર જે દાદરની કંપનીમાં નોકરી કરે છે. તા. ૨૬/૦૩/૨૦૨૬ ના રોજ સવારે ૯:૧૦ વાગ્યાના સુમારે તે દાદરા ચેકપોસ્ટ પાસેથી વાપી તરફ જતા રોડ પર મોબાઈલ પર વાત કરતો ઘરે જઈ રહ્યો હતો. તે સમયે પાછળથી એક મોપેડ પર આવેલા બે શખ્સો નજીક આવ્યા. પાછળ બેઠેલા શખ્સે અચાનક તેના હાથમાંથી રીયલમી કંપનીનો ૧૫-પ્રો મોડલનો એન્ડ્રોઈડ મોબાઈલ આંચકી લીધો અને ફરાર થઈ ગયા હતાં બનાવ વખતે મોપેડનો નંબર કે શખ્સોની ઓળખ થઈ શકી ન હતી. યુવકે તરત જ પોલીસનો સંપર્ક કર્યો હતો. ફરિયાદના આધારે પોલીસે ત્ભ્દ ની કલમો હેઠળ ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે અને આસપાસના સીસીટીવી ફૂટેજ પણ ચકાસી રહી છે.



### અલૂણા અને જયાપાર્વતી વ્રતનો પ્રારંભ

શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે પાંચ દિવસના અલૂણા વ્રત અને જયાપાર્વતી વ્રતનો પ્રારંભ થયો છે. સેલવાસના આમલી સ્થિત રામજી મહાદેવ મંદિરે વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે બ્રાહ્મણોના સાન્નિધ્યમાં વિશેષ પૂજા-અર્ચનાનું આયોજન કરવામાં આવ્યું હતું. યુવતીઓએ જવારા સ્થાપીને ભગવાન શિવ અને માતા પાર્વતીની વિધિવત પૂજા કરી ઉત્તમ સ્વાસ્થ્ય, યોગ્ય જીવનસાથી તથા પરિવારના સુખ-સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

## ડાંગની ધસમસતી ખાપરી નદીમાં રિવર રાફ્ટિંગનો સ્ટંટ યુવકોને ભારે પડયો

**આહવાનાં ૬ યુવકોએ એક તરાપા જેવા સાધનથી ધસમસતા પૂરના પાણીમાં જોખમી સ્ટંટનો વિડિયો ઈન્સ્ટાગ્રામ આઈડી પર રીલ બનાવીને અપલોડ કર્યો હતો : રીલ વાયરલ થતાં ધરપકડ કરી**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૭ :** ડાંગ જિલ્લામાં હાલ સાર્વત્રિક ભારે વરસાદના કારણે નદીઓ, નાળાઓ અને ઝરણાઓમાં ઘોડાપૂર આવી રહ્યા છે. આવી ગંભીર અને જોખમી પરિસ્થિતિમાં વહીવટીતંત્ર અને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરી નદી, તળાવ, ચેકડેમ અને ધોધમાં પ્રવેશવા કે ઉતરવા પર સખત પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આમ છતાં, સોશિયલ મીડિયા પર વિડિયો વાયરલ કરી લાઈક્સ અને ફોલોઅર્સ મેળવવાના મોહમાં કેટલાક આહવાનાં યુવાનો પોતાના જીવના જોખમે ખતરનાક સ્ટંટ કરતા અટકતા નથી. આવો જ એક કિસ્સો ડાંગ જિલ્લામાં સામે આવ્યો છે, જ્યાં ધસમસતા પૂરમાં રિવર રાફ્ટિંગનો સ્ટંટ કરનારા આહવાનાં ૬ યુવકો સામે ડાંગ SOG પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી છે.

ઘટનાની પ્રાપ્ત વિગતો અનુસાર, ડાંગ જિલ્લાના આહવા તાલુકાના દેવીનામાળ ખાતે આવેલ ખાપરી નદીમાં વડદહાડ પુલ પાસે ૨૬ જુલાઈ ૨૦૨૬ના રોજ આહવાનાં ૬ યુવકોએ એક દેશી બોટ (તરાપા જેવું સાધન) લઈને ધસમસતા પૂરના પાણીમાં રિવર રાફ્ટિંગ કરવાનો અત્યંત જોખમી સ્ટંટ કર્યો હતો. યુવકોએ આ ભયાનક સ્ટંટનો વિડિયો શૂટ કરી પોતાની ઈન્સ્ટાગ્રામ આઈડી પર રીલ બનાવીને અપલોડ કર્યો હતો. આ વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં જ ડાંગ પોલીસ હરકતમાં આવી હતી.ડાંગ જિલ્લા પોલીસ વડા પૂજા યાદવનાં માર્ગદર્શન હેઠળ SOG પોલીસ સબ ઈન્સપેક્ટર એમ. જી. શેખ અને તેમની ટીમે વાયરલ વિડિયો અને ઈન્સ્ટાગ્રામ આઈડીના આધારે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી.પોલીસે વાયરલ વિડિયોના આધારે સ્ટંટ કરનાર તમામ ૬ યુવકોની ઓળખ કરી લીધી હતી અને તેમને ઝડપી પાડી ડાંગ આહવા SOG શાખા ખાતે લાવી તેમની અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ડાંગ પોલીસ દ્વારા સામાન્ય જનતા અને યુવાનોને અપીલ કરવામાં આવી છે કે ચોમાસાની આ ગંભીર પરિસ્થિતિમાં સોશિયલ મીડિયામાં વાહવાહ મેળવવા માટે નદીઓ, ધોધ કે પૂરના પાણીમાં ઉતરી પોતાના કે અન્યોના જીવ જોખમમાં મૂકે તેવા ખતરનાક સ્ટંટ ન કરવા. જાહેરનામાનો ભંગ કરનાર સામે આવી જ રીતે કડકમાં કડક કાયદાકીય પગલાં લેવામાં આવશે.

## છીપવાડના અન્ડરપાસમાં હજુ ગંદા-ગંધાતા પાણીનો ભરાવો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૨૭ :** ગત તા. ૨૩-૨૪ના મહાપૂરથી ઔરંગા નદીએ વલસાડ શહેરના નીચાણવાળા ભાગોમાં કચ્ચરઘાણ વાળ્યો હતો, હજારો લોકોને બે ઘર ઘરવખરી વગરના કર્યા અને દુકાનદારોને કરોડો રૂપિયાનું નુકસાન કર્યું હતું.

સ્મશાનભૂમિ પાસેના કૈલાશ રોડના નીચાપુલને ખેદાન મેદાન કરી નાખ્યો અને નવા પીલરના ટોચ સુધી પાણી ફરી વળ્યાં હતાં. માર્ગ મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર જતીન પટેલના જણાવ્યા અનુસાર રવિ-સોમ માં જુના પુલની સપાટીને યુદ્ધના ધોરણે સમતળ કરવામાં આવી હવે વાહન વ્યવહાર શરૂ થશે પણ મુખ્ય મોકાણ છીપવાડ અંડરપાસની છે જેમાં આજની સાંજે લેવાયેલી છબીમાં અંડરપાસમાં એકાદ મીટર જેટલા અત્યંત ગંદા ડહોળા દુર્ગંધ મારતા પાણીનો ભરાવો થયેલો છે અને તેની આજુબાજુ કચરો, માટી, પેવર વિ.ના ઢગલા છે જેની સાફ સફાઈ કરવામાં આવી નથી. વધુમાં માર્ગ મકાનના અંડરપાસ ની પૂર્વ ઉત્તર બાજુ લગભગ ત્રીસેક ફૂટનું ગાબડું અને ધોવાણ થયેલું છે જેના કાટમાળે પણ ગટરમાં પુરાણ કરીને સાંકડી કરી નાખી છે જેથી ગંદાપાણીનો ઝડપી નિકાલ થતો નથી. અંડરપાસમાં વાહન ચલાવવું પણ ધોવાણ થતાં ભારે મુશ્કેલ બન્યું છે. આ અંડરપાસ નુ કોઈ ધણી ધોરી નથી તેવું સરકારી તંત્રો વલણ અપનાવે છે. કડિયા પુલનું સમારકામ બે દિવસ ચાલ્યું તે દરમિયાન આ અંડરપાસનું પણ સમારકામ થવું જોઈતું હતુ જે માટે કોઈપણ સક્રિય ન થતાં પરિસ્થિતિ અત્યંત ભયાનક છે અને દ્વિચક્રીચાલકોથી લઈને તમામ વાહનો અંડરપાસમાંથી ક્યારે પસાર થઈ શકશે તે મહાપ્રશ્ન છે. રાહદારીને ચાલીને જવામાં પણ મુશ્કેલી છે. હાલમાં પુલ પર ગરનાળામાં પાણી હોય ખબર પડતા લોકો પરત થાય છે. ધારાસભ્ય, સંસદ સભ્ય, વલસાડ નગરપાલિકા, માર્ગ મકાન વિભાગ અને રેલ્વે સંયુક્ત રીતે સફાઈ અભિયાન ચલાવી તાત્કાલિક વલસાડ ગુંદલાલ ખેરગામના ૪૦ ગામડાનો સીધો વહેવાર ચાલુ કરાવે તેવી લોકમાંગ છે.

## વાપીની આદર્શ સોસાયટીમાં વીજ પુરવઠો ખોરવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** વાપી જીઆઈડીસી વિસ્તારમાં ન્યૂ હાઉસિંગ બોર્ડ સામે આવેલી આદર્શ સોસાયટીમાં ૧ દિવસથી વીજ પુરવઠો બંધ રહેતા રહેવાસીઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. વીજળી ન હોવાને કારણે પીવાના પાણીની સપ્લાય ખોરવાઈ ગઈ છે, જ્યારે ઘરના દૈનિક ઉપયોગના તમામ વીજ ઉપકરણો પણ બંધ થઈ જતા લોકો મુશ્કેલીમાં મુકાયા છે. મળતી માહિતી મુજબ, ગુંજન ખાતેથી પસાર થતા વાપી-કોપરલી રોડ પર આવેલી આદર્શ સોસાયટીમાં અંદાજે ૧૫થી ૨૦ જેટલી બિલ્ડિંગો ઉપરાંત અનેક રો હાઉસ અને બંગલાઓ આવેલાં છે. સમગ્ર વિસ્તારમાં છેલ્લા બે દિવસથી વીજ પુરવઠો ખોરવાતા અનેક રહેવાસીઓ પ્રભાવિત થયા છે.

સ્થાનિકોએ વીજ કંપનીમાં અનેક વખત રજૂઆતો કરી હોવા છતાં હજુ સુધી વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવ્યો નથી. પરિણામે પાણીની અછત થી લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રહેવાસીઓએ વીજ વિભાગ કંપનીને તાત્કાલિક રિપેરિંગ કામગીરી પૂર્ણ કરી વીજ પુરવઠો વહેલી તકે શરૂ કરવાની માંગ કરી છે, જેથી લોકોને પડી રહેલી મુશ્કેલીમાંથી રાહત મળી શકે.

## ગણદેવીમાં ૫૮ માર્ગો પર વાહનવ્યવહાર ફરી શરુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૨૭ :** ચાલુ ચોમાસા દરમિયાન ભારે વરસાદ અને પૂરની પરિસ્થિતિ સર્જાતાં ગણદેવી તાલુકાના કુલ ૫૮ જેટલા મુખ્ય અને આંતરિક રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા, જેના કારણે વાહન વ્યવહાર સંપૂર્ણપણે ઠપ થઈ ગયો હતો. પૂરના પાણી ઓસરતાં જ માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગ ગણદેવીની ટીમે તાત્કાલિક હરકતમાં આવીને યુદ્ધના ધોરણે રસ્તા મરામત અને સાફ-સફાઈની કામગીરી હાથ ધરી હતી. આ પૂર દરમિયાન ઊંડાચ, પાથરી, ધનોરી, માણેકપોર, વેગામ, ગડત, દેવધા, કેસલી અને ભાઠા જેવા ગ્રામ્ય વિસ્તારોમાં ૧૫ જેટલા રસ્તાઓ ભારે ધોવાણ થવાથી કે અવરોધાવવાથી ક્ષતિગ્રસ્ત થયા હતા. જોકે, તંત્ર દ્વારા ત્વરિત સમારકામ હાથ ધરીને બંધ થયેલા માર્ગોને ઝડપથી ખુલ્લા કરવામાં આવતાં વાહનવ્યવહાર ફરીથી પૂર્વવત ધબકતો થયો છે. બીજી તરફ, કાંઠા વિસ્તારના ગામોમાં પૂરના પાણી ઓસર્યા બાદ રસ્તાઓ પર મોટા પ્રમાણમાં કાદવ કીચડનું સામ્રાજ્ય પથરાઈ ગયું હતું, જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓને પસાર થવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો.

લોકમુશ્કેલીને ધ્યાને રાખી ગણદેવી માર્ગ અને મકાન પંચાયત વિભાગના ઈજનેર કેતન પટેલ અને તેમની ટીમે જેસીબી, ટ્રેક્ટર તથા વોટર ટેન્કરો સાથે સ્થળ પર પહોંચી રસ્તા પરથી કાદવ-કીચડ દૂર કરી માર્ગો ધોઈ સાફ કરવાની ત્વરિત કામગીરી કરી હતી. તંત્રની આ કામગીરીથી ગ્રામજનો અને વાહનચાલકોને મોટી રાહત મળી હતી.

## સેલવાસમાં મોદીનો વાઈબ્રન્ટ વિલેજ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૭ :** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિકાસિત વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ-૨૦૨૬ હેઠળ દેશભરના સહભાગીઓ અને યુવાનો સાથે વર્ચ્યુઅલી વાર્તાલાપ કર્યો. આ કાર્યક્રમનો ઉદ્દેશ સરહદી ગામડાઓના યુવાનોને રાષ્ટ્ર નિર્માણના મુખ્ય પ્રવાહ સાથે જોડવાનો અને વિકસિત ભારત માટેના સંકલ્પને મજબૂત બનાવવાનો છે. માય ભારત સ્વયંસેવકો અને દાદરા અને નગર હવેલી અને દમણના વિકાસિત વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામના સહભાગીઓએ સિલ્વાસાના કલેક્ટર કચેરી ખાતેના કોન્ફરન્સ હોલમાંથી આ વર્ચ્યુઅલ વાર્તાલાપમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. યુવાનોએ પ્રધાનમંત્રીના પ્રેરણાદાયી વિચારો સાંભળ્યા અને સરહદી વિસ્તારોના વિકાસ, યુવાનોની ભૂમિકા અને વિકાસિત ભારત ૨૦૪૭ ના વિઝન વિશે મૂલ્યવાન સમજ મેળવી હતી.

આ પ્રસંગે, દાદરા અને નગર હવેલીના માય ભારત સ્વયંસેવક દિવ્યાંશ જોશીને આ રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમનું સંચાલન કરવાનો લહાવો મળ્યો. દેશભરના સહભાગીઓ સમક્ષ તેમના ઉત્કૃષ્ટ વર્તનથી દાદરા અને નગર હવેલીને રાષ્ટ્રીય સ્તરે ગૌરવ અપાવ્યું હતું. આ સિદ્ધિ રાજ્યના યુવાનો માટે પ્રેરણારૂપ છે અને માય ભારત દ્વારા તેમને ઉપલબ્ધ તકોનું ઉત્તમ ઉદાહરણ છે.કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રીએ યુવાનોને અપીલ કરતા કહ્યું કે સરહદી ગામડાઓ વિકસિત ભારતનો મજબૂત પાયો છે અને આ વિસ્તારોના યુવાનોની ઉર્જા, નવીનતા અને ભાગીદારી દેશના ભવિષ્યને નવી દિશા પ્રદાન કરશે. તેમણે યુવાનોને રાષ્ટ્ર નિર્માણમાં સક્રિયપણે યોગદાન આપવા અને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા હાકલ કરી હતી.

## બારોલીયા સરકારી શાળા અને કંપનીની દિવાલ તોડનાર બે સામે ગુનો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૭ :** ધરમપુર તાલુકાના બારોલીયા નિશાળ ફળિયામાં આવેલી સરકારી પ્રાથમિક શાળાની કંપાઉન્ડ દિવાલ અને બાલા પ્રોજેક્ટના યુનિટોને જેસીબી વડે તોડી પાડવાના મામલે ધરમપુર પોલીસ મથકે બે વ્યક્તિઓ સામે ગુનો નોંધાયો છે. પોલીસ ફરિયાદ મુજબ, શાળાના આચાર્ય જિજ્ઞેશભાઈ જયંતીલાલ ટેલરે નોંધાવેલી ફરિયાદના આધારે બારોલીયા ગામના ઈલેશભાઈ રમણભાઈ પટેલ તથા જેસીબી ચાલક જેનું સંપૂર્ણ નામ-સરનામું જાણી શકાયું નથી જે બાબતે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે તા. ૨૬ જુલાઈના રોજ સરકારી મિલકત હોવાની જાણ હોવા છતાં જેસીબીની મદદથી શાળાની કંપાઉન્ડ દિવાલ અને બાલા પ્રોજેક્ટના યુનિટોને જાણી-જોઈને તોડી પાડવામાં આવ્યા હતા. આ ઘટનામાં સરકારી શાળાને અંદાજે ?૩ લાખનું નુકસાન થયું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ધરમપુર પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


CBSE AFFILIATED - 430373

RAJHANS EDUCATION TRUST'S

VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)

unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10


12th Year Anniversary

SPECIAL OFFERS

% Early Bird Discount
Till 31st March

FREE Textbooks
From Nursery to Std 10

Special Concession
On Admission Fees





Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10

Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328

ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191


## આહવામાં ગૌમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરવા આવેદન



**સાપુતારા, તા. ૨૭ :** ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે ગૌમાતાને 'રાષ્ટ્રમાતા'નો દરજ્જો આપવાની પ્રબળ માંગ સાથે એક વિશાળ જનજાગૃતિ અને રજૂઆતનો કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે રાષ્ટ્રપતિ,પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને સંબોધીને ડાંગ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં સંત શિરોમણી પી.પી. સ્વામીજી, પૂજ્ય સાધ્વી હેતલ દીદી, સાધ્વી યશોદા દીદી સહિત સમગ્ર ડાંગ જિલ્લાના મોટી સંખ્યામાં ગૌભક્તો અને ગૌપ્રેમીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.આવેદનપત્રમાં મુખ્યત્વે જણાવવામાં આવ્યું હતું કે અગાઉ ગુરુવાર, ૭ મે, ૨૦૨૬ના રોજ રાજ્યભરના તમામ તાલુકાઓમાંથી ગૌસન્માન અર્થે રજૂઆતો કરવામાં આવી હતી, જેના ભાગરૂપે ૧૫ હજારથી વધુ ગૌભક્તોના હસ્તાક્ષર ધરાવતા કુલ ૫૫૯ પૃષ્ઠોના સમર્થન દસ્તાવેજો સરકારને સોંપવામાં આવ્યા છે. અંતમાં, ગૌપ્રેમીઓએ એવી આશા વ્યક્ત કરી હતી કે સરકાર ગૌમાતાના સન્માન અને સંરક્ષણ બાબતે સંવેદનશીલતા દાખવી ઝડપી નિર્ણય લેશે અને દેશભરના ગૌભક્તોની ભાવનાઓનું સન્માન કરશે.

## વાપીમાં હજુ પણ કેટલાક વિસ્તારોમાં ગટરો જામ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** ભારે વરસાદ બાદ પણ વાપીના કેટલાક વિસ્તારોમાં ગટરો જામની સમસ્યા યથાવત છે. મનપાની પ્રિ-મોન્સુન કામગીરીની પોલ ખૂલી છે.

બલીઠા રોડ ઉપર સત્ય રેસીડેન્સી આગળ અને ગીતાનગરના મુખ્ય માર્ગ પર ગટરના ચેમ્બરો ઉભરાઈ રહ્યા છે. દુર્ગંધ સાથે ગંદુ પાણી રોડ પર વહી રહ્યું છે. જેના કારણે વાહન




ચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

વધુ ગંભીર બાબત એ છે કે રહેણાંક વિસ્તારોમાં એપાર્ટમેન્ટમાં પાણી ભરાવાની ફરિયાદો વધી છે. તંત્ર દ્વારા સમયસર નિકાલ ન થતા સ્થાનિકો પોતાના ખર્ચે મજૂરો રાખીને મુખ્ય રોડની ગટરના ચેમ્બર સાફ કરાવવા મજબૂર બન્યા છે.વારંવાર રજૂઆતો છતાં તંત્ર દ્વારા યોગ્ય પગલા ન લેવાતા નાગરિકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

ચોમાસા દરમિયાન આરોગ્યની સમસ્યા ન સર્જાય તે માટે તાત્કાલિક ગટર સફાઈની માંગ ઉઠી છે.

## ચીખલી હોમગાર્ડ યુનિટ દ્વારા ચીખલી કાવેરી નદી કિનારે સફાઈ અભિયાન હાથ ધરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૨૭ :** ચીખલી કાવેરી નદીમાં આવેલા પૂરને કારણે ચીખલી ઓવારાની પરિસ્થિતિ ઘણી ખરાબ થઈ ગઈ હતી.

કાદવ,કીચડ અને ઝાડી ઝાંખડા પૂરના પાણીમાં ખેંચાઈ આવતા જેની સાફ-સફાઈ કરવા માટે નવસારી જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ અમિતાબેન પટેલ અને ચીખલીના સરપંચ ની આગેવાનીમાં ચીખલી હોમગાર્ડ યુનિટના ઈન્ચાર્જ ઓફિસર ચિરાગ એમ. રાઠોડ અને તેમની ટીમના સભ્યો દ્વારા કાવેરી નદી કિનારે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.


**દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો**

www.damangangatimes.com



**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**